
ISSN-0971-8397

# યોજના

ડિસેમ્બર-૨૦૧૯ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૨૨



## શહેરીકરણ

ફોકસ

ભારતમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોઃ હકીકત અને ભ્રમ
અનિરુદ્ધ કૃષ્ણ

વિશેષ લેખ


'અમૃત' દ્વારા શહેરી માળખાગત સુવિધાઓનું નિર્માણ
દુર્ગા શંકર મિશ્રા

ગતિશીલતા પ્રતિભાવશીલ કરવા શહેરી આયોજન
અમિતા ભીડે

ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯
શીતલ કપૂર

શહેરીકરણ અને અનૌપચારિક ક્ષેત્ર
અરૂપ મિત્રા

# પ્રધાનમંત્રીએ એકીકૃત ચેક પોસ્ટનું ઉદ્‌ઘાટન કર્યું અને કરતારપુર સાહિબ કોરિડોર ખાતે યાત્રાળુઓના પ્રથમ સમૂહને રવાના કર્યો




પ્રધાનમંત્રીએ ૯ નવેમ્બર, ૨૦૧૯ના રોજ પંજાબના ગુરદાસપુર ખાતે એકીકૃત ચેક પોસ્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને કરતારપુર સાહિબ કોરિડોર ખાતે યાત્રાળુઓના પ્રથમ સમૂહને રવાના કર્યો હતો. તેમણે કરતારપુર કોરિડોરનું ઉદ્‌ઘાટન કર્યું તે પહેલાં ગુરુ નાનકદેવજીના જીવન પર આધારિત ડિજિટલ ઇન્સ્ટોલેશન અને પેસેન્જર ટર્મિનલ બિલ્ડિંગનો ગાઇડેડ પ્રવાસ કર્યો હતો. તેમણે યાત્રાળુઓનો પ્રથમ સમૂહ રવાના થયો તે પહેલાં તેમની સાથે વાર્તાલાપ પણ કર્યો હતો.

**એકીકૃત ચેક પોસ્ટ, કરતારપુર કોરિડોર:** એકીકૃત ચેક પોસ્ટ ભારતીય યાત્રાળુઓને પાકિસ્તાનમાં ગુરુદ્વારા કરતારપુર સાહિબની મુલાકાત લેવાની સુવિધા પૂરી પાડશે. ભારતે આંતરરાષ્ટ્રીય સરહદે, ડેરા બાબા નાનક ખાતે ઝીરો પોઇન્ટ પર આવેલા કરતારપુર સાહિબ કોરિડોરને કાર્યરત કરવા માટે તેના પર અવરજવર શરૂ કરવા ૨૪ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ પાકિસ્તાન સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુરુ નાનક દેવજીની ૫૫૦મી જન્મજંયતીના ઐતિહાસિક પ્રસંગની સમગ્ર દેશ અને દુનિયામાં ઉજવણી કરવા માટે કેન્દ્રીય કેબિનેટ દ્વારા ૨૨ નવેમ્બર ૨૦૧૮ના રોજ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય કેબિનેટ દ્વારા ડેરા બાબા નાનકથી આંતરરાષ્ટ્રીય સરહદ સુધી કરતારપુર સાહિબ કોરિડોરનું બાંધકામ અને વિકાસ કરવા માટે પણ મંજૂરી આપવામાં આવી હતી જેથી ભારતના યાત્રાળુઓ આખા વર્ષ દરમિયાન સરળતાથી અને શાંતિપૂર્વક ગુરુદ્વારા દરબાર સાહિબ કરતારપુરની મુલાકાત માટે જઇ શકે. આ સમજૂતી કરાર અને યાત્રાળુ માટે કરવામાં આવેલી જોગવાઇઓની મુખ્ય બાબતો આ પ્રમાણે છે:

- અમૃતસર-ગુરદાસપુરથી ડેરા બાબા નાનકને જોડતો ૪.૨ કિમીનો ફોર લેન ધોરીમાર્ગ રૂપિયા ૧૨૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.
- ૧૫ એકર જમીનમાં પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કક્ષાનું પેસેન્જર ટર્મિનલ બિલ્ડિંગ તૈયાર કરવામાં આવ્યું છે. એરપોર્ટ જેવું સંપૂર્ણ એરકન્ડિશન્ડ બિલ્ડિંગ ૫૦થી વધુ ઇમિગ્રેશન કાઉન્ટર્સ ધરાવે છે, જેથી અંદાજે ૫૦૦૦થી વધુ યાત્રાળુને દરરોજ સુવિધા પૂરી પાડી શકાય;
- તેમાં કીઓસ્ક, વૉશરૂમ, ચાઇલ્ડ કૅર, પ્રાથમિક સારવાર મેડિકલ સુવિધા, પૂજારૂમ અને નાસ્તાનાં કાઉન્ટર્સ સહિત તમામ જરૂરી જાહેર સુવિધાઓ બિલ્ડિંગની અંદર જ રાખવામાં આવી છે.
- CCTV સર્વેલન્સ અને જાહેર માર્ગદર્શન સિસ્ટમ સહિત ચુસ્ત સુરક્ષા ધરાવતી માળખાકીય સુવિધા ઊભી કરવામાં આવી છે;
- તમામ સંપ્રદાયના ભારતીય મૂળના ભારતના યાત્રાળુઓ આ કોરિડોરનો ઉપયોગ કરી શકે છે;
- મુસાફરી વિઝામુક્ત રહેશે અને યાત્રાળુઓએ માત્ર પોતાની પાસે માન્ય પાસપોર્ટ રાખવો પડશે;
- ભારતીય મૂળના લોકોએ પાસપોર્ટ ઉપરાંત પોતાની પાસે તેમના દેશનું OCI કાર્ડ રાખવાનું રહેશે.

નોંધણી માટેનું પોર્ટલ: prakashpurb550.mha.gov.in.



સ્ત્રોત: પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરો.

ISSN-0971-8397

www.yojana.gov.in

# ડિસેમ્બર-૨૦૧૯ યોજના

*Let noble thoughts come to us from all sides - Rig Veda*

વિકાસને સમર્પિત

વર્ષ : ૪૭ અંક : ૦૯ સળંગ અંક : ૮૨૮ કિંમત : ₹ ૨૨

**અપર મહાનિદેશક:** ડૉ. ધીરજ કાકડિયા
**મુખ્ય તંત્રી** : રાજીન્દર ચૌધરી
**તંત્રી** : જે. એસ. પટેલ

| | | |
|---|---|---|
| છૂટક નકલ | : | ₹ ૨૨-૦૦ |
| વાર્ષિક લવાજમ | : | ₹ ૨૩૦-૦૦ |
| બે વર્ષ | : | ₹ ૪૩૦-૦૦ |
| ત્રણ વર્ષ | : | ₹ ૬૧૦-૦૦ |

લવાજમની રકમ **"S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)"**ના નામે ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટથી સરનામે મોકલી શકાશે.

**લવાજમ માટે**
**"yojanagujarati@gmail.com"** પર e-mail કરવો, માર્ગદર્શિકા અને સબસ્ક્રિપ્શન ફોર્મ માગવું. સાથે તમારું પૂરું નામ-સરનામું, પિન કોડ, ઈમેલ-આઈ.ડી., મોબાઈલ નંબર મોકલવા. યોજના (ગુજરાતી)નું લવાજમ ઑનલાઈન ભરી શકાશે :

(1) https://bharatkosh.gov.in/Product/Product
(2) https://www.publicationsdivision.com/beta01/
(3) http://yojana.gov.in

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, હિંદી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

*DISCLAIMER : The views expressed in various articles are those of the authors' and they do not necessarily reflect the views of the Government or the organisation they work for. Maps, flags, photos & design are only indicative. They do not reflect the political map or legal representation of the flag of India / any other country.*

**www.publicationsdivision.nic.in**
**@DPD_India**
Kindly inform us if photocopies of Yojana are being sold.

## વિષયસૂચિ

**ભારતમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોઃ હકીકત અને ભ્રમ**
અનિરુદ્ધ કૃષ્ણ ..... ૫

**અમૃત દ્વારા શહેરી માળખાકીય સુવિધાઓનું નિર્માણ**
દુર્ગા શંકર મિશ્રા ..... ૧૨

**ગતિશીલતા પ્રતિભાવશીલ કરવા શહેરી આયોજન**
અમિતા ભીડે ..... ૧૯

**ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯**
શીતલ કપૂર ..... ૨૩

**વર્તમાન બાબતોઃ ભારતના નકશા** ..... ૨૮

**શહેરીકરણ અને અનૌપચારિક ક્ષેત્ર**
અરૂપ મિત્રા ..... ૩૨

**કુદરતી વનરક્ષણનો વિકાસ**
જી. ચંદ્રશેખર રેડ્ડી ..... ૩૭

**સહકારી માળખા સાથે પરાળ સળગાવવાની સમસ્યાનો ઉકેલ**
એસ.એસ.છિના ..... ૪૨

**શહેરો, પરાં વિસ્તાર અને અંતરિયાળ વિસ્તાર**
વી નાથ ..... ૪૪

**વિકાસની રૂપરેખાઃ મિશન ઈન્દ્રધનુષ ૨.૦** ..... ૪૯

**પુસ્તક 'કોર્ટસ ઓફ ઈન્ડિયાઃ પાસ્ટ ટુ પ્રેઝન્ટ'ની આસામી આવૃત્તિનું વિમોચન કરાયું** ..... ૫૪

**શું તમે જાણો છો? ભારતના નવા મુખ્ય ન્યાયમૂર્તિ** ..... ૫૪

**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર
C/o પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરો, અખંડાનંદ હોલ, બીજો માળ, મધર ટેરેસા રોડ, સીએનઆઈ ચર્ચની નજીક
ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧ (ગુજરાત)
ફોન : ૦૭૯-૨૬૫૮૮૬૬૯
**E-mail : yojanagujarati@gmail.com**

લવાજમ અંગેની માહિતી શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસોમાં બપોરના ૨ થી સાંજના ૪ વાગ્યા સુધી **ફોન :** ૦૭૯-૨૬૫૮૮૬૬૯ પર મળશે.
કુલ પાનાં : ૫૬

ISSN-0971-8397
યોજના

## તંત્રીલેખ

# આપણે આપણાં શહેરોને જેવી રીતે ઘડીશું એવી જ રીતે શહેરો આપણા જીવનને દિશા આપશે




દેશમાં શહેરીકરણ વધી રહ્યું છે, શહેરોમાં વસ્તી વધી રહી છે. શહેરોમાં રહેતા લોકોની મહત્ત્વાકાંક્ષાઓ અને સ્વપ્ન વધ્યાં છે. આ માટે શહેરો વધારે તકો પૂરી પાડે છે. શહેરો યુવા પેઢીની જીવનશૈલી સાથે સંબંધિત ઉદ્દેશો હાંસલ કરવા માટે વિકાસ કરવા માટે મંચ પૂરો પાડે છે. લોકો શહેરોમાં રોજગારી મેળવવા, વધારે નફો કમાવવા, બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા, મોટું બજાર મેળવવા માટે આવે છે પણ હકીકત એ છે કે શહેરમાં સ્થળાંતરણ કરતા લોકોનાં સ્વપ્ન સતત ગીચ થઈ રહેલાં શહેરોમાં પૂરાં થતાં નથી. તેમ છતાં તેઓ ઉજ્જ્વળ ભવિષ્યની આશા સાથે કે તેમનાં બાળકોને વધારે સારી તકો મળશે એવી અપેક્ષા સાથે રહે છે.

લોકોની સતત અવરજવર સાથે શહેરોમાં પરિવહનમાં વધારો થયો છે. ગ્રામીણ વિસ્તારોમાંથી અર્ધશહેરી વિસ્તારોમાં, અર્ધશહેરી વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં અને શહેરી વિસ્તારોમાંથી મેટ્રો શહેરોમાં લોકોનું સતત સ્થળાંતરણ થઈ રહ્યું છે. જે રીતે નદીઓની સહાયક ઉપનદીઓ હોય છે તે રીતે શહેરો માટે ગામડાં અને પરા વિસ્તારો છે. નજીકનાં અને દૂરના સ્થળોમાંથી લોકોનો પ્રવાહ શહેરોમાં સ્થાયી થવા માટે આવે છે અને શહેરીકરણનો ભાગ બને છે. એનાથી વ્યક્તિગત અને સમુદાયના સ્તરે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. મર્યાદિત સંસાધનો અને હાલના માળખા પર દબાણ વધવાના કારણે રોકાણની જરૂર છે. આ પ્રક્રિયા ઔદ્યોગિકીકરણને વધારે વેગ આપે છે અને પરિણામે શહેરોમાં વધારે લોકો આવે છે.

આ રીતે પોતાની મર્યાદા ધરાવતાં શહેરોના વિસ્તારોમાં વધારો થઈ રહ્યો છે. વળી, દરિયાકાંઠાનાં શહેરોમાં શહેરીકરણ વધવાની મર્યાદા છે. ઉપરાંત શહેરોની આસપાસના ગ્રામીણ વિસ્તારોને જોડવાની પોતાની લાયકાતો અને ખામીઓ છે. આ મર્યાદિત વિકલ્પો સાથે શહેરો માટે પર્યાવરણને અનુકૂળ રીતે વસ્તીની સતત વધતી માગો પૂર્ણ કરવાનો અને નવા ભારતના સ્વપ્નને સાકાર કરવા વૃદ્ધિનાં કેન્દ્ર તરીકે જળવાઈ રહેવાનો પડકાર ઊભો થાય છે.

છેલ્લાં થોડા વર્ષમાં મોટા ભાગનાં મેટ્રો શહેરોમાં જમીનની કિંમત આસમાને પહોંચી ગઈ છે, શહેરી લોકો માટે મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવા માટેનાં વિવિધ સંસાધનો એ સ્તરે પહોંચી ગયાં છે, જેનાથી શહેરોમાં વિવિધ આપત્તિઓનું જોખમ વધી ગયું છે. જો ગામડાં ટકે તો જ શહેરો ટકશે અને એ જ રીતે શહેરો ટકશે તો જ ગામડાં ટકશે એટલે શહેરોના પરા વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારોએ ગુણવત્તાયુક્ત શિક્ષણ, આરોગ્ય સંભાળ અને માળખાગત સુવિધાઓમાં રોકાણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, જેથી શહેરોમાં લોકોના સ્થળાંતરણનો પ્રવાહ અટકાવી શકાશે.

શહેરો એમની આસપાસના ગ્રામીણ વિસ્તારો પ્રત્યે જવાબદારી ધરાવે છે અને આ ગામો માટે એમનાં સેવા કેન્દ્ર તરીકે કાર્ય કરે છે. આ સામયિકના ૨૯ જાન્યુઆરી, ૧૯૯૫નાં રોજ લખેલા તંત્રીલેખમાં ઊભા કરેલા પ્રશ્નો આજે પણ પ્રસ્તુત છેઃ "લોકોને શહેરોથી દૂર રાખીને નહીં, પણ શહેરી સુવિધાઓને તેમના સુધી પહોંચાડીને જ શહેરીકરણની સમસ્યાને નિવારી શકાશે." આ માટે શહેરી અને ગ્રામીણ ભારતના વિકાસના સંપૂર્ણ અને સર્વગ્રાહી અભિગમ સાથે બંને વચ્ચે પારસ્પરિક આદાનપ્રદાન વધારવાની જરૂર છે.

છેલ્લાં થોડાં વર્ષમાં ગ્રામીણ અને શહેરી ભારત વચ્ચે આદાનપ્રદાન વધારવા માટે વિવિધ પહેલ હાથ ધરવામાં આવી છે. આ માટે માળખાગત ક્ષેત્રના વિકાસ અને સમાન તકો આપવાની એમ બંને દૃષ્ટિએ જુદી જુદી પહેલ હાથ ધરવી પડશે. આરોગ્ય સંભાળ, શિક્ષણ, ટેક્નોલોજીનો ઉપયોગ અને રોજગારી દ્વારા સમાન તકો ઊભી કરીને સામાજિક સમાનતાને વેગ મળશે. ટેકનોલોજી સેટેલાઇટ ઇમેજરી દ્વારા શહેરોનું વધારે સારી રીતે આયોજન કરવામાં અને હાલના રોડ નેટવર્કની ગીચતા ઘટાડવામાં પણ મદદરૂપ થાય છે. એની પાછળનો વિચાર શહેરો પર વધી રહેલું દબાણ ઘટાડવાનો, વૈશ્વિક કક્ષાની માળખાગત સુવિધાઓ વધારવાનો અને શહેરોમાં રહેતા લોકોનું જીવન વધારે સરળ બનાવવાનો છે. જે લોકો આર્થિક રીતે સક્ષમ છે એમના માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત હોસ્પિટલ અને મોલ ઉપલબ્ધ છે પણ શહેરોમાં રહેતા અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા વંચિત સમુદાયના લોકો માટે પણ આવી જ જાહેર સુવિધાઓ ઊભી કરવાની જરૂર છે, તેમને પોસાય એવી સેવાઓ આપવાની જરૂર છે, જેથી સકારાત્મક રીતે વિપરીત સ્થળાંતરની શરૂઆત થશે.

**'યોજના'**નો આ અંક શહેરી આયોજન અને વિકાસના ક્ષેત્રમાં વિસ્તૃત કાર્ય કર્યું હોય એવા વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોના અભિપ્રાયો અને મત રજૂ કરે છે. તેમણે પોતાના લેખમાં શહેરી ભારતના પરિવર્તનમાં મુખ્ય પરિબળોની ચર્ચા કરી છે, સંભવિત સમસ્યાઓ તરફ ધ્યાન દોર્યું છે અને જટિલ પડકારોનાં વ્યવહારિક સમાધાન સૂચવ્યાં છે. તેઓ સાચું જ કહે છે કે આપણે આપણી ઇમારતો અને શહેરોને જે રીતે આકાર આપીશું એ જ રીતે તેઓ આપણા ભવિષ્યને ઘડશે.

# ભારતમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોઃ હકીકત અને ભ્રમ

અનિરુદ્ધ કૃષ્ણ



ઝૂંપડપટ્ટી વિસ્તારો મોટાં શહેરોની અંદર વસેલાં અને જાતે ટકી રહે તેવાં લઘુ શહેરો છે. ઝૂંપડપટ્ટી વિસ્તારો જે સેવાઓ પૂરી પાડે છે તેના કારણે ઉદ્યોગો તંત્ર ટકી રહે છે. ઝૂંપડપટ્ટી વિસ્તારોનું તેમના સામાજિક, આર્થિક અને કાનૂની દરજ્જાના આધારે વર્ગીકરણ કરવામાં આવે છે. આ કારણે ઝૂંપડપટ્ટી વિસ્તારો માટે એકસમાન નીતિનો અમલ કરવામાં સ્ત્રોતોનો સારો ઉપયોગ થઈ શકતો નથી. આ લેખમાં અનેક હકીકતો અને ઝૂંપડપટ્ટી વિસ્તારો અંગે પ્રવર્તતા ખોટા ખ્યાલો રજૂ કરીને સમગ્રલક્ષી ચિત્ર ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે. ઝૂંપડપટ્ટી વિસ્તારો તરીકે ઓળખાતા આ વિસ્તારો ભિન્ન પ્રકારની અને સંકુલ વ્યવસ્થાના કારણે બહુપાંખિયો અભિગમ માંગી લે છે.

આ લેખ ભારતનાં ત્રણ શહેરો- બેંગલુરુ, જયપુર અને પટણાના ૨૭૯ ઝૂંપડપટ્ટી વિસ્તારોનાં ૧૦,૦૦૦ પરિવારોની મુલાકાતની વિગતો ઉપર આધારિત છે. મૂળ સર્વેક્ષણ વર્ષ ૨૦૧૦થી ૨૦૧૬ દરમિયાન હાથ ધરવામાં આવ્યાં હતાં. બેંગલુરુમાં ચાર પ્રવાહમાં ૨૦૧૦, ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૫માં તથા ૨૦૧૬માં જયપુર અને પટણામાં બે પ્રવાહમાં હાથ ધરાયું હતું. અમે અલગ અલગ પ્રકારની પધ્ધતિઓ અપનાવીને વિગતો એકત્ર કરી છે, જેમાં દરેક શહેરના વ્યક્તિગત વિસ્તારોની ૧૫ વર્ષના ગાળાની તસવીરો સરખાવીને, મૌખિક ઈતિહાસનુ સંકલન કરીને, સમુદાયના આગેવાનો અને મિલકત દલાલોની પ્રત્યક્ષ મુલાકાતો લઈને, વિવિધ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાંથી કોઈ ચોક્કસ પદ્ધતિ અનુસર્યા વગર (randomly) ભિન્ન પ્રકારના હજારો પરિવારનાં સેમ્પલ પસંદ કરીને સર્વેક્ષણ કરવામાં આવ્યું છે. આ તપાસમાં કેટલીક હકીકતો અને ખોટા ખ્યાલ બહાર આવ્યા છે.

**હકીકતઃ** અધિકૃત યાદીઓ ઝૂંપડપટ્ટી વિસ્તારોની પૂરી ઓળખ પૂરી આપી શકતી નથી અને આવા વિસ્તારની ઓછી વસતી દર્શાવે છે.

વર્ષ ૨૦૧૦માં પ્રથમ સર્વે કર્ણાટક સ્લમ ડેવલપમેન્ટ બોર્ડ (KSDB) પાસેથી ઝૂંપડપટ્ટી વિસ્તારોની યાદી મેળવીને કરવામાં આવ્યો હતો. તેમની અધિકૃત યાદીમાંથી ૧૪ વિસ્તારો રેન્ડમ ધોરણે પસંદ કરવામાં આવ્યા હતા. આ પદ્ધતિઓ સેમ્પલ લઈને કરવામાં આવેલી ૧૪૮૧ મુલાકાતોમાં જાણવા મળ્યું હતું કે અધિકૃત યાદીમાં દર્શાવેલા ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં માત્ર સૌથી ગરીબ લોકો જ નહી પણ સ્થાયી થયેલા મધ્યમવર્ગનો પણ સમાવેશ થતો હતો. ત્યાં કાયમી બહુમાળી બાંધકામ કરવામાં આવ્યાં હતાં. વીજળીનાં જોડાણો હતાં અને સામાન્યપણે પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ હતું. મોટા ભાગનાં ઘરમાં ટીવી, પ્રેશરકૂકર અને ઈલેક્ટ્રીક પંખા હતા. શહેરોની ગરીબીની તુલનામાં સરેરાશ ગરીબી હતી (કૃષ્ણા ૨૦૧૩). આમ છતાં ઘણી ઝૂંપડપટ્ટી વસાહતો એવી હતી કે જેનો સરકારની યાદીમાં ઉલ્લેખ ન હતો અને ત્યાં જીવન જીવવાની સ્થિતિ પણ અલગ હતી.

ઝૂંપડપટ્ટી વિસ્તારોનો અધિકૃત રેકર્ડ અપૂર્ણ છે. હજુ તાજેતરમાં જ સરકારી એજન્સીઓએ આ પ્રકારના વિસ્તારોમાં વસતા લોકોની ગણતરી ચાલુ કરી છે. વર્ષ ૨૦૦૧ની પ્રથમ વસતી ગણતરીમાં થોડાંક શહેરોના ઝૂંપડપટ્ટી વિસ્તારોને આવરી

લેવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરીમાં તમામ શહેરોમાં આ પ્રકારની વસાહતોને એક કેટેગરી તરીકે ધ્યાનમાં લેવામાં આવી હતી.

અધિકૃત એજન્સીઓમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોની વ્યાખ્યા તથા તેની ગણતરી પદ્ધતિમાં ફરક જોવામાં આવ્યો છે. આમ છતાં તેમાં સામાન્ય રીતે ઝૂંપડપટ્ટી વિસ્તારોની વસતીની અવગણના થતી લાગે છે. ઝૂંપડપટ્ટી વિસ્તારોની એક વ્યાખ્યા લઈને (આંશિક રીતે) નેશનલ સેમ્પલ સર્વે ઓફિસે વર્ષ ૨૦૦૮માં ૪૪ મિલિયન ઝૂંપડાંવાસીઓની ગણતરી કરી હતી. ૨૦૧૧માં ભારતની વસતી ગણતરીમાં ૬૫ મિલિયન ઝૂંપડાંમાં વસતા લોકોની ગણતરી કરાઈ હતી. ઝૂંપડપટ્ટી વિસ્તારો અંગેની યુએન-હેબિટાટ, ઈન્ટરનેશનલ ઓથોરિટી ઓફ સ્લમ્સે એવું જણાવ્યું છે કે ભારતમાં ૧૦૪ મિલિયન લોકો ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં વસે છે. આ આંકડો સ્વતંત્ર સંશોધકોએ વિવિધ શહેરોમાંથી મેળવેલા આંકડાની નજીક છે.[૧]


સેટેલાઈટની તસવીરોની સહાયથી વિશ્લેષણ કરતાં આપણને જણાય છે કે ઘણા ઝૂંપડપટ્ટી વિસ્તારોનો ઉલ્લેખ અધિકૃત યાદીમાં કરવામાં આવ્યો નથી. આવા વિસ્તારોની હાલત અધિકૃત રીતે ઝૂંપડપટ્ટી વિસ્તારો તરીકે નોંધાયેલા વિસ્તારો કરતાં વધુ ખરાબ છે. આ પ્રકારે નોંધણીમાં ચૂકી જવાયેલા વિસ્તારોમાં 'બ્લૂ પોલિગોન' નામના વિસ્તારનો સમાવેશ થાય છે. તેની પરિભાષા આ રીતે કરવામાં આવી છે તેનુ કારણ એ છે કે આવા ઘરોનાં ઝૂમખામાં ચાર વાંસ હોય છે અને તેના ઉપર પ્લાસ્ટિકની વાદળી ચાદર (તાડપત્રી) ઢાંકવામાં આવતી હોય છે. તે સેટેલાઈટ તસવીરમાં વાદળી સમચોરસ તરીકે દેખાય છે. વાદળી ટાર્પ (tarp)થી આવરી લેવાયેલા (અથવા કાળા અથવા રાખોડી અને કેટલીક વાર પટણામાં જોવા મળે છે તેમ પરાળના બનેલા હોય છે.) આ કાચી વસાહતો નિમ્ન કક્ષાના શહેરી ઝૂંપડપટ્ટી વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરે છે. આવા વિસ્તારો હવે વ્યાપકપણે વિસ્તર્યા છે. આવા ખાસ પ્રકારના આવાસ ૭x૭ ફુટના તંબૂના બનેલ હોય છે અને તેમાં ત્રણ થી પાંચ વ્યક્તિનો પરિવાર વસતો હોય છે. આવી નબળી જીવન સ્થિતિ ધરાવતા ઘણા વિસ્તારોને અધિકૃત રેકોર્ડમાં સ્થાન મળી શક્યું નથી.

આવા અને અન્ય ઝૂંપડપટ્ટી વિસ્તારોને બાદ કરતાં વસતી ગણતરી અને અન્ય અધિકૃત રેકોર્ડ એવું ચિત્ર રજૂ કરે છે કે ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં વસતા લોકો અંગે આપણને સચેત કરે છે પણ હંમેશાં આવુ બનતું નથી[૨]. ઘણાં રાજ્ય ઝૂંપડપટ્ટી વિસ્તારોનો ઉલ્લેખ કરતાં નથી. આ બાબત અવાસ્તવિક છે.

**હકીકતઃ** દરેક શહેરના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં જીવન જીવવાની સ્થિતિ અલગ અલગ પ્રકારની હોય છે. આ પ્રવાહમાં વિવિધ તબક્કે ફરક પડતો હોય છે. આથી ઝૂંપડપટ્ટી વિસ્તારો માટેની પ્રમાણભૂત નીતિઓ ઉપયોગી નીવડી શકતી નથી.

યુએન-હેબીટાટ (United Nations Human Settlements Programme) ઝૂંપડપટ્ટી વિસ્તારોની ઓળખ માટે પાંચ પ્રકારના માપદંડ અપનાવે છે. આવા દરેક પ્રકારનાં માપદંડમાં ઝૂંપડપટ્ટી વિસ્તારના લોકોમાં સામાન્ય રીતે જે બાબતનો અભાવ હોય છે તેના આધારે ઓળખ કરવામાં આવે છે. જેમાં કાયમી પ્રકારના ટકાઉ ઘર, રહેવા માટે પૂરતી જગ્યા, આસાનીથી શુદ્ધ પાણીની ઉપલબ્ધિ,

**આકૃતિ- ૧ઃ સ્લમ રેન્કિંગ અને તેની સાથે સંકળાયેલો કન્ટિન્યુઅમ (continuum) સ્કોરઃ**




સ્ત્રોતઃ રેઈન્સ, ક્રિષ્ણા અને વિબલ્સ (૨૦૧૯).

સફાઈની પૂરતી ઉપલબ્ધિ અને સલામત મુદત માટે નિવાસનો સમાવેશ થાય છે. આપણે આપણાં આવાસ અને પાડોશ વિસ્તારની માહિતીના આધારે આ માપદંડ અમલમાં મૂક્યા છે અને દરેક માપદંડ માટેના સ્કોરને એકત્રિત કરીને દરેક ઝૂંપડપટ્ટી વિસ્તાર માટે એકંદર સ્કોર સુધી પહોંચીએ છીએ. આકૃતિ-૧ આ પ્રકારના વિશ્લેષણનાં પરિણામ દર્શાવે છે. તેમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોના સાતત્યને ૪ ચતુર્થકમાં વહેંચવામાં આવ્યું છે.

દરેક શહેરમાં અલગ અલગ કદના ઝૂંપડપટ્ટી વિસ્તારો અસ્તિત્વ ધરાવે છે, જો કે બેંગલુરુ અને જયપુરના ઝૂંપડપટ્ટી વિસ્તારો ટોચના અડધા વિસ્તારોને આવરી લે છે. દરેક શહેરમાં અત્યંત ગંદી સ્થિતિ ધરાવતા ઝૂંપડપટ્ટી વિસ્તારો છે. આવા વિસ્તારો સામાન્ય રીતે અધિકૃત રેકોર્ડમાંથી ગાયબ થયેલા હોય છે.

આકૃતિ-૨ વ્યક્તિગત ઝૂંપડપટ્ટી વિસ્તારો દર્શાવે છે, જે અનુક્રમે તળિયા તરફ, મધ્યમાં અને બેંગલુરુમાં ટોચના ઝૂંપડપટ્ટી કન્ટિન્યુઅમમાં આવેલા છે. આ તમામ વસાહતોને ઝૂંપડપટ્ટી વિસ્તારો તરીકે ઓળખવામાં આવે છે તો પણ તે દેખીતી રીતે એકબીજાથી અલગ પડે છે.

ઝૂંપડપટ્ટી વિસ્તારોના કન્ટિન્યુઅમની સાથે-સાથે જીવન જીવવાની સ્થિતિમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળે છે. તળિયાના ભાગે આવેલા આવાસમાં તમામ ખર્ચમાંથી સરેરાશ ૫૯ ટકા આહાર માટે ખર્ચ કરવામાં આવે છે. ટોચના ક્વર્ટાઈલમાં તે ઘટીને ૪૭% થાય છે. રહેનારા લોકો, આવક અને શિક્ષણનું સ્તર પણ અલગ અલગ જણાયું છે.

ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં વસતા લોકોની અલગ અલગ સમયે જુદા જુદા પ્રકારની આવશ્યકતાઓ હોય છે. અત્યંત તાકીદની જાહેર જરૂરિયાતમાં પીવાનું પાણી (જવાબ આપનાર-નિવાસીઓના ૨૭%), આવાસ (૨૭%) અને ટોઈલેટ્સ (૨૫%)નો સમાવેશ થાય છે. ટોચના ક્વર્ટાઈલના પાડોશમાં આવેલા લોકોની અલગ ચિંતાઓ હોય છે, જેમાં કચરાનો નિકાલ (૩૦%) તે પછી રોજગારી તાલીમ (૧૪%)નો સમાવેશ થાય છે. ઝૂંપડપટ્ટી વિસ્તારો માટે એકસરખી નીતિથી સ્રોતોનો સારો ઉપયોગ થઈ શકતો નથી. ઝૂંપડપટ્ટી વિસ્તારો ક્યાં આવેલા છે તેના આધારે જાહેર ખર્ચ વધુ સુસંગત અને અસરકારક બની રહે છે.

**હકીકતઃ** સર્વેક્ષણની પરંપરાગત પદ્ધતિઓ ઝડપી ફેરફાર સાથે કદમ મિલાવવામાં અપૂરતા છે. સેટેલાઈટ તસવીરોની સહાયથી કરાયેલા વિશ્લેષણમાં આવા વિસ્તારોના નકશા અને પ્રકાર નક્કી થઈ શકે છે.

આકૃતિ-૩ બેંગલુરુના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ૧૦ વર્ષમાં થયેલા ઝડપી ફેરફારો દર્શાવે છે. વર્ષ ૨૦૦૦થી ૨૦૧૫ વચ્ચેના ગાળામાં વ્યક્તિગત વસાહતોની સેટેલાઈટ તસવીરોની તુલના કરતાં ઝડપી ફેરફાર ધરાવતા અન્ય દાખલા જોવા મળ્યા છેઃ નવા ઝૂંપડપટ્ટી વિસ્તારો અસ્તિત્વમાં આવ્યા છે. કેટલાક જૂના વિસ્તારો વિખરાઈ ગયા છે, કાં તો નાશ પામ્યા છે. સરહદ બદલાઈ છે અને ઝૂંપડપટ્ટી વિસ્તારની આસપાસમાં નવા આવાસો બંધાયા છે, અંદરની ગલીઓ નવેસરથી સરખી કરવામાં આવી છે અને નવાં સિમાચિહ્નો ઉમેરાયાં છે. શહેરોમાં સમાંતરપણે આવા ઝડપી ફેરફાર જોવા મળતા હોય ત્યારે શહેરી સુધારા કરતા બોર્ડ અને મ્યુનિસિપલ સંસ્થાઓ પાસે વ્યાપક સર્વેક્ષણ ક્ષમતા આવશ્યક બની રહે છે. અધિકૃત રેકર્ડ અંશતઃ તથા જૂનો લાગતો હોવાનું પણ એક કારણ છે.

સેટેલાઈટ તસવીરોનો ઉપયોગ કરીને પરિસ્થિતિમાં સુધારો કરવામાં સહાય થઈ શકે છે. અણઘડ કે ટપકાં

**આકૃતિ-૨ઃ ઝૂંપડપટ્ટી વિસ્તારોની વિવિધ સ્થિતિ કન્ટિન્યુઅમ (continuum) સાથેઃ**



**આકૃતિ-૩ઃ આશ્રયનગર બેંગલુરુમાં સમય વીતતાં જોવા મળેલા ફેરફારઃ**



૨૦૦૪ : ખાલી જમીન | ૨૦૦૭ : વાદળી રંગનાં તાડપત્રીનું માળખુ | ૨૦૧૭ : મધ્યમવર્ગની ઝૂંપડપટ્ટી

ધરાવતી તસવીરો સંખ્યાબંધ કારણોથી ઉપયોગી થઈ શકે છે, જેમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોની પ્રારંભિક ઓળખ ગૂગલ અર્થ અને ફાઈનર ગ્રેન્ડ તસવીરો વિનામૂલ્યે ઉપલબ્ધ છે. તે ખરીદી પણ શકાય છે. પોતાનો ટેક્સ બેઝ ચોક્કસપણે નક્કી કરવા મ્યુનિસિપાલિટીઓ જે ખર્ચાઓ કરે છે અથવા કરી શકે છે તેના ખૂબ નાના અંશનો ખર્ચ કરીને તે મેળવી શકાય છે.

અમે કરેલું સંશોધન વિવિધ વિદ્યાશાખાઓમાંથી આવતી ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું, તેમાં કોમ્પ્યૂટર સાયન્ટિસ્ટસ, શહેરી ભૂગોળ નિષ્ણાંતો, સમાજ વિજ્ઞાનશાસ્ત્રીઓ વગેરેએ આ હેતુ માટે સેટેલાઈટ તસવીરોનો ઉપયોગ કર્યો છે.[૩] તસવીરોના વિશ્લેષણથી (કોમ્પ્યૂટર સાયન્ટિસ્ટસ અને શહેરી ભૂગોળશાસ્ત્રીઓની દેખરેખ હેઠળ) અને જમીનની ચકાસણી વડે (સમાજશાસ્ત્રીઓની દેખરેખ હેઠળ) અમે ઝૂંપડપટ્ટી વિસ્તારોની ઓળખ માટે સેમી-ઓટોમેટિક વ્યવસ્થા અને હદ નક્કી કરવાનું તથા ઝૂંપડપટ્ટી વિસ્તારનું વર્ગીકરણ કર્યું છે. આ પ્રકારની કામગીરી અમને જાતે કામ કરવાની તુલનામાં આ પદ્ધતિ સસ્તી જણાઈ છે. તેમાં જ ચોક્સાઈ પણ રહે છે અને માનવ ભૂલો (human errros) થવાની શક્યતા ઓછી રહે છે. અન્ય સંશોધકોએ દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ અને અન્ય દેશોમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોના નકશાઓ તૈયાર કરવામાં અને અભ્યાસ કરવામાં તસવીરના વિશ્લેષણની પદ્ધતિ અસરકારક રીતે ઉપયોગમાં લીધી છે.


વસાહતો અંગેના રેકોર્ડને નિયમિતપણે અને ભરોસાપાત્ર રીતે સુધારવા માટે તસવીરોના વિશ્લેષણનો ઉપયોગ કરવો આવશ્યક બને છે. સરકારે અન્ય પદ્ધતિઓની સાથે સમન્વય કરીને તસવીરોનું વિશ્લેષણ કરી શકવાની સંશોધન ક્ષમતા ધરાવતી પદ્ધતિઓ વિકસાવવામાં અને ઉપયોગ કરવામાં રોકાણો કરવાની આવશ્યકતા છે.

**ખોટી માન્યતાઃ** પાયાની સુવિધાઓ અને મિલકતનાં ટાઈટલ વેચવા માટે અધિકૃત નોટિફિકેશન આવશ્યક છે.

એક ચોક્કસ પ્રક્રિયાને અનુસરીને ઝૂંપડપટ્ટી વિસ્તારોને અધિકૃત રીતે નોટિફાય કરવામાં આવ્યા હોય તો જ આવા વિસ્તારો મ્યુનિસિપલ સેવાઓ અને મિલકતોના ટાઈટલ પ્રાપ્ત કરી શકે તેવું કાયદામાં જણાવાયું છે. અધિકૃત રીતે બેંગલુરુના સ્લમ એક્ટમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોના નોટિફિકેશનની જે પદ્ધતિ અપનાવાઈ તે નીચે દર્શાવી છે. (આકૃતિ-૪માં આ પ્રક્રિયાના વિવિધ તબક્કા દર્શાવ્યા છે)

કાયદામાં પ્રક્રિયા સીધી રીતે દર્શાવવામાં આવી છે, પરંતુ જાહેરનામું બહાર પાડવાની પ્રક્રિયા ખૂબ જ ગૂંચવાડાભરી સ્થિતિ દર્શાવે છે. જુદાં-જુદાં શહેરોમાં આ પદ્ધતિ અલગ અલગ છે, પણ બેંગલુરુમાં ત્રણ અલગ અલગ સરકારી એજન્સીઓએ ઝૂંપડપટ્ટી વિસ્તારોની ત્રણ યાદીઓ તૈયાર કરી છે.[૪] અમારી પાસેની વિગતોમાંથી અમે રેન્ડમ ધોરણે ૭૫ સેમ્પલ લીધા હતાં. અમે આ ઝૂંપડપટ્ટી વિસ્તારોની ત્રણેય યાદી તપાસી હતી. આ ઉપરાંત ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં લોકોને સૂચિત દરજ્જો ધરાવતા પાડોશી વિસ્તારો અંગે તેમનો દૃષ્ટિકોણ પણ પૂછ્યો હતો. અહીં સરખાપણાંના બદલે

**આકૃતિ ૪: બેંગલુરુમાં નોટિફિકેશનની અધિકૃત પ્રક્રિયાઃ**




સ્રોત : ક્રિષ્ણા અને રેઈન્સ (૨૦૧૯).

અસમતોલપણું વધુ જોવા મળ્યું છે. ૭૫માંથી માત્ર બે ઝૂંપડપટ્ટી વિસ્તારો એવા છે કે જેના અંગે ૩ સરકારી યાદીઓ સંમત થાય છે. બાકીના ૭૩ ઝૂંપડપટ્ટી વિસ્તારોને એક યાદીમાં સૂચિત કરાયેલા વિસ્તારો ગણવામાં આવ્યા છે અને બાકીના દરેકમાં તે સૂચિત કરાવાયા નથી.

વિસ્તારો અને અલગ અલગ એજન્સીઓ કામ કરતી હોવાના કારણે એક બીજાના ક્ષેત્રમાં અતિક્રમણ થતું હોય તેવી સ્થિતિ ઊભી થાય છે. આ કારણે જ આવી સ્થિતિ સર્જાઈ છે. નોટિફાય ઝૂંપડપટ્ટી વિસ્તારને આત્મવિશ્વાસ સાથે ચકાસવો તે મુશ્કેલ કામ છે. નોટિફાય દરજ્જા અંગે ત્યાંના નિવાસીઓનો દ્રષ્ટિકોણ કોઈ પણ સરકારી રેકર્ડમાં દર્શાવ્યો હોય તેના કરતાં અલગ વર્તણૂક દર્શાવે છે.[૫]

કાનૂની જોગવાઈઓ અને રોજબરોજની પદ્ધતિમાં થતી ભૂલતો અહી અંત આવતો નથી. કર્ણાટક સ્લમ ડેવલપમેન્ટ બોર્ડે, બૃહદ બેંગલુરુ મહાનગરપાલિકા (Brahut Benguluru Mahanagar Palike) અને અગાઉની ગ્રામ પંચાયતોએ બેંગલુરુના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વસતા લોકોને અલગ અલગ પ્રકારના મિલકતના ૧૮ દસ્તાવેજો આપ્યા છે. આ તમામ દસ્તાવેજો અલગ અલગ પ્રકારની નોટિફિકેશન પ્રક્રિયા અનુસરીને આપવામાં આવ્યા છે (આકૃતિ-૪માં દર્શાવ્યા મુજબ).

આમાંના દરેક દસ્તાવેજને સામાન્ય રીતે મિલકતનાં ટાઈટલ તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ આ દસ્તાવેજોને વ્યાપકપણે ત્રણ અલગ અલગ પ્રકારે વર્ગીકૃત કરવામાં આવ્યા છે અને તે ક્રમશઃ વધુ મિલકત અધિકાર દર્શાવે છે.

- પહેલા પ્રકારના દસ્તાવેજો (બાયોમેટ્રિકકાર્ડ, પરિચયપત્ર, ગુરૂટીના ચિઠ્ઠી અને થિલુવાલિકે પત્રનો સમાવેશ થાય છે), અગાઉ અપાયેલા નોટિફિકેશનમાં નિવાસનો અધિકાર અને વારસાનો અધિકાર અપાયો છે, પરંતુ મિલકતના વેચાણનો અધિકાર કે મિલકત અન્યને આપવાનો અધિકાર આપ્યો નથી.
- બીજા પ્રકારના દસ્તાવેજોમાં (ઝૂંપડપટ્ટી વિસ્તારોના નોટિફિકેશન પછી અપાયેલા) કબજાનો હક તો અપાય જ છે, પરંતુ કેટલીક શરતો સંતોષાયા પછી ૧૦ અથવા ૩૦ વર્ષ પછી વેચી શકાય તેવા ટાઈટલનો અધિકાર પણ અપાયો છે. આવાં ઉદાહરણોમાં હક્કપત્ર, કબજા સર્ટિફિકેટ, લીઝ ડીડ અને હંચિકાપત્રનો સમાવેશ થાય છે.
- ત્રીજા પ્રકારના દસ્તાવેજો (વેચાણપાત્ર ટાઈટલ)માં ખાસ કરીને મિલકતવેરાની ચુકવણીના પુરાવા સાથે સ્પષ્ટપણે માલિકીના અધિકારો દર્શાવાયા છે.
- ચોથા પ્રકારને ટાઈપ-૦ તરીકે ઓળખવામાં આવે છે, જેમાં કોઈ દસ્તાવેજો નથી અને આવા લોકો કન્ટિન્યુમના નીચેના છેડે છે. આમાંના ઘણાં બધા વિસ્તારોનું દસ્તાવેજીકરણ જ કરવામાં આવ્યું નથી.
- બેંગલુરુ સેમ્પલના ઝૂંપડપટ્ટી વિસ્તારોના નિવાસીઓમાંથી ૩૫% પાસે ત્રીજા પ્રકારના દસ્તાવેજો છે. ૪૦% લોકો પાસે પ્રથમ પ્રકારના અથવા બીજા પ્રકારના દસ્તાવેજો છે અને ૨૬% લોકો

એવા છે કે જેમની પાસે મિલકતનાં કોઈ દસ્તાવેજો નથી. (ટાઈપ-૦).

ટાઈપ-૨ અથવા તો ટાઈપ-૩ પ્રકારના દસ્તાવેજો માટે કાયદેસર જાહેરનામું બહાર પડે તે આવશ્યક હોય છે. વાસ્તવમાં કાયદાનું અસમાન રીતે અમલીકરણ થતું હોય છે. એવા પણ ઝૂંપડપટ્ટી વિસ્તારો હોય છે કે જેમને સૂચિત કરવામાં આવ્યા નથી હોતા, પરંતુ ત્યાં ટાઈપ-૨ અને ટાઈપ-૩ પ્રકારના દસ્તાવેજો ધરાવતા નિવાસીઓનું નોંધપાત્ર પ્રમાણ હોય છે. આથી અલગ રીતે એવા પણ ઝૂંપડપટ્ટી વિસ્તારો છે કે જેમને નોટિફાઈડ કરવામાં આવ્યા નથી (ઓછામાં ઓછી એક સરકારી યાદી મુજબ), પણ અહીંના નિવાસીઓ પાસે માત્ર ટાઈપ-૧નાં દસ્તાવેજો છે.

સમાન પ્રકારે થિયરી પ્રમાણે વાત કરીએ તો દરેક શહેરે કચરો ઉપાડવાની, પીવાનું પાણી પાઈપ લાઈનથી આપવાની, ગટર વ્યવસ્થા, આંતરિક રસ્તાઓ અને સ્ટ્રીટ લાઈટ જેવી મ્યુનિસિપલ સર્વિસીસ ઝૂપડપટ્ટી વિસ્તારને નોટિફાય કરાયા પછી પૂરી પાડવી જોઈએ. જે વિસ્તારો અધિકૃત રેકોર્ડમાં સ્થાન ધરાવતા ના હોય તેવા વિસ્તારોમાં કરવામાં આવતા જાહેર ખર્ચને વાજબી ગણાવી શકાય નહીં, પરંતુ વ્યવહારિક ધોરણે સૂચિત નહી કરાયેલા ઘણાં ઝૂંપડપટ્ટી વિસ્તારોને સેવાઓ અને માળખાગત સગવડો પૂરી પાડવામાં આવે છે, જ્યારે સૂચિત કરવામાં આવેલા ઝૂંપડપટ્ટી વિસ્તારો આવી સેવાઓથી આવરી લેવામાં આવતા નથી. આ પ્રકારની વહીવટી મુનસફીના કારણે ભ્રષ્ટ પદ્ધતિઓનો વ્યાપ વધતો જાય છે.

**ખોટો ખ્યાલઃ** પ્રોપર્ટીનાં ટાઈટલ ના હોય તો ઝૂંપડપટ્ટીમાં રહેનાર લોકો મિલકતને મોરગેજ કરી કે વેચી શકે નહી.

થિયરી મુજબ માત્ર ટાઈપ-૩ પ્રકારના દસ્તાવેજો ધરાવતી મિલકતો વેચાણપાત્ર છે. અન્ય પ્રકારના દસ્તાવેજો હોય તો તે મિલકત વેચી શકાતી નથી, પરંતુ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં તમામ પ્રકારના દસ્તાવેજો ધરાવતી મિલકતોના મુક્તપણે સોદા પડે છે. આ હેતુ માટે બેંગલુરુમાં જનરલ પાવર ઓફ એટર્નીનો સાધન તરીકે ઉપયોગ થાય છે. આ પ્રકારનો કરાર વેચનાર અને ખરીદનાર વચ્ચે કરવામાં આવે છે અને તેની સાથે અન્ય દસ્તાવેજો જોડવામાં આવે છે. તેમાં જણાવવામાં આવે છે કે વેચાણ કરનાર ભવિષ્યના તમામ હક ખરીદનારને આપે છે અને એવું વચન પણ આપે છે કે ભવિષ્યમાં આ સંબંધિત અન્ય સોદો કરવો પડે તો તેમાં તે સહાય કરશે. આ દસ્તાવેજ ઉપર પરિવારના તમામ સભ્યોના હસ્તાક્ષર કરવામાં આવે છે, તેમની તસવીરો અને ઓળખપત્રો સાથે જોડવામાં આવે છે. સાક્ષીઓ પણ હોય છે અને વકીલો પણ હંમેશા સંકળાયેલા હોય છે.

એક સક્રિય બિનઔપચારિક બજાર અસ્તિત્વ ધરાવે છે, જેમાં અધિકૃત જણાતા હોય તેવા દસ્તાવેજો તૈયાર કરવામાં આવે છે અને તેની મારફતે મિલકતના દસ્તાવેજોની મર્યાદાઓને અવગણીને વેચાણ કરનાર અને ખરીદનાર ઔપચારિક મિલકતનો સોદો કરે છે. તમામ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં મિલકતોના સોદાઓ થતા હોય છે. બ્લૂ પોલિગોન વસવાટો એવા વસવાટો છે કે જેમના બાબતે કાનૂની કાર્યવાહી થતી રહેતી હોય છે, પરંતુ આ રીતે કોઈપણ વર્ષમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોની મિલકતો સરેરાશ બે % જેટલી વેચાતી કે ખરીદાતી હોય છે. આ સોદાઓમાં કોઈ વેરો ભરવામાં આવતો નહીં હોવાના કારણે સંભવિત મ્યુનિસિપલ આવકને ખોટ થતી હોય છે.

**ખોટો ખ્યાલઃ** ઝૂંપડપટ્ટી વિસ્તારો એ નિવાસનાં કામચલાઉ મથકો છે અને તે કન્વેયર બેલ્ટ તરીકે કામ કરીને ગ્રામીણ વિસ્તારમાંથી સ્થળાંતર કરીને આવેલા લોકોને શહેરી મધ્યમવર્ગ તરીકે સ્થાયી બનાવે છે.

હિલચાલનો અભાવ એ ઝૂંપડપટ્ટી વિસ્તારોની ચોક્કસ પ્રકારની લાક્ષણિકતા છે. ઝૂંપડપટ્ટીઓમાં રહેતા લોકો સરેરાશ ૨૧ વર્ષથી આ ઘરમાં રહેતા હોય છે. મોટા ભાગના લોકો (૬૬%) ત્રણ કે ચાર પેઢીથી એક જ ઘરમાં રહેતા હોય છે. આ ત્રણેય શહેરોમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોનું સાતત્ય (continuum) જોવા મળ્યું છે. માત્ર ૨૭% લોકો સ્થળાંતર કરીને આવેલા પહેલી પેઢીના છે. તેમાંના માત્ર અડધા લોકો ગ્રામીણ વિસ્તારોમાંથી આવતા હોય છે.

એકથી બીજી પેઢીમાં વ્યવસાયનો દરજ્જો બદલાય તેવું ભાગ્યે જ જોવા મળે છે. અમે શહેરી ભારતે અપનાવેલા ૬ વર્ષના વ્યવસાયલક્ષી વર્ગીકરણનો ઉપયોગ કરીને પિતા અને દીકરાના વ્યવસાયની તુલના કરી હતી, તેમાં ખૂબ જ સામાન્ય રીતે વ્યક્તિઓ તેમના પિતા કામ કરતાં હોય તે જ વ્યવસાયમાં કામ કરતા જોવા મળી હતી. બંને વર્ગ-૧ (બાંધકામ, રોજમદારી, મજૂરી અથવા ફેક્ટરીનું કામ અને કચરો એકઠો કરવાનું કામ)નું સ્થાન ધરાવતા હતા. બીજી પેઢીના કેટલાક લોકો ઉપરના સ્તરે (૨૯%) આગળ વધ્યા છે, પણ વર્ગ-૧માં

સામાન્યપણે વધુ પ્રમાણમાં ઉપલા સ્તરે જવાનું વલણ જણાય છે. આ રીતે હકારાત્મક છતાં ઉપરની તરફ જવાની મર્યાદિત હિલચાલ જોવા મળી છે. આથી અલગ રીતે ૧૪ટકા કિસ્સામાં નીચેની તરફનું વલણ જોવા મળ્યું હતું. વર્ગ-૨માં કામ કરતા પિતા હોય અને દીકરો વર્ગ-૧માં કામ કરતો હોય તેવું જણાયું હતું.

એકંદરે સ્થિતિ સ્થિર છે-અટવાયેલી પડી છે-પરિવાર સાથે અથવા તો પાડોશના સ્તર સાથે સરખાવવામાં આવે તો ઝૂંપડપટ્ટી વિસ્તારોની આ લાક્ષણિકતા છે. ૧૫ વર્ષના ગાળાની ઝૂંપડપટ્ટી વિસ્તારોની સેટેલાઈટ તસવીરોની તપાસ કરતાં જણાય છે કે ઝૂંપડપટ્ટી વિસ્તારમાંથી પાડોશના બિન ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જઈ શક્યા હોય તેવું ખૂબ જૂજ કિસ્સામાં બને છે. આ વિસ્તારોની આ ભૌગોલિક લાક્ષણિકતા છે, જેને આકૃતિ-૩માં દર્શાવવામાં આવી છે. સમય જતાં કેટલાક પાડોશના વિસ્તારોમાં હકારાત્મક ભૌતિક ફેરફાર જોવા મળ્યા છે. ખાસ કરીને સામાન્યપણે છાપરાંની સામગ્રી બાબતમાં ખૂબ ઓછા પાડોશી વિસ્તારો (૧%)માં એકથી વધુ હકારાત્મક પાસાં ધરાવતા ફેરફાર જોવા મળ્યા છે. ઘણાં પાડોશી વિસ્તારો નષ્ટ થયા હોય તેવું પણ અનુભવાય છે.

ઉત્તમમાં ઉત્તમ ઝૂંપડપટ્ટી વિસ્તારોના લગભગ તમામ નિવાસીઓને બિનઔપચારિક ક્ષેત્રમાં રોજગારી મળી રહે છે. ૫%થી ઓછા લોકોએ એવો પ્રતિભાવ આપ્યો છે કે તેમની નોકરીનો ગાળો, આરોગ્યના લાભ અને નિવૃત્તિ લાભથી સુરક્ષિત છે. તેમની જીવન જીવવાની અને કામ કરવાની બિનઔપચારિક સ્થિતિમાં ક્રમશઃ જોખમો અને ખરાબ સ્થિતિમાં ઘટાડો થાય તો તેમને ઉપરના સ્તરે લઈ જઈ શકાય.

આ લેખ માટે નીચે દર્શાવેલી કામગીરીને ઉપયોગમાં લેવાઈ છે:


- Krishna, Aniruddh. (2013). "Stuck in Place: Investigating Social Mobility in 14 Bangalore Slums." Journal of Development Studies, 49 (7): 1010-28.
- Wibbels, Erik, Aniruddh Krishna, and M.S. Sriram. (2018). "Satellites, Slums, and Social Networks: Evidence on Origins and Consequences of Property Rights from 157 Slums in Bengaluru." Working paper, Department of Political Science, Duke University.
- Rains, Emily, Aniruddh Krishna, and Erik Wibbels. (2019). "Combining Satellite and Survey Data to Study Indian Slums: Evidence on Range of Conditions and Implications for Urban Policy." Environment and Urbanization, 31 (1): 267-92.
- Krishna, Aniruddh and Emily Rains. (2019) "Between Zero and One: a continuum of property rights in slums of Bangalore." Working paper, Sanford School of Public Policy, Duke University.


### એન્ડ નોટ્સઃ

1) A government report forthrightly acknowledges these and other lacunae in official record. See GOI. (2010). Report of Committee on Slum Statistics/Census. New Delhi: Government of India, Ministry of Housing and Urban Poverty Alleviation. Available at http://mhupa.gov.in/W_new/Slum_Report_NBO.pdf; http://unhabitat.rog/wp-content/uploads/2014/07/WHD-2014-Background-Paper.pdf.
2) Census 2011 reports, for instance, that 94% of slum dwellers live in sturdy or semi-sturdy households, but only 72% of our sample live in houses made of bricks, wood, or cement, and rest live under tarp or in mud or tin huts. census also estimates that 53 % of homes store money in banks, but our sample reports approximately half that number.
3) This research team was led by Raju Vatsavai (computer science, North Carolina State University), Nikhil Kaza (urban geographer, University of North Carolina, Chapel Hill) and Erik Wibbels and I (social scientists, Duke University). We are grateful for grants we received for different parts of this research from Duke University, International Growth Center, and Omidyar Foundation, and Digital Globe, for their grant of satellite images.
4) Respectively, KSDB (the slum board), BBMP (the municipal corporation), and Aasha Kiran Mahiti (the State Government's department of municipal administration).
5) This point is developed by Wibbels, Krishna and Sriram (2018).


લેખક યુએસએની ડ્યૂક યુનિવર્સિટી ખાતે જાહેર નીતિ અને રાજકીય વિજ્ઞાનના એડગર ટી. થોમ્પ્સન પ્રોફેસર છે.


ઈ-મેલઃ
ak30@duke.edu



**યોજના વાંચો, યોજના વંચાવો, યોજના વસાવો**

# 'અમૃત' દ્વારા શહેરી માળખાકીય સુવિધાઓનું નિર્માણ

દુર્ગા શંકર મિશ્રા



સમગ્ર દેશનાં શહેરોમાં પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા/કચરાના નિકાલને લગતા પડકારોને પહોંચી વળવા અને તે સંબંધિત આર્થિક વિકાસની તકો વધુ મજબૂત કરવાના આશયથી ભારત સરકાર દ્વારા અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT)નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ લેખમાં વાચકોને આ પહેલ દ્વારા શહેરી પરિવર્તનની સફર પર લઈ જવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ભારતની શહેરી વસ્તીમાં ઝડપથી વૃદ્ધિ થઇ રહી છે. સંયુક્ત રાષ્ટ્ર વૈશ્વિક શહેરીકરણ અંદાજ અહેવાલ ૨૦૧૮ના આંકડા અનુસાર ભારતની કુલ વસ્તીમાંથી લગભગ ૩૪% લોકો શહેરોમાં રહે છે જેમાં વર્ષ ૨૦૧૧ થી લગભગ ત્રણ%નો વધારો થયો છે. વર્ષ ૨૦૩૧ સુધીમાં તેમાં વધુ ૬%નો વધારો થવાનું અનુમાન છે અને ૨૦૫૧ સુધીમાં દેશની કુલ વસ્તીમાંથી અડધાથી વધુ વસ્તી શહેરોમાં રહેતી હશે તેવું અનુમાન લગાવવામાં આવે છે.

આ પ્રકારે થઇ રહેલી વૃદ્ધિ માળખાકીય સુવિધાઓ એટલે કે પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, નકામા પાણીનું વ્યવસ્થાપન અને ઘનકચરાના નિકાલના વ્યવસ્થાપનના સંદર્ભમાં મોટા પડકાર ઊભા કરે છે. વર્તમાન સમયમાં, દેશના GDPમાં શહેરોનું યોગદાન અંદાજે ૬૫% જેટલું છે, જે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૭૦% થવાનું અનુમાન છે (મેકકિન્સે ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટ ૨૦૧૦). આ બાબતને ધ્યાનમાં રાખતાં, શહેરોને આર્થિક વિકાસનાં સાચાં એન્જિન બનાવવામાં મૂળભૂત માળખાકીય સુવિધાઓ મહત્વની ભૂમિકા ભજવે છે.

ભારત સરકારે છેલ્લાં પાંચ વર્ષમાં આ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રમાણમાં રોકાણો કર્યાં છે અને તેના પરિણામે મૂળભૂત સેવાઓમાં નોંધપાત્ર સુધારા આવ્યા છે. જોકે, હજુ પણ પડકારો તો છે જ. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર, શહેરી વિસ્તારોમાં ૭૦% ઘરમાં પાણીનો પુરવઠો હતો જેમાંથી ૪૯% લોકોને જ તેમની પોતાની હદમાં પાણીનો પૂરવઠો ઉપલબ્ધ થઇ શકતો હતો. પૂરતા પ્રમાણમાં ટ્રીટમેન્ટની ક્ષમતાના અભાવ અને ગટર વ્યવસ્થાના આંશિક જોડાણોના કારણે ૬૫%થી વધુ નકામું પાણી ખુલ્લી ગટરોમાં ટ્રીટમેન્ટ કર્યા વગર છોડવામાં આવતું હતું અને તેના કારણે પર્યાવરણને નુકસાન થતું હતું તેમજ જળાશયમાં પણ પ્રદૂષણ ફેલાતું હતું કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) ૨૦૧૫.

૨૦૧૧ના વર્લ્ડ બેંકના પાણી અને ગટર વ્યવસ્થા કાર્યક્રમ (WSP)માં અનુમાન લગાવવામાં આવ્યું હતું કે ભારતમાં અપૂરતી ગટર વ્યવસ્થાના કારણે કુલ વાર્ષિક આર્થિક અસરરૂપે વર્ષ ૨૦૦૬માં ૨.૪ ટ્રિલિયન રૂપિયાનું નુકસાન થયું હતું. આ નુકસાન ભારતના GDPના અંદાજે ૬.૪% જેટલું હતું. દેશમાં ટકાઉક્ષમ વિકાસનું લક્ષ્ય ૬ (SDG ૬.૧ અને ખાસ કરીને ૬.૩) હાંસલ કરવા માટે પીવાના સલામત પાણી અને કચરાના નિકાલ સહિત નકામા પાણીની વૈજ્ઞાનિક સારવારનો ઍક્સેસ હોવો આવશ્યક છે.[૧]

ભારત સરકાર દ્વારા અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT)નો પ્રારંભ સમગ્ર દેશનાં શહેરોમાં માત્ર પાણીના પુરવઠા અને ગટર વ્યવસ્થા-કચરા નિકાલના પડકારનો ઉકેલ લાવવા માટે નહોતો કરવામાં આવ્યો, પરંતુ તેનો આશય તેની સાથે સંકળાયેલી આર્થિક વિકાસની તકો વધુ પ્રબળ કરવાનો પણ હતો.

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA)નું મહત્ત્વપૂર્ણ મિશન, અમૃત ૨૫ જૂન, ૨૦૧૫ના રોજ સમગ્ર દેશનાં ૫૦૦ શહેરમાં પ્રધાનમંત્રી દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. તમામ પરિવારોને પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા અને કચરાના નિકાલમાં નોંધપાત્ર સુધારો અને બિન-મોટરચાલિત પરિવહન તેમજ જાહેર સુવિધાઓ જેમકે પાર્ક અને સમગ્ર શહેરમાં ઓછામાંઓછી એક હરિયાળી જગ્યા જેવી પાયાની સેવાઓ ઉપલબ્ધ કરાવવાના આશયથી આનો પ્રારંભ કરાયો હતો. આ પ્રકારે તમામ લોકોને અને ખાસ કરીને ગરીબો તેમજ વંચિતોને ગુણવત્તાપૂર્ણ જીવન આપવા માટે આ મિશન શરૂ કરવામાં આવ્યું હતું. આ યોજના કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત છે અને વર્ષ ૨૦૧૫-૨૦૨૦ સુધીનાં પાંચ વર્ષના સમયગાળામાં રૂપિયા ૫૦,૦૦૦ કરોડની કેન્દ્રીય સહાય સહિત કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

આ મિશન અંતર્ગત મૂળભૂત માળખાકીય સુવિધાઓ ઊભી કરવા ઉપરાંત ૫૪ સીમાચિહ્ન સાથેની ૧૧ ચીજોનો એક એજન્ડા નિર્ધારિત કરવામાં આવ્યો છે, જે રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશો (UT)એ ચાર વર્ષના સમયમાં હાંસલ કરવાના છે. આ સુધારાઓ નીચે અનુસાર છે:

- નાગરિકોને ઑનલાઇન સેવાઓ આપવી
- તમામ પ્રકારની મંજૂરીઓ માટે સિંગલ વિન્ડો સેવા સ્થાપવી
- મ્યુનિસિપલ કેડર નિર્ધારિત કરવી
- કરવેરા/વપરાશકર્તા ચાર્જના ઓછામાં ઓછું ૯૦% બિલિંગ અને કલેક્શનનું લક્ષ્ય હાંસલ કરવું
- દર વર્ષે બાળકો માટે ઓછામાં ઓછો એક પાર્ક વિકસાવવો
- પાર્ક અને રમતનાં મેદાનોની જાળવણી માટે યોગ્ય પ્રણાલી સ્થાપિત કરવી
- શહેરી સ્થાનિક સંસ્થા (ULB)નું ક્રેડિટ રેટિંગ કરવું અને મ્યુનિસિપલ બોન્ડ ઇશ્યૂ કરવા
- પેટાકાયદાઓ ઘડવાના મોડલનો અમલ કરવો
- ઊર્જા અને પાણીનું ઓડિટ કરવું.

આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે :

૧) ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર એક લાખ અને તેથી વધુ વસ્તી ધરાવતાં ૪૭૬ શહેરો/નગરો

૨) (૧) હેઠળ ન આવરી લેવામાં આવેલા રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોના પાટનગરો

૩) હેરિટેજ શહેર વિકાસ અને વિસ્તરણ યોજના (HRIDAY) અંતર્ગત વર્ગીકૃત હેરિટેજ શહેરો

૪) મુખ્ય નદીઓના કાંઠે વસેલાં ચોક્કસ શહેરો અને પર્વતીય રાજ્યો/ટાપુઓ અને પ્રવાસન સ્થળોનાં ચોક્કસ શહેરો

કુલ મળીને, આ યોજના હેઠળ ૫૦૦ શહેરોનો આવરી લેવામાં આવ્યાં છે.

**ભંડોળની ફાળવણી:**

● આ મિશન માટે કેન્દ્રની રૂપિયા ૫૦,૦૦૦ કરોડની આર્થિક સહાય સહિત રૂપિયા ૧,૦૦,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. બાકીની રકમ રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા આપવામાં આવે છે. કુલ ફાળવણીમાંથી રૂ. ૭૭,૬૪૦ કરોડની ફાળવણી વિવિધ પરિયોજના માટે કરી દેવામાં આવી છે. કેન્દ્રના હિસ્સામાંથી ૧૦% રકમ વહીવટી અને ઓફિસ ખર્ચ (A&OE) માટે અને અન્ય ૧૦% રકમ સુધારા પ્રોત્સાહન માટે છે.

● કેન્દ્ર શાસિત પ્રદેશોની પરિયોજનાઓને સંપૂર્ણપણે કેન્દ્ર દ્વારા ભંડોળ આપવામાં આવે છે. પૂર્વોત્તરનાં પર્વતીય રાજ્યમાં પરિયોજનાનો ૯૦% ખર્ચ કેન્દ્ર દ્વારા ઉપાડવામાં આવે છે. અન્ય રાજ્યમાં ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં પરિયોજનાના કુલ ખર્ચનો ત્રીજો હિસ્સો અને અન્ય શહેરોમાં પરિયોજનાના કુલ ખર્ચનો અડધો હિસ્સો કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે.

● કેન્દ્રીય સહાય (CA)ની ફાળવણી ૨૦:૪૦:૪૦ના ત્રણ હપ્તામાં કરવામાં આવે છે. પ્રથમ હપ્તો સ્ટેટ એન્યુઅલ એક્શન પ્લાન (SAAP) દ્વારા પરિયોજનાને મંજૂરી મળ્યા બાદ તુરંત આપવામાં આવે છે. કેન્દ્રીય સહાયની ૭૫% રકમનો ઉપયોગ થયો હોવાનું અને રાજ્ય/શહેરી સ્થાનિક સંસ્થા (ULB) દ્વારા પોતાનો અનુવર્તી હિસ્સો આપવામાં આવ્યો હોવાનું પ્રમાણપત્ર તેમજ સ્વતંત્ર સમીક્ષા અને દેખરેખ એજન્સી (IRMA)નો અહેવાલ પ્રાપ્ત થયા પછી બાકીના હપ્તાની ચુકવણી કરવામાં આવે છે.

## અમૃતઃ ભારતના શહેરીકરણની જરૂરિયાતોને અનરૂપ :



**સહકારી સંઘવાદઃ** રાજ્ય સરકારને તેમનાં અમૃત શહેરોનું મૂલ્યાંકન, મંજૂરી અને માન્યતા માટે સત્તા આપવામાં આવી છે – આ યોજના અગાઉની જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JNNURM)થી અલગ છે, જેમાં વ્યક્તિગત પરિયોજનાઓને તત્કાલીન શહેરી વિકાસ મંત્રાલય દ્વારા માન્યતા આપવામાં આવતી હતી.



**સંસ્થાકીય સુધારા માટે માળખુંઃ** શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULB)ની વહીવટી કામગીરી અને સંસ્થાકીય ક્ષમતાઓ સુધારવા માટે અમૃતમાં સંસ્થાકીય સુધારા પર ભાર મૂકવામાં આવે છે. આ સુધારાઓનું લક્ષ્ય સારી સેવાઓ આપવાનું અને વધુ જવાબદારી તેમજ પારદર્શકતાનું છે. સુધારાઓનું માળખું (સુધારાના પ્રકાર અને સીમાચિહ્નો સહિત) રાજ્ય અને અમૃત શહેરોને સોંપવામાં આવ્યું છે.



**'વૃદ્ધિવાદ' અને અગ્રતાના સિદ્ધાંતોઃ** નાગરિકો માટે પાણીના પુરવઠાના સાર્વત્રિક કવરેજ અને ગટર વ્યવસ્થાના કવરેજમાં સુધારા માટે ULB દ્વારા સીમાચિહ્નિત સેવા સ્તર તરફ આગળ વધવા માટે આ મિશન અંતર્ગત તબક્કાવાર અભિગમ 'વૃદ્ધિવાદ'નો સિદ્ધાંત લાવવામાં આવ્યો છે. વિવિધ સીમાચિહ્નો હાંસલ કરવા માટે આ તબક્કાવાર પ્રગતિ છે. પાણી અને ગટર વ્યવસ્થાની તાત્કાલિક જરૂરિયાતોને પારખીને રાજ્યએ પાણીના પુરવઠા અને ગટર વ્યવસ્થા પરિયોજનાઓની પ્રાથમિકતા નક્કી કરવાની હોય છે – પાણીના પુરવઠાને સૌથી પહેલાં પ્રાથમિકતા આપવામાં આવે છે.



**દંડના બદલે ઈન્સેન્ટિવઃ** અગાઉની JNNURM યોજનામાં પરિયોજનાઓ માટે વધારાની કેન્દ્રીય સહાય (ACA)ના ૧૦% રકમને સુધારાઓ પૂર્ણ કરવામાં ના આવે તો રોકી દેવામાં આવતી હતી. આના કારણે તમામ રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોને ૧૦% રકમનું નુકસાન થતું હતું, કારણ કે ૧૦૦% સુધારા કોઈ લાગુ કરી શકતા નહોતા. આથી કેટલીક પરિયોજનાઓ ભંડોળની અછતમાં સપડાઈ ગઈ અને અધૂરી રહી ગઈ હતી. રાજ્યને પ્રોત્સાહન આપવા માટે અને તેમણે હાથ ધરેલી પહેલને રચનાત્મક રીતે પુરસ્કૃત કરવા માટે, અમૃત અંતર્ગત સુધારાના અમલને ઈન્સેન્ટિવ સાથે જોડી દેવામાં આવ્યો છે. – બજેટની ૧૦% રકમ સુધારા ઈન્સેન્ટિવ માટે નિર્ધારિત કરવામાં આવી છે અને આ રકમ પરિયોજના માટે આપવામાં આવતી રકમ કરતાં વધારાની અને તે સિવાયની છે. વર્ષ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ દરમિયાન રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોને ચાર નાણાકીય વર્ષનાં સીમાચિહ્નોની સામે તેમણે હાંસલ કરેલા સુધારા બદલ ઈન્સેન્ટિવ પેટે અનુક્રમે રૂ. ૪૦૦ કરોડ, રૂ. ૫૦૦ કરોડ, રૂ. ૩૪૦ કરોડ અને રૂ. ૪૧૮ કરોડ આપવામાં આવ્યા હતા. આ રકમ મુક્ત છે અને અમૃત અંતર્ગત ભલામણ કરવામાં આવેલી કોઈ પણ ચીજ માટે રાજ્ય/ULBના હિસ્સા સાથે અથવા હિસ્સા વગર ઉપયોગમાં લઈ શકાય છે.




**મિશન પર દેખરેખઃ** અમલીકરણની પ્રગતિ અને તેમાં રહેલી ઊણપને સમજવા માટે વિવિધ સ્તરે આ કાર્યક્રમ પર દેખરેખ રાખવામાં આવે છે. રાજ્ય સ્તરે મુખ્ય સચિવના નેતૃત્વ હેઠળ સ્ટેટ હાઈ પાવર્ડ સ્ટિયરિંગ કમિટી (SHPSC) મિશનની પરિયોજનાઓ પર સંપૂર્ણ રીતે દેખરેખ રાખે છે અને મંજૂરીઓ આપે છે. કેન્દ્ર સ્તરે, MoHUAના સચિવના નેતૃત્વ હેઠળ સર્વોચ્ચ સમિતિ સ્ટેટ એન્યુઅલ એક્શન પ્લાન્સ (SAAP)ને મંજૂરી આપે છે અને તેની પ્રગતિની દેખરેખ કરે છે. તેમજ, તમામ પરિયોજનાઓ પર મિશન MIS ડેશબોર્ડ દ્વારા તમામ પરિયોજનાઓના જીઓ-ટેગિંગ સાથે રિયલ-ટાઈમ ધોરણે દેખરેખ રાખવામાં આવે છે. જિલ્લા સ્તરે પ્રાદેશિક સમીક્ષા અને દેખરેખ સમિતિ (DLRMC) દ્વારા પરિયોજનાઓનો વિગતવાર તપાસ અહેવાલ તૈયાર કરવામાં આવે છે. દરેક રાજ્યમાં સમીક્ષા માટે IRMAની નિયુક્તિ કરવામાં આવે છે અને તેઓ તૃતીય પક્ષ તરીકે પાયાના ધોરણથી મિશનની પ્રગતિ પર દેખરેખ રાખે છે.

## અત્યાર સુધીની પ્રગતિઃ


MoHUA દ્વારા પહેલાં ત્રણ વર્ષમાં સમગ્ર મિશનના સમયગાળા દરમિયાન તમામ રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશો માટે રૂ. ૭૭,૬૪૦ કરોડની કિંમતના સ્ટેટ એન્યુઅલ એક્શન પ્લાન્સ (SAAP) મંજૂર કરવામાં આવ્યા છે, આમાંથી, રૂ. ૩૯,૦૧૧ કરોડ (૫૦%) ફાળવણી પાણી પુરવઠો, રૂ. ૩૨,૪૫૬ કરોડ (૪૨%) ગટર વ્યવસ્થા અને કચરાના નિકાલ, રૂ. ૨,૯૬૯ કરોડ (૪%) સ્ટોર્મ-વોટર ડ્રેનેજ પરિયોજનાઓ, રૂ. ૧,૪૩૬ કરોડ (૨%) બિન-મોટરચાલિત શહેરી પરિવહન અને રૂ. ૧,૭૬૮ કરોડ (૨%) હરિયાળી જગ્યાઓ અને પાર્કના નિર્માણ માટે ફાળવવામાં આવ્યા છે.

**આકૃતિ ૧: અમૃત હેઠળ ક્ષેત્ર અનુસાર ફાળવણીઃ**




રૂ. ૭૭,૬૪૦ કરોડના મંજૂર કરવામાં આવેલા પ્લાનની સામે રૂ. ૭૦,૯૬૯ કરોડની કિંમતની ૫,૨૩૦ પરિયોજનાઓના કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવ્યા છે જેમાંથી રૂ. ૬,૪૬૯ કરોડની ૨,૧૧૧ પરિયોજનાઓ પૂર્ણ થઇ ગઇ છે અને બાકીની પરિયોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. વધુમાં, રૂ. ૧૦,૯૪૫ કરોડની કિંમતની પરિયોજનાઓ અત્યારે ટેન્ડર ફાળવણીની કામગીરી હેઠળ છે, જેમાં રાજ્ય/શહેરો દ્વારા હાથ ધરવામાં આવેલાં વધારાનાં કાર્યો પણ સામેલ છે.

- વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર, ૫૦૦ મિશન શહેરોમાં કુલ ૪.૬૮ કરોડ શહેરી ઘરમાંથી, ૨.૯૮ કરોડ પરિવારો (૬૪%)ને નળ દ્વારા પાણીના પુરવઠા હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- અમૃત હેઠળ રૂ. ૩૯,૦૧૧ કરોડના રોકાણ દ્વારા, ઓગસ્ટ ૨૦૧૯ સુધીમાં ૬૦ લાખ ઘરમાં પાણીના નળનાં નવાં જોડાણો આપવામાં આવ્યા છે.
- પાણીના નળનાં અન્ય ૭૯ લાખ જોડાણ હાલમાં ચાલી રહેલી પરિયોજનાઓ અને સંપાત દ્વારા આપવામાં આવશે.
- ૨૦૧૧માં ૩૧% ગટર વ્યવસ્થા કવરેજ હતું, જે મિશન પૂર્ણ થવાના સમયગાળા સુધીમાં વધીને ૬૨% સુધી લઇ જવા માટે રૂ. ૩૨,૪૫૬ કરોડનું રોકાણ ચાલુ છે.
- અત્યાર સુધીમાં શહેરોમાં ઘર સુધીના સ્તરે ૪૦ લાખ ગટર જોડાણ ઉમેરવામાં આવ્યાં છે અને આ મિશન હેઠળ વધારાનાં ૧૦૫ લાખ ગટર જોડાણ આપવામાં આવશે.




Water Supply Scheme, Dehradun, Uttarakhand

Water Treatment Plant, Bhopal (Bhauri)

Water Treatment Plant, Serampore, West Bengal

FSSTP at Bhubaneswar




વધુમાં અમૃતની મદદથી શહેરોમાં હરિયાળી જગ્યાઓ અને પાર્ક, ફૂટપાથ, ચાલવા માટેના માર્ગ, સ્કાયવોક વગેરેના વિકાસમાં મદદ મળી છે, જેના કારણે લોકોના જીવનધોરણની ગુણવત્તા સુધારી શકાઇ છે.

**શહેરી સુધારાઃ**

કેટલાક મહત્ત્વપૂર્ણ સુધારા નીચે દર્શાવ્યા અનુસાર છેઃ

**ઑનલાઇન બિલ્ડિંગ પરમિશન સિસ્ટમ (OBPS):**

બાંધકામની મંજૂરીઓમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ (EoDB) સુવિધા આપવાના આશય સાથે, આંતરિક/બાહ્ય એજન્સીઓમાંથી સામાન્ય અરજીફોર્મ અને તમામ ક્લિયરન્સ/ નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ્સ (NOC) મેળવવાની સુવિધા સાથે એપ્રિલ ૨૦૧૬થી દિલ્હી અને મુંબઇમાં ઑનલાઇન બિલ્ડિંગ પરમિશન સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે.

**ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ**

તાજેતરમાં બહાર પડેલા વર્લ્ડ બેંક ડુઇંગ બિઝનેસ રિપોર્ટ (DBR) અનુસાર બાંધકામની મંજૂરીઓમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં ભારતનો રેન્ક છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૫૮ સ્થાન આગળ આવી ગયો છે. ૨૦૧૭માં DBRમાં ભારતનો રેન્ક ૧૮૫મો હતો જે DBRમાં સુધરીને ૨૭ થઇ ગયો છે.

૩૧ માર્ચ ૨૦૨૦ સુધીમાં સમગ્ર દેશનાં તમામ શહેરો/નગરોમાં ઑનલાઇન બિલ્ડિંગ પરમિશન સિસ્ટમનો અમલ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૪૪૦ અમૃત શહેરો સહિત ૧,૮૩૨ શહેરોમાં આ અમલીકરણ થઇ ગયું છે. આંદામાન અને નિકોબાર ટાપુઓ, આંધ્રપ્રદેશ, દાદરા અને નગર હવેલી, દિલ્હી, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, તેલંગાણા અને ત્રિપુરા એમ ૧૩ રાજ્ય/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં તમામ ULBમાં OBPSનો અમલ કરવામાં આવ્યો છે.

**સ્ટ્રીટ લાઇટના સ્થાને LED લાઇટઃ**

૬૫ લાખ પરંપરાગત સ્ટ્રીટ લાઇટના સ્થાને ઉર્જા કાર્યદક્ષ LED લાઇટ લગાવવામાં આવી છે. તેનાથી દર વર્ષે ૧૩૯ કરોડ KWH વીજળીની બચત થાય છે અને દર વર્ષે CO2 ઉત્સર્જનમાં ૧૧ લાખ ટનનો ઘટાડો થાય છે.


**ક્રેડિટ રેટિંગઃ**

કુલ ૪૮૫ શહેરોમાંથી ૪૬૯ અમૃત શહેરોનું ક્રેડિટ રેટિંગ થઇ ગયું છે. ૧૬૩ શહેરોને ઇન્વેસ્ટિબલ ગ્રેડ (IGR) રેટિંગ આપવામાં આવ્યું છે, જેમાંથી ૩૬ શહેરોને "A" અને તેથી ઊંચું રેટિંગ આપ્યું છે. ઓછા રેટિંગ ધરાવતાં શહેરોમાં નીચે દર્શાવેલા પગલાં લેવામાં આવ્યાં છે, જેથી તેની કામગીરીમાં સુધારો આવે અને તેનું ક્રેડિટ રેટિંગ વધે તેમજ તેમની પરિયોજનાઓ માટે ભંડોળ વધારી શકાય.

**મ્યુનિસિપલ બોન્ડ્સઃઃ**

વર્ષ ૨૦૧૭-૧૯ દરમિયાન શહેરી માળખાકીય સુવિધામાં સુધારો કરવા માટે ૮ મિશન શહેરો (અમદાવાદ, અમરાવતી[૨], ભોપાલ, હૈદરાબાદ, ઇન્દોર, પુણે, સુરત અને વિશાખાપટ્ટનમ) દ્વારા મ્યુનિસિપલ બોન્ડ મારફતે રૂ. ૩,૩૯૦ કરોડ ઊભા કરવામાં આવ્યા છે. મંત્રાલય દરેક શહેરને દર ૧૦૦ કરોડ રૂપિયા દીઠ રૂ. ૧૩ કરોડ અને મહત્તમ રૂ. ૨૦૦ કરોડ ઇન્સેન્ટિવ પેટે આપે છે. આનાથી બોન્ડના સમયગાળા દરમિયાન ૨%ની વ્યાજ સબસિડી મળે છે.

**બાંધકામની મંજૂરીઓમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ (વૈશ્વિક રેન્ક):**





૮ શહેરોમાં બોન્ડ વધારવા માટે રૂપિયા ૧૮૧ કરોડ આપવામાં આવ્યા છે. બોન્ડ વધારવાના કારણે ULBમાં વહીવટ, હિસાબી પ્રણાલીઓ, ફાઈનાન્સ, પારદર્શકતા, જવાબદારી અને સેવાઓ પૂરી પાડવાની કામગીરીમાં સુધારો આવ્યો છે. સરકાર આગામી ૪ વર્ષમાં ઓછામાં ઓછાં ૫૦ શહેરોમાં બોન્ડ વધારવાનું લક્ષ્ય ધરાવે છે. તેનાથી તેમની આત્મ નિર્ભરતા વધશે અને નાગરિકોને સેવાઓ પૂરી પાડવાનો આત્મવિશ્વાસ પણ વધશે.

મ્યુનિસિપલની કામગીરી વધુ મજબૂત બનાવવા માટે ૫૨,૬૭૩ કર્મચારીઓને તક્નીકી તાલીમ આપવામાં આવી છે.

**જળશક્તિ અભિયાન - શહેરીઃ**

પાણીની અછતની રાષ્ટ્રીય સમસ્યાનો નિકાલ લાવવા માટે, ભારત સરકારના જળશક્તિ મંત્રાલય (MoJS) દ્વારા ૧ જુલાઇ, ૨૦૧૯થી જળશક્તિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અંતર્ગત જળ સંવર્ધન, સંગ્રહ, રિચાર્જ અને નકામા પાણીના પુનઃ ઉપયોગ સંબંધિત અભિયાન ચલાવવામાં આવ્યાં છે. જળ સંવર્ધનના પગલાંઓને એક જનઆંદોલનમાં પરિવર્તિત કરવા માટે સમગ્ર દેશમાં પાણીની અછત ધરાવતાં ૭૫૪ શહેરોમાં વિસ્તૃત માહિતી, શિક્ષણ અને કમ્યુનિકેશન (IEC) પ્રવૃત્તિઓનાં આયોજનોમાં રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશો ઉપરાંત MoHUA દ્વારા સક્રિયપણે JSAમાં ભાગ લે છે.

**સ્ટ્રીટ લાઇટના સ્થાને LED લાઇટઃ**





આ અભિયાન બે તબક્કામાં હાથ ધરવામાં આવ્યું છેઃ પહેલો તબક્કો ૧ જુલાઇ, ૨૦૧૯થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯ દરમિયાન અને બીજો તબક્કો ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯થી ૩૦ નવેમ્બર ૨૦૧૯ દરમિયાન છે, જે પાછોતરો વરસાદ એટલે કે વળતું ચોમાસું આવતું હોય તેવા રાજ્ય માટે છે. જળશક્તિ અભિયાન (શહેરી)ની મુખ્ય બાબતો નીચે દર્શાવ્યા અનુસાર છેઃ

**a) વરસાદી પાણીનું સંવર્ધનઃ** ULB દ્વારા રેઇનવોટર હાર્વેસ્ટિંગ સેલ, ભૂગર્ભ જળસ્ત્રોતોને રિચાર્જ કરવા અને પાણીનો સંગ્રહ કરવા માટે RWH માળખાઓનું નિર્માણ અને સ્થાપના ના પગલા લેવામાં આવ્યાં છે.

**b) ગંદા પાણીને સ્વચ્છ કરી તેનો ફરી ઉપયોગઃ** ULB દ્વારા જાહેર ઇમારતોમાં બેવડી પાઇપનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે અને ગંદા પાણીને સ્વચ્છ કરી તેનો ફરી ઉપયોગ બાગકામ, કાર ધોવા અને અગ્નિશામક વગેરે માટે કરવામાં આવે છે.

**c) જળાશય પુનર્જીવિત કરવાં :** ULB દ્વારા બંધ પડેલા કૂવા અને જળાશય સાફ કરીને તેને પુનર્જીવિત કરવા માટે અનેક કામગીરી હાથ ધરવામાં આવી છે.

**d) વૃક્ષારોપણઃ** ULB દ્વારા સમગ્ર શહેરોમાં વૃક્ષારોપણ કરવા માટે સ્થાનિક સામુદાયિક સભ્યોને સક્રિય કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે.




## આગામી સ્થિતિઃ

શહેરી વિસ્તારોમાં પાણી અને ગટર વ્યવસ્થાના કવરેજમાં સુધારો લાવવા માટે અમૃતના કારણે નોંધપાત્ર ગતિ આવી છે. આ મિશનના સમયગાળા દરમિયાન ૫૦૦ શહેરોમાં ૬૦% શહેરી વસ્તીને આવરી લેવાનું લક્ષ્ય છે, જેમાંથી પાણી પુરવઠા માટે સાર્વત્રિક કવરેજ અને ગટર વ્યવસ્થા અને કચરાના નિકાલની સેવાઓના ૬૦% કવરેજનું લક્ષ્ય છે, જોકે બંધારણીય દરજ્જો પામેલાં ૪,૩૭૮ નગરોમાંથી ૩,૫૦૦ કરતાં વધુ નાનાં શહેરો/નગરો હાલમાં, પાણીના પુરવઠા અને ફિકલ સ્લજ અને સેપ્ટેજ મેનેજમેન્ટ માળખાકીય સુવિધા માટે કોઈ પણ કેન્દ્રીય યોજના અંતર્ગત આવતા નથી. તમામ લોકો માટે પાણી અને ગટર વ્યવસ્થાનું ટકાઉક્ષમ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે SDG લક્ષ્ય ૬ તેમજ મૂલ્યવાન પાણીના સંવર્ધન તેમજ ઉચિત ઉપયોગ માટે જળ જીવન મિશનની પ્રધાનમંત્રીએ કરેલી જાહેરાતને ધ્યાનમાં રાખતાં ૧૧૫ મહત્ત્વાકાંક્ષી જિલ્લા પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે અને તેમની જરૂરિયાતો પ્રાથમિકતાએ ઉકેલવી જરૂરી છે. આ મિશનની સિદ્ધિઓને નાનાં શહેરો સુધી પહોંચાડવી પણ એટલી જ આવશ્યક છે.

**જળશક્તિ અભિયાન હેઠળ પ્રગતિઃ**




## એન્ડ નોટ્સઃ

1) SDG 6.1 entails access to safe drinking water and 6.3 is “By 2030, improve water quality by reducing pollution, eliminating dumping and minimizing release of hazardous chemicals and materials, halving proportion of untreated wastewater and sustainability increasing recycling and safe reuse globally.”

2) In case of Amravati, incentive has been given to Andhra Pradesh Capital Region Development Authority (APCRDA) as it is discharging functions of ULB there.

લેખક ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના સચિવ છે.
ઈ-મેલ : ecyurban@nic.in

**In case of any complaints**/ grievances of **Yojana (Gujarati)**, please write to us at: yojanagujarati@gmail.com

For **Yojana (English / Hindi)** : helpdesk1.dpd@gmail.com, pdjucir@gmail.com

# ગતિશીલતા પ્રતિભાવશીલ કરવા શહેરી આયોજન

અમિતા ભીડે



> સ્થળાંતર પ્રત્યેની સક્રિય પહોંચ વડે શહેરના અર્થતંત્ર અને શહેરની ગતિશીલતાને નોંધપાત્ર લાભ મળે છે. છેલ્લા દાયકાએ ભારતમાં ગતિશીલતાનાં અનેકવિધ રૂપોમાં નોંધપાત્ર વધારો જોયો છે. ગતિશીલતાનાં આ રૂપો સામાન્ય રીતે વ્યાખ્યાયિત ખ્યાલ (જન્મસ્થળથી બદલીને અન્ય સ્થળે રહેઠાણ બનાવવું) અથવા તેની દિશા અનુસાર જેમ કે ગ્રામીણ-ગ્રામીણ, ગ્રામીણ-શહેરી અને શહેરી-શહેરી સ્થળાંતરમાં જોવા મળતા ખ્યાલથી તદ્દન આગળ છે.

ગતિશીલતા (mobility) એ વક્રાકાર, પેટા અથવા અસ્થાયી રીતે વધી રહ્યું છે. જો કે સ્થળાંતરના અનેક પ્રવાહ લાંબા અંતર અને આંતરરાજયના પણ છે. ગતિશીલતાની આ ક્રિયાશીલ સ્થિતિ નાનાં અને મોટા શહેરોમાં સ્થળાંતર કરનારાઓની ઉપસ્થિતિ અને યોગદાન દ્વારા પરિવર્તન પામીને જાહેર નીતિઓ સહિત જુદી જુદી છે.

આ લેખ ખાસ કરીને આવાસીય નીતિઓ અને કઈ રીતે તેઓ સ્થળાંતર કરનારાની ઉપસ્થિતિ અને જરૂરિયાતોને અનુકૂળ નથી તેની સમીક્ષા કરે છે. જાહેર નીતિઓમાં આ મોટો તફાવત સ્થળાંતર કરનારાઓને ઔપચારિક તંત્રમાંથી જુદા એવા વૈકલ્પિક ઉપાયો શોધવાની ફરજ પાડે છે. આ પ્રકારની ભાત એક વિષપૂર્ણ ચક્રનું નિર્માણ કરે છે કે જેમાં શહેર અને સ્થળાંતરકારો બંને ફસાઈ જાય છે. શહેરની સરકારને તાત્કાલિક જરૂરી ક્ષમતાઓ, સંસાધનો અને સત્તાઓથી સજ્જ કરવાની તાતી જરૂરિયાત છે જેથી કરીને તેઓ સ્થળાંતર કરનારાઓના મુદ્દાઓને ઓળખી અને પહોંચી શકે.

વસતી ગણતરીના આંકડા જ્યારે સ્થળાંતર કરનારાઓની સંખ્યા ૩.૩ મિલિયનની બતાવે છે ત્યારે અન્ય અનેક અભ્યાસ જેવા કે ભારતનું આર્થિક સર્વેક્ષણ-૨૦૧૭ સૂચવે છે કે આ એક નોંધપાત્ર ઓછો અંદાજ છે. સ્થળાંતરનો ઓછો અંકાયેલો અંદાજ એ ચિંતાનો વિષય એટલા માટે છે, કારણ કે તેના લીધે નીતિઓની અવગણના થાય છે (ચંદ્રશેખર અને ડોરે, ૨૦૧૪). અન્ય સંલગ્ન ચિંતાનો વિષય સ્થળાંતરકારોની હાજરી અને પ્રવૃત્તિઓના માધ્યમથી પરિવર્તન પામેલાં સ્થળ અને ગંતવ્યને લગતો છે.

એવી ધારણા કે શહેરીજનો બેઠાડું છે અને નાગરિકત્વ અને લાંબા સમયનો વસવાટ વચ્ચેનું જોડાણ એ સ્થળાંતરની વર્તમાન ઉભરતી ભાત કે જે મોટા પાયે વક્રાકાર, કામચલાઉ અને અસ્થાયી છે તેની સાથે મેળ નથી ખાતી. એવું લાગે છે કે જાણે મોટા ભાગની શહેરી નીતિઓ કે જેમને કેન્દ્ર અથવા રાજ્ય સ્તરે શરૂ કરવામાં આવી હોય તેમણે આ ઊભરતાં રૂપોની અવગણના કરી છે. વાસ્તવમાં, બેઠાડું પક્ષપાત એ સ્થળાંતર કરનારા માટે શરૂ કરવામાં આવેલ વિશેષ નીતિઓમાં પણ જોવા મળે છે.

તેમના પક્ષે, મોટા ભાગના સ્થળાંતરકારોને તેમની પાસે ઉપલબ્ધ હોય તેવા ઉપાય શોધવા માટે અને પોતાની જાતને ઔપચારિક તંત્રની બહાર સુરક્ષિત કરવા માટે ફરજ પડે છે. આશ્રય, પાયાની



સેવાઓ, શિક્ષણ અને આરોગ્ય કાળજીનાં ક્ષેત્રોમાં આ પ્રકારના ઉપાયો માત્ર સ્થળાંતર કરનારાઓ માટે જ મુશ્કેલ પરિસ્થિતિ ઉત્પન્ન નથી કરતા પરંતુ સૌથી અગત્યનું છે કે મોટા ભાગના આ ઉપાય શહેરી સરકારી તંત્ર માટે નવા પડકારો ઊભા કરે છે. આ લેખ શહેરી પરિવર્તનના મહત્ત્વના ભાગ તરીકે ગતિશીલતા પ્રતિભાવી, સ્થાનિક સરકાર દ્વારા સંચાલિત નીતિગત વાતાવરણ માટેના કેસની દલિલ કરે છે.

**ભારતમાં ગતિશીલતાનાં બદલાતાં સ્વરૂપો અને માપદંડોઃ**

છેલ્લા દાયકાએ ભારતમાં ગતિશીલતાનાં સ્વરૂપ અને માપદંડમાં અને સાથે-સાથે તેમનો અભ્યાસ કરવાની પદ્ધતિઓમાં પણ નોંધપાત્ર વધારો જોયો છે. સ્થળાંતરને સમજવાની પરંપરાગત રીત એ વસ્તી ગણતરીની વ્યાખ્યા અને તેનાં કારણો સમજવાના પ્રયાસો પર આધારિત છે. વસ્તી ગણતરી સ્થળાંતરકારને એક એવી વ્યક્તિ તરીકે વ્યાખ્યાયિત કરે છે કે જેનો આવાસ અગાઉની વસ્તી ગણતરીમાં નોંધાયેલ આવાસથી બદલાયેલો હોય અથવા તે વ્યક્તિ જેણે પોતાના જન્મસ્થાનથી પોતાનું આવાસ બદલ્યું છે. આ વ્યાખ્યા અનુસાર દેશમાં આશરે ૪૫.૩૬ કરોડ સ્થળાંતરકારો છે. તેમાંથી ૬૪% પોતાના વર્તમાન આવાસ પર દસ વર્ષથી વધુ સમયથી સ્થળાંતરિત થયા છે. આમ છતાં આ ભારતમાં ગતિશીલતાના પરિદ્રશ્યનો માત્ર એક જ ભાગ છે.

તાજેતરમાં અનેક તજજ્ઞ અને ભારતના આર્થિક સર્વેક્ષણે પણ એ બાબત પ્રત્યે દિશા-નિર્દેશ કર્યો છે કે વસ્તી ગણતરીમાં અને સાથે-સાથે નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ (એનએસએસઓ)ની માહિતીમાં સ્થળાંતર અંગે નોંધપાત્ર રીતે ઓછો અંદાજ આંકવામાં આવ્યો છે અને આ બંને માહિતીના સ્ત્રોતોમાં ટૂંકા સમયના અને વક્રાકાર સ્થળાંતરની અવગણના કરવામાં આવી છે. આમાંના કેટલાક અભ્યાસોમાં દેશિંગકર અને અક્તર (૨૦૦૯) કે જેમણે તેમનો ૧૦૦ મિલિયન સ્થળાંતરકારનો અંદાજ ક્ષેત્રિય સમિક્ષામાંથી મેળવ્યો છે તેનો સમાવેશ થાય છે. ચંદ્રશેખર અને શર્મા (૨૦૧૪) દ્વારા અન્ય અંદાજ આંકે છે કે શહેરી સ્થળાંતરકારની સંખ્યા ૨૦૦૯-૧૦માં ૧૦ મિલિયન કરતાં વધારે છે અને ટુમ્બે (૨૦૧૬) નોંધે છે કે આશરે ૨૦% ગ્રામીણ પરિવારમાં ઓછામાં ઓછો એક સ્થળાંતરકાર હતો.

દેશિંગકર અને અન્ય દ્વારા સૂચવવામાં આવેલ અન્ય અંદાજ અનુસાર કાર્યદળના સ્થાન પર સ્થળાંતરકારનો હિસ્સો અને સ્થળાંતરનો અંદાજ ૧૦૦ મિલિયનની આસપાસ હતો. અત્રે એ પણ નોંધનીય છે કે ભારતના આર્થિક સર્વેક્ષણ (૨૦૧૬-૧૭)માં આંતરરાજકીય સ્થળાંતરનો અંદાજ ૬૦ મિલિયન અને આંતરજિલ્લાકીય સ્થળાંતરનો અંદાજ ૮૦ મિલિયનની આસપાસ અંદાજવામાં આવ્યો છે. આમ છતાં, એ બાબત સમજવી જરૂરી છે કે એ બાબતના સ્પષ્ટ સંકેતો મળે છે કે ભારતમાં ગતિશીલતા જુદી જુદી છે અને કોઈ એક ચોક્કસ સ્થાયી પગલાને અનુસાર નિર્ધારિત નથી. બે સ્વરૂપો કે જેઓ ખાસ કરીને મહત્વના છે તે છેઃ

a) કમ્પ્યુટિંગ

b) વર્તુળાકાર સ્થળાંતર

ગતિશીલતાના આ બંને સ્વરૂપનો અર્થ કઈ રીતે શહેરોને આકાર આપવામાં આવ્યો છે તે થાય છે.

**ગતિશીલતા કઈ રીતે સ્થળોને પરિવર્તિત કરે છેઃ**

નાયક અને રેન્ડોલ્ફ (૨૦૧૮) ખાતરી આપે છે કે સ્થળાંતરની સાથે-સાથે સ્થળાંતરના પ્રવાહના માધ્યમથી સ્થળોમાં થઇ રહેલા ફેરફાર ઉપર ધ્યાન આપવું ખૂબ જરૂરી છે. તેમણે આ સંદર્ભે સ્થળાંતર જંકશનના ખ્યાલને રજૂ કર્યો છે. મોટા પાયાના સ્થળાંતરની જે તે સ્થળ માટે

નોંધપાત્ર અસર જોવા મળે છે. વધુ સ્થાયી હેરફેરને માપતા પરંપરાગત આંકડા આ અસરને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આવાસ ઉપર એક બોજ તરીકે અંદાજે છે.

આમ છતાં, સ્થળાંતરના વધુ અસ્થાયી સ્વરૂપ આપણને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આવાસના ચોક્કસ પ્રકાર અને સ્વરૂપો તેમજ સાથે સાથે શરતો કે જેના આધારે તેમની રચના થઇ છે તેમના ઉપર ધ્યાન દોરવા માટે ફરજ પાડે છે. સ્થળાંતરકારોનાં અસ્થાયી સ્વરૂપો એવા લોકો છે કે જેઓ શહેરના અર્થતંત્રમાં ત્યારે યોગદાન આપે છે કે જ્યારે તેઓ ત્યાં હોય છે પરંતુ તેમના પ્રયાસો તેઓ જ્યાંથી આવે છે તે જગ્યા તરફ વધુ પ્રવાહિત રહે છે, અર્થાત્ત સ્ત્રોત વિસ્તારો. આ એવી જગ્યાઓ છે કે જ્યાં તેઓ વળતર, રોકાણ, સંપત્તિ નિર્માણ અને રાજય કરના સંદર્ભમાં યોગદાન આપે છે. બીજી બાજુ, તેઓ આર્થિક પ્રવાહોમાં અને પરિણામોમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે, શહેરમાંથી ઓછા સ્ત્રોત ખેંચે છે તથા નવા વિચારો અને કામ કરવાની રીતોમાં નવીનીકરણ લાવે છે.

જ્યારે કામ અને આર્થિક કારણો આ પ્રકારના સ્થળાંતર માટે મોટા ચાલકો હોઈ શકે છે ત્યારે શિક્ષણ અને આરોગ્ય સ્ત્રોતો શોધવા એ પણ આનાં ગૌણ કારણો હોઈ શકે છે. તે શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓ ઉપર ચોક્કસ માંગોનું નિર્માણ કરે છે. વધુમાં, આ પ્રકારની માંગ સ્થાનિક સ્તર પર હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, દવાખાનાંઓ લાંબા ગાળાના ઈલાજની જરૂરિયાત ધરાવતા દર્દીઓને આકર્ષે છે અને આથી તેઓ આવા મુલાકાતીઓ (દર્દીઓ અને કાળજી રાખનારાઓ માટે) મહત્ત્વના વળાંક તરીકે બહાર આવી શકે છે. આ પ્રકારના સ્થાન કોલેજો અને એવા વિસ્તારો કે જ્યાં સ્થળાંતરકાર-ભારે આર્થિક પ્રવૃત્તિઓ જેવી કે બાંધકામ, રિસાઈકલિંગ વગેરે થાય છે ત્યાં પણ જોવા મળે છે.




ગતિશીલતાને અનુકૂળ પહોંચ અપનાવવા માટે હૈદરાબાદ મેટ્રો પોતાના લેખિત સંદેશમાં ચાર ભાષાનો ઉપયોગ કરે છે.

સેવાઓ ઉપરની માંગ વિશાળ શ્રેણીની હોઈ શકે છે-વાહનવ્યવહારના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાતથી લઈ મોટા પાયે તેને અનુકૂળ બનાવવા સુધી લાંબા અંતરના આવાગમનથી લઈ સભાના વિસ્તારોમાં પહોંચક્ષમ પાયાગત સેવાઓના નિર્માણ સુધી અને પહોંચક્ષમ પોષણ સુધી તેમજ પહોંચમાં હોય તેવા નજીકના આશ્રયના વિકલ્પોનું નિર્માણ કરવા સુધી તે વિસ્તરેલા છે. સ્થળાંતરકારો જે ભાષાથી પરિચિત હોય તે ભાષામાં શાળાકીય શિક્ષણ અને એક સ્થાનિક વહીવટ અને સેવાઓ કે જે પોતે પણ વાતચીતમાં આ ભાષાઓનો ઉપયોગ કરતી હોય તેની પણ જરૂરિયાત છે.

આ પ્રકારની જરૂરિયાતોની અવગણના લોકોને પોતાના ઉપાય ઘડવા તરફ ધકેલે છે. ત્યાર પછી રોડ જંકશન એ ચા-ખાણી-પીણીના સ્ટોલ સાથેના 'અડ્ડા'માં પરિવર્તિત થઇ જાય છે, આરામનાં સ્થળો, પગદંડીઓ અને રસ્તાઓ પણ પછીથી સભાનાં સ્થાનોની જગ્યા લઇ લે છે. એ જ રીતે દવાખાના નજીકની ગલી એક અનૌપચારિક રહેઠાણમાં પરિવર્તિત થઇ જાય છે. બહારના વિદ્યાર્થીઓ ધરાવતી કોલેજની આસપાસના વિસ્તારમાં ભાડાનાં મકાનો અને ફાસ્ટ ફૂડના સ્ટોલની તીવ્ર માંગ ઊભી થઇ જાય છે.

રિસાયકલિંગની જગ્યાઓ ઉપર અસ્થાયી સ્વરૂપે ઝૂંપડીઓ ઊભી થઇ જાય છે. જાહેર વાહનવ્યવહારના અભાવે રસ્તાઓ મળમૂત્ર અને પેશાબના સ્થળો બની શકે છે; કિનારાઓ કચરો નિકાલ કરવાની જગ્યાઓ બની શકે છે અને ઝૂંપડપટ્ટીઓનું નિર્માણ અથવા નિરાશ્રિતોમાં પણ વધારો થઇ શકે છે. બીજી બાજુ સ્થળાંતર માટે સક્રિય પહોંચ શહેરના અર્થતંત્ર અને શહેરની ગતિશીલતા માટે નોંધપાત્ર લાભ તરફ

દોરી જઈ શકે છે. તેનું એક સારું ઉદાહરણ હૈદરાબાદ મેટ્રોનું છે કે જે તેના લખાણવાળા સંદેશોમાં ચાર ભાષાનો ઉપયોગ કરે છે.

### શહેરી નીતિઓમાં સ્થળાંતરકારોને સહાયભૂત બનવા માટે નવા દ્રષ્ટિકોણની જરૂરિયાતઃ ટૂંકા ગાળાના આવાસઃ

ટૂંકા ગાળાના આવાસ એ કદાચ ભારતીય શહેરોની સૌથી વધુ ગંભીર અને પૂર્ણ ના થયેલી જરૂરિયાત છે. તેમને અવારનવાર ભાડાના ઘરની જરૂરિયાત તરીકે જોવામાં આવે છે પરંતુ અસ્થાયી ઘરની જરૂરિયાત એ ભાડાનાં મકાનો કે જે અનેક મહિના સુધી લંબાય છે તેના કરતાં ક્યાંય ઉપર છે. શહેરોના ટૂંકા ગાળાના મુલાકાતીઓમાં એ તમામ જૂથનો સમાવેશ થાય છે કે જેઓ શહેરનો એક સ્ત્રોત તરીકે ઉપયોગ કરે છે. હોટલના રહેવાસથી વધુ અને ભાડાના ઘર કરતા ઓછો રહેવાસ સૌથી વધુ અવગણવામાં આવ્યો છે.

આવાસીય બજારોએ આ જરૂરિયાતને ઓળખવાનો પ્રયાસ કર્યો છે અને સર્વિસ એપાર્ટમેન્ટના માધ્યમથી તેને પૂરી કરે છે. આમ છતાં, જ્યારે ઓછી આવકની વાત આવે ત્યારે વિકલ્પની સંપૂર્ણ ગેરહાજરી જોવા મળે છે. પહેલાંના દિવસોમાં, શહેરોમાં ધર્મશાળાઓ હતી. વર્તમાન ભારતીય શહેરોમાં આ પ્રકારના વિકલ્પનો અભાવ છે. તેના લીધે દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિનું નિર્માણ થાય છે. તેનું જીવંત ઉદાહરણ ટાટા મેમોરિયલ હોસ્પિટલ, મુંબઈ ખાતે કેન્સરના દર્દીઓ અને તેમની કાળજી લેનારાઓને જ્યારે ઉપચાર ચાલતો હોય ત્યારે કઈ રીતે શેરીઓમાં દવાખાનાની બહાર કેટલાક મહિના સુધી આશ્રય શોધવાની ફરજ પડે છે તે છે.

ટૂંકા ગાળાના ઉકેલો શોધવા માટે અન્ય એક નોંધપાત્ર અડચણ વર્તમાન સમયની આવાસની કલ્પનામાં સમાયેલી છે. વર્તમાન આવાસીય નીતિઓ મુખ્યત્વે બે વિસ્તૃત સિદ્ધાંતોમાં રહેલ છે - પ્રથમ છે માલિક આધારિત આવાસ અને અન્ય છે સ્ત્રોત તરીકે જમીનનો ઉપયોગ. પ્રથમ સિદ્ધાંત નાગરિકતાનું નિર્માણ કરે છે, તે કોઈ એક સ્થળે સંતુલિત પ્રતિબદ્ધતા અને રોકાણનું નિર્માણ સુરક્ષિત કરવાનું ઉપયોગી સાધન છે. બીજો વિકલ્પ જમીનને મોનેટાઈઝ કરવામાં મદદ કરે છે અને વૈવિધ્યપૂર્ણ રીતે રાજ્યના મહેસૂલમાં યોગદાન આપે છે.

આમ છતાં આ બંને નીતિગત સાધનોની નકારાત્મક અસર એ છે કે તેઓ ટૂંકા ગાળાના આવાસની શક્યતાઓને મર્યાદિત કરી નાખે છે અને શહેરોમાં આશ્રય માટેની જરૂરયાતને ઓછી આંકવામાં આવી છે. જ્યાં સુધી સરકાર દ્વારા સંગઠિત પ્રયાસ કરવામાં ના આવે ત્યાં સુધી મનોવૃત્તિ સમગ્ર શહેરને રોકાણ કેન્દ્રી આવાસીય બ્લોકસ દ્વારા ભરી દેવાની રહેશે. આર્થિક પ્રોત્સાહકો સાથે સંકળાયેલ આ પ્રકારની મનોવૃત્તિ એ પ્રતિકાર કરવા માટેનું શક્તિશાળી બળ છે, પરંતુ જ્યાં સુધી તે કરવામાં ના આવે, ત્યાં સુધી શહેરો અગાઉ વર્ણવવામાં આવેલ પ્રસંગ જેવાં ઉદાહરણો પણ વધતા રહેશે.

આ પ્રકારના મુદ્દા માટે સિવિલ સોસાયટીનાં કેટલાંક ઉદાહરણ છે. આમ છતાં તે જરૂરિયાતની સરખામણીએ ખૂબ ઓછા અને મર્યાદિત છે. વધુમાં વર્તમાન જમીન અને આવાસીય બજારની ગતિશીલતા પણ આ પ્રકારની પહેલ હાથ ધરવા માટે અડચણ સ્વરૂપ બને છે. આ સંદર્ભમાં સરકારી કાર્યની તાતી જરૂરિયાત છે. રાજ્ય સરકારના બદલે કે જેમની પાસે આવાસ અને અન્ય મુદ્દાઓની દ્રષ્ટીએ વધુ ટોચની દ્રષ્ટિ છે તેમની સરખામણીએ વાસ્તવિકતાઓના ઓન ગ્રાઉન્ડ નોલેજ સહિત સ્થાનિક સરકાર તેનો પ્રતિકાર કરી શકે છે.

આથી વર્તમાન રાજ્ય સરકાર આધારિત નીતિઓથી ઉપર ઊઠીને અને સ્થાનિક સરકારને ક્ષમતાના સંદર્ભમાં વધુ સવલતો પૂરી પાડવાની જરૂર છે જેથી કરીને તેઓ આ પ્રકારના મુદ્દાઓને ઓળખી શકે, માહિતી એકત્રિત કરી શકે અને સ્થળાંતર જેવી ગતિશીલ ઘટનાઓને પ્રતિભાવ આપી શકે.

### સંદર્ભઃ



- Deshingkar, P and Akter, S (2009): Migration and Human Development in India, Human Development Research Paper 2009/13. UNDP.
- Government of India (2017): Economic Survey of India 2016-17 Volume-1.
- Chandrashekhar S. and Sharma, A (2014): Urbanization and Spatial Patterns of Internal Migration in India, Working Paper 2014-16, IGIDR.
- Chandrshekhar S. and Dore P. (2014): Internal Migration in India: Setting Context in Urban India Vol-31, Issue-1, Jan-June 2014.
- Naik, M and Randolph G. (2018): Migration Junctions in India and Indonesia, Just Jobs Network and Centre for Policy Research.
- Tumbe, C. (2016): Urbanization, demographic transition and growth of cities in India 1870-2020, International Growth Centre C-35205-INC-1, 2016.



લેખક મુંબઈમાં ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સીઝમાં સ્કૂલ ઓફ હેબિટેટ સ્ટડીઝના પ્રોફેસર અને ડીન છે.
ઈ-મેલ :
amita@tiss.edu

# ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯

**શીતલ કપૂર**



દર વર્ષે ૨૪ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય ગ્રાહક દિવસની ઉજવણી થાય છે. આ દિવસ ગ્રાહક આંદોલનના મહત્ત્વ તેમજ દરેક ગ્રાહકને અધિકારો અને જવાબદારીઓ પ્રત્યે વધારે જાગૃત બનાવવાની જરૂરિયાત સૂચવે છે. આ લેખમાં નવા 'ગ્રાહક સુરક્ષા ધારા, ૨૦૧૯' પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે, જે અત્યાધુનિક બજારની સમસ્યાઓ સાથે સંબંધિત સમસ્યાનું સમાધાન કરે છે, જેથી વિવાદોનું સમયસર અને અસરકારક રીતે સમાધાન થઈ શકે.

છેલ્લા બે દાયકામાં વિવિધ ડિજિટલ ટેક્નોલોજીના વિકાસ, સ્માર્ટફોનના આગમન, ઈન્ટરનેટના વપરાશમાં વધારા, ઇ-કોમર્સ અને ક્લાઉડ ટેક્નોલોજીના ઉપયોગમાં વધારા સાથે ભારતીય ગ્રાહક બજારમાં પરિવર્તનનો પવન ફૂંકાયો છે. ગ્રાહક સુરક્ષા ધારો (સીપીએ), ૧૯૮૬ ગ્રાહકોનાં હિતોનું રક્ષણ કરવા માટે સૌથી વધુ મહત્ત્વપૂર્ણ હતો, જે એકવીસમી સદીમાં વિવિધ પરિબળોના કારણે બિનઅસરકારક બની ગયો હતો. એ ગ્રાહક બજારોમાં ઝડપથી થયેલા ફેરફારોને કારણે ગ્રાહકોનાં હિતોનું રક્ષણ કરવા સમર્થ નહોતો, ખાસ કરીને ઓનલાઈન ખરીદી, ટેલિશોપિંગ, ઉત્પાદન પરત કરવા, બિનસલામત સમજૂતીઓ અને ગેરમાર્ગે દોરતી જાહેરાતોમાં ગ્રાહકોને સુરક્ષા આપવામાં. તેથી સરકાર એ કાયદાને સ્થાને નવો ગ્રાહક સુરક્ષા ધારો, ૨૦૧૯ બનાવી રહી છે.

આપણે જાણીએ છીએ કે ગ્રાહક અદાલતોમાં કેસની સંખ્યા વધી રહી છે અને નાની રકમ માટે ગ્રાહકોને ઝડપથી ન્યાય આપવામાં વિલંબ થવાથી અત્યારે ગ્રાહકોને વધારે સક્ષમ બનાવવા નવો કાયદો લાવવાની જરૂર હતી એટલે સંસદે ગ્રાહક સુરક્ષા ધારો, ૨૦૧૯ (વર્ષ ૨૦૧૯નો ૩૫ નંબરનો) પસાર કર્યો હતો અને ૯ ઓગસ્ટ, ૨૦૧૯નાં રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી. આ કાયદો ગ્રાહકોનાં હિતોનું રક્ષણ કરશે અને ઝડપી વિકલ્પ પ્રદાન કરશે, જેથી ફરિયાદી ગ્રાહકોને ઝડપથી ન્યાય મળશે.

નવો કાયદો જૂના કાયદા ગ્રાહક સુરક્ષા ધારા, ૧૯૮૬નું સ્થાન લેશે. નવો કાયદો ગ્રાહકને ફરિયાદ કરવાની વધારે મજબૂત વ્યવસ્થા પૂરી પાડશે. આ કાયદામાં ગ્રાહકોને સામનો કરવો પડે એવી વિસંગતતાઓ અને સમસ્યાઓને દૂર કરવામાં આવશે. મધ્યસ્થતા, કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળની સ્થાપના, દાવો કરવાની વર્ગીકૃત પ્રક્રિયા વગેરે જેવી નવીન પદ્ધતિઓ ગ્રાહક સુરક્ષા ધારા, ૨૦૧૯માં સામેલ કરવામાં આવશે. નવો ગ્રાહક સુરક્ષા ધારો, ૨૦૧૯ના નિયમોને હજુ બનાવવામાં આવે છે અને એનો અમલ થયો નથી એટલે ગ્રાહક સુરક્ષા ધારા, ૧૯૮૬ની સરખામણીમાં નવો કાયદો શું પ્રદાન કરશે અને બંને કાયદા વચ્ચેની સરખામણી કરવાનો અત્યારે ઉચિત સમય છે.

### ગ્રાહક સુરક્ષા ધારા, ૧૯૮૬ની ખામીઓ:

જ્યારે વર્ષ ૧૯૮૬માં ગ્રાહક સુરક્ષા ધારો લાગુ થયો હતો ત્યારે આ કાયદો ભારતમાં ગ્રાહકનાં હિતોનું રક્ષણ કરવા માટે સીમાચિહ્નરૂપ ગણાયો હતો. આ કાયદાએ ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા રાષ્ટ્રીય, પ્રાદેશિક અને જિલ્લા એમ ત્રણ સ્તરે ઔપચારિક અર્ધન્યાયિક વિવાદ નિવારણ વ્યવસ્થા પૂરી પાડી હતી. આ કાયદો ગ્રાહકોનાં હિતોના રક્ષણ માટે કાયદેસર માળખું પ્રદાન કરતો હતો. ગ્રાહકની ફરિયાદોનું ઝડપથી નિવારણ કરવા અને અર્ધન્યાયિક સત્તામંડળની રચના કરવાના બે ઉદ્દેશ પાર પાડવા ગ્રાહક અદાલતોની સ્થાપના કરવામાં આવી હતી. સિવિલ અદાલતોથી વિપરીત આ અદાલતો ગ્રાહકોને વળતર પ્રદાન કરવાનો ચુકાદો આપવાનો અધિકાર ધરાવે છે પણ સમયની સાથે વિવિધ ગ્રાહક અદાલતોમાં કેસનો ભરાવો થઈ ગયો છે.

**કેટલીક ખામીઓ નીચે મુજબ છે:**

a) આ કાયદો જૂનો થઈ ગયો છે અને ગ્રાહક માટે ઉપલબ્ધ બજારમાં થયેલાં ઝડપી પરિવર્તનો સાથે ગ્રાહકોનાં હિતોનું રક્ષણ કરવા માટે તાલમેલ જાળવી શક્યો નથી. ગ્રાહક સુરક્ષા કાયદા, ૧૯૮૬ની કલમ-૧૩ (૩એ) જણાવે છે કે, "દરેક ફરિયાદનું નિવારણ શક્ય તેટલી ઝડપથી થશે અને સામેના પક્ષને નોટિસ આપ્યાની તારીખથી ત્રણ મહિનાના સમયગાળાની અંદર ફરિયાદનું નિકાલ કરવાનો પ્રયાસ કરવામાં આવશે અને જો ચીજવસ્તુઓનું પરીક્ષણ કરવાની જરૂર પડશે તો પાંચ મહિનાની અંદર ફરિયાદનો નિવારણ કરવાનો પ્રયાસ કરવામાં આવશે. અદાલતોમાં મોટી સંખ્યામાં કેસનો ભરાવો થવાથી અને વારંવાર સુનાવણી મોકૂફ રહેવાથી ન્યાય મેળવવામાં વિલંબ થાય છે.

b) ગ્રાહક પંચમાં મોટી સંખ્યામાં કેસનો ભરાવો થવાથી કામગીરીમાં મોટો વધારો થયો છે અને ગ્રાહક-વિક્રેતા કરાર વિક્રેતા તરફી ઝુકાવ વધારે ધરાવે છે. ઉપરાંત આ પ્રકારની પ્રક્રિયા ખર્ચાળ બની ગઈ છે અને એમાં સમય પણ વધારે લાગે છે.

c) ગ્રાહક ફરિયાદ નિવારણ વ્યવસ્થાનો આધાર ગ્રાહક અદાલતોનાં પ્રમુખો અને સભ્યો છે. તેઓ ફરિયાદ નિવારણ વ્યવસ્થામાં ગ્રાહકોનો વિશ્વાસ સ્થાપિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વિવિધ ગ્રાહક અદાલત કે પંચમાં પ્રમુખ અને સભ્યની ૪૦૦થી વધારે જગ્યા ખાલી છે.

d) ગ્રાહક પંચ અન્ય વિભાગોમાંથી નિયુક્ત કરેલા સ્ટાફ સાથે કામ કરે છે, જેમની પાસે ન્યાયિક કામગીરી કરવાનો અનુભવ નથી એટલે તેમને ગ્રાહક અદાલતોની કામગીરી સુપરત કર્યા અગાઉ આમાટેની વિસ્તૃત તાલીમ પ્રદાન કરવી જરૂરી છે. અત્યારે સભ્ય તરીકે કામગીરી શરૂ કરે પછી તેમને તાલીમ પ્રદાન કરવામાં આવે છે.

e) ગ્રાહક પંચો આપેલા કેટલાંક ચુકાદા અપર્યાપ્ત છે. ગ્રાહકોને ચુકાદાનો અમલ કરાવવા માટે અલગ-અલગ સરકારી વિભાગમાં ફરવું પડે છે.

f) કેસના સમયસર નિકાલ માટે ગ્રાહક પંચના પ્રમુખ અને સભ્ય વચ્ચે ઉચિત સંકલનનો અભાવ છે તથા લગભગ ૧૫ વાર સુનાવણીને પણ મંજૂરી આપવામાં આવે છે.

g) રાષ્ટ્રીય પંચ કે પ્રાદેશિક પંચનાં પ્રમુખ પાસે મોટી સંખ્યામાં લોકોને નુકસાનકારક અસર કરે એવી બાબતોને ધ્યાનમાં લેવા સીધી વિચારણા કરવાનો અધિકાર નથી. ઉદાહરણ તરીકે ગેરમાર્ગે દોરતી જાહેરાતો.

### ગ્રાહક અદાલતો દ્વારા નિકાલ થયેલા કેસનું અવલોકન:

ગ્રાહક વિભાગ પાસે ઉપલબ્ધ આંકડા મુજબ દેશમાં વિવિધ ગ્રાહક અદાલતોમાં ૪.૩ લાખથી વધારે કેસનો નિકાલ થયો નથી. ગ્રાહક અદાલતોની રચના ગ્રાહકોની ફરિયાદોનો નિકાલ ઝડપી અને બિનખર્ચાળ રીતે લાવવા માટે થઈ હતી, જેમાં ગ્રાહક અદાલતમાં ગ્રાહક પોતાનો કેસ રજૂ કરી શકે. આ કાયદાનું સ્વરૂપ જટિલ હોવાથી ઘણા ગ્રાહકોએ વકીલો રોકવાનું શરૂ કર્યું હતું અને ગ્રાહક અદાલતોમાં અવારનવાર સુનાવણી થતી હતી, જેનાથી ગ્રાહકોની સમસ્યાનું સમાધાન આવવામાં વિલંબ થતો હતો.

આંકડાનું વિશ્લેષણ દર્શાવે છે કે પ્રાદેશિક અને રાષ્ટ્રીય પંચની સરખામણી

| ટેબલ ૧.૧: ગ્રાહક મંચની રચના થયા પછી અત્યાર સુધી નિકાલ થયેલા કેસની સંખ્યા (૫.૭.૨૦૧૮ સુધી): | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સંસ્થાનું નામ | રચના થયા પછી દાખલ થયેલા કેસની સંખ્યા | રચના થયા પછી નિકાલ થયેલા કેસની સંખ્યા | ચુકાદાની રાહ જોતા કેસ | કુલ નિકાલ થયેલા કેસ %માં |
| ૧ | રાષ્ટ્રીય પંચ | ૧૨૨૦૪૨ | ૧૦૩૫૨૦ | ૧૮૫૨૨ | ૮૪.૮૨% |
| ૨ | પ્રાદેશિક પંચ | ૭૮૮૪૬૩ | ૬૭૮૧૨૪ | ૧૧૦૩૩૯ | ૮૬.૦૧% |
| ૩ | જિલ્લા પંચ | ૩૯૦૩૭૦૬ | ૩૬૦૫૬૭૩ | ૨૯૮૦૩૩ | ૯૨.૩૭% |
| | કુલ | ૪૮૧૪૨૧૧ | ૪૩૮૭૩૧૭ | ૪૨૬૮૯૪ | ૯૧.૧૩% |

સ્ત્રોતઃ www.ncdrc.nic.in

જિલ્લા ગ્રાહક મંચની કામગીરી ૯૨.૩૭% કેસના નિકાલ સાથે વધારે સારી હતી.

**ગ્રાહક સુરક્ષા ધારો, ૨૦૧૯:**

આ કાયદાનો ઉદ્દેશ ગ્રાહકોનાં હિતોનું રક્ષણ કરવાનો તથા ગ્રાહકોની ફરિયાદોનું સમયસર અને અસરકારક નિવારણ કરવા સત્તામંડળ સ્થાપિત કરવાનો છે તેમજ આ માટે અસરકારક વહીવટીતંત્ર ઊભું કરવાનો છે.

**કેટલીક મુખ્ય બાબતો:**

a) 'ગ્રાહક' પરિભાષામાં હવે ઓફલાઈન અને ઓનલાઈન બંને પ્રકારના ગ્રાહકોનો સમાવેશ થશે. "કોઈ પણ ચીજવસ્તુની ખરીદી" અને "કોઈ પણ સેવાઓ મેળવવી કે એનો લાભ લેવો" શબ્દને સામેલ કરવામાં આવશે, જેથી ઈલેક્ટ્રોનિક માધ્યમો કે ટેલિશોપિંગ કે સીધા વેચાણ કે બહુસ્તરીય માર્કેટિંગ દ્વારા ઓફલાઈન કે ઓનલાઈન એમ બંને પ્રકારના વ્યવહારો સામેલ હશે.

b) કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળ (સીસીપીએ)ની રચના ગ્રાહકોના અધિકારોને પ્રોત્સાહન આપવા, રક્ષણ આપવા અને અધિકારો આપવા માટે, અનુચિત વેપાર કામગીરીથી ગ્રાહકોનાં હિતોનું રક્ષણ કરવા જરૂરી તપાસ અને હસ્તક્ષેપ કરવા તેમજ ઉત્પાદનોને પરત લેવા અને રિફંડ કરવા સહિત કામગીરી શરૂ કરવા માટે થશે.

એટલે કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા ધારો નીચેની બાબતો પર કામ કરી શકે છે:

૧) અનુચિત વેપાર પદ્ધતિઓની ફરિયાદો
૨) સલામતીની માર્ગદર્શિકાના મુદ્દે
૩) ઉત્પાદન પાછું ખેંચવા કે સેવાઓ બંધ કરવા
૪) અન્ય નિયમનકારક સંસ્થાઓને ફરિયાદ સુપરત કરવા
૫) દંડ કરવા જેવા શિક્ષાત્મક અધિકાર ધરાવે છે
૬) ગ્રાહક પંચ સમક્ષ કેસ રજૂ કરી શકે છે
૭) ગ્રાહક અધિકારો કે અનુચિત વેપાર પદ્ધતિઓની બાબતો કાર્યવાહી કરવામાં હસ્તક્ષેપ કરવા માટે.

કેન્દ્રીય સત્તામંડળ કાયદા હેઠળ તપાસ કરવા કે પૂછપરછ કરવા માટે ડાયરેક્ટર જનરલની આગેવાનીમાં તપાસ થશે. ખોટી અને ગેરમાર્ગે દોરતી જાહેરાતો માટે કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા ધારો ઉત્પાદક અને એના સમર્થક પર રૂ. ૧૦ લાખ સુધીનો દંડ કરવાની સત્તા ધરાવી શકે છે, જેમાં ઓનલાઈન માર્કેટિંગ સામેલ છે. અનુગામી અપરાધ માટે રૂ. ૫૦ લાખ સુધીનો દંડ થઈ શકે છે. દરેક અનુગામી અપરાધ માટે પ્રતિબંધનો ગાળો વધીને ત્રણ વર્ષ થઈ શકે છે, જોકે આ પ્રકારના દંડ માટે આ પ્રકારના ઉત્પાદનની હિમાયત કરનાર કે એના સમર્થકને દંડ નહીં કરવામાં આવે. કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા ધારો ગેરમાર્ગે દોરતી જાહેરાતને રદ કરવાનો અધિકાર ધરાવે છે.

c) ન્યાયિક સંસ્થાઓનાં (pecuniary jurisdiction / આર્થિક બાબતોને લગતી) વધશે, જેમ કે જિલ્લા પંચનાં રૂ. ૧ કરોડ સુધીનાં કેસનો ચુકાદો આપી શકશે, પ્રાદેશિક પંચ રૂ. ૧ કરોડથી રૂ. ૧૦ કરોડ સુધીના વિવાદમાં ચુકાદો આપી શકશે અને રાષ્ટ્રીય પંચ રૂ. ૧૦ કરોડથી વધારે રકમ માટેનો ચુકાદો આપી શકશે. ઉપરાંત ફરિયાદો દાખલ કરવાની પ્રક્રિયા સરળ બનાવવાની અને ફરિયાદો ઓનલાઈન દાખલ કરવાની પ્રક્રિયા પણ ઊભી કરવામાં આવી છે.



ફરિયાદનાં નિવાસસ્થાનને ન્યાયિક કાર્યક્ષેત્ર માનવાની જોગવાઈ તેમજ જો ૨૧ દિવસના ચોક્કસ ગાળાની અંદર સ્વીકાર્યતાનો નિર્ણય લેવામાં ન આવે તો ફરિયાદને સ્વીકારમાં આવી છે એમ સમજવું.

d) કાયદો ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણમાં ભેળસેળ કરતાં અથવા ભેળસેળ ધરાવતાં ઉત્પાદનની આયાતમાં સંકળાયેલા લોકો સામે દંડાત્મક કામગીરી કરવાની જોગવાઈ ધરાવે છે.

e) કોઈ પણ ઉત્પાદનનાં ઉપભોગના પરિણામે કે એનાથી નુકસાનના કારણે "ઉત્પાદનની જવાબદારી" નક્કી કરવાની જોગવાઈ, જે માટે ઉત્પાદકની ફરિયાદ પ્રત્યે જવાબદારી નક્કી કરવાની જોગવાઈ.

f) વિવાદનું વૈકલ્પિક સમાધાન (એડીઆર) તરીકે "મધ્યસ્થી"ની જોગવાઈ, જેનો ઉદ્દેશ મધ્યસ્થી દ્વારા ગ્રાહક ફરિયાદોનું સમાધાન કરવા કાયદેસર આધાર પ્રદાન કરવાનો છે, જેના પરિણામે પ્રક્રિયા સરળ અને ઝડપી બને છે. આ ઉપભોક્તા મંચના નેજા હેઠળ થશે.

g) કેટલીક જોગવાઈઓનો ઉદ્દેશ ઉપભોક્તા મંચમાં ગ્રાહક વિવાદ સમાધાનની પ્રક્રિયાને સરળ કરવાનો છે. એમાં આ બાબતો સામેલ છે:

- ગ્રાહક વિવાદ સમાધાન સંસ્થાઓની નાણાકીય વિવાદમાં ચુકાદો આપવાની સત્તા વધારવી
- ગ્રાહક મંચમાં સભ્યની સંખ્યા ઓછામાં ઓછી વધારવી, જેથી ફરિયાદોનો ઝડપથી નિકાલ થાય
- પ્રાદેશિક અને જિલ્લા પંચને પોતાના ચુકાદાઓની સમીક્ષા કરવાની સત્તા આપવી
- ફરિયાદોનો ઝડપી નિકાલ કરવા માટે 'સર્કિટ બેન્ચ'ની રચના કરવી
- જિલ્લા પંચના પ્રમુખ અને સભ્યની નિમણૂક કરવા માટે સુધારાની પ્રક્રિયા
- ગ્રાહકોને ઇલેક્ટ્રોનિક માધ્યમ થકી ફરિયાદ કરવા અને ગ્રાહક મંચમાં ફરિયાદ દાખલ કરવા ગ્રાહકોને સક્ષમ બનાવવાની જોગવાઈ, જેમાં

h) ઈ-કોમર્સ માર્ગદર્શિકાઓ ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ ફરજિયાત હશે, જેમાં રિફંડની વિનંતીનો અમલ કરવા ૧૪ દિવસની સમયરેખા સામેલ હશે. ઈ-ટેલર્સને તેમની વેબસાઇટો પર ચીજવસ્તુઓ અને સેવાઓ પ્રદાન કરનાર વિક્રેતાની વિગતો દર્શાવવી ફરજિયાત બનશે તેમજ ગ્રાહકની ફરિયાદોનું નિવારણ કરવા પ્રક્રિયા શરૂ કરવી પડશે. ઈ-કોમર્સ કંપનીઓએ સુનિશ્ચિત કરવું પડશે કે ગ્રાહકની વ્યક્તિગત માહિતીની ગોપનીયતા જાળવવામાં આવે છે. ઈ-કોમર્સ કંપની અને વિક્રેતા વચ્ચે ઉત્પાદન પરત લેવાની, રિફંડની, એક્સચેન્જની, વોરન્ટી/ગેરન્ટીની, ડિલિવરી/શિપમેન્ટની, ચુકવણીની પદ્ધતિઓની, ફરિયાદ નિવારણ વ્યવસ્થા વગેરે સાથે સંબંધિત કરારની શરતો પણ દર્શાવવી પડશે, જેથી ગ્રાહકો સુમાહિતગાર નિર્ણયો લેવા સક્ષમ બનશે.

ઓનલાઇન ખરીદી કરતાં ગ્રાહકોને ડેટા ગોપનીયતા અને સુરક્ષાના ઉલ્લંઘન, ઉત્પાદનની ઊતરતી ગુણવત્તા અને બનાવટી ઉત્પાદન, પ્રાદેશિક ક્ષેત્રાધિકાર જેવી સમસ્યાનો સામનો કરવો પડે છે. ગેરમાર્ગે દોરતી જાહેરાતો, ખાસ કરીને ડિજિટલ માધ્યમમાં આ પ્રકારની જાહેરાતના કિસ્સામાં ગ્રાહક અદાલતો અથવા કેન્દ્રીય, પ્રાદેશિક અને જિલ્લા સ્તરે ગ્રાહક સુરક્ષા પરિષદ અત્યાર સુધી

ફરિયાદ સીધી હાથ પર લેવાનો અધિકાર ધરાવતી નથી. જ્યારે ગ્રાહક મંચમાં કોઈ ફરિયાદ કરે ત્યારે જ કામગીરી થાય છે અને જો ગ્રાહક અદાલતમાં ફરિયાદી ગ્રાહક કેસ કરે તો જ એને વળતર પણ મળે છે.

કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા ધારો અમેરિકામાં ફેડરલ ટ્રેડ કમિશન એટલે કે સંઘ વેપાર પંચની જેમ કામ કરશે તથા ગ્રાહકની ફરિયાદની તપાસ કરશે, ચીજવસ્તુઓ અને સેવાઓ માટે સલામતીની નોટિસ ઇશ્યૂ કરશે તેમજ ચીજવસ્તુઓ બજારમાંથી પાછી ખેંચવાનો આદેશ આપશે અને ગેરમાર્ગે દોરતી જાહેરાત સામે પગલાં લેશે. ગ્રાહક સુરક્ષા અધિકાર, ૧૯૮૬ હેઠળ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારને ખામીયુક્ત ઉત્પાદનો, સેવામાં ઊણપ, વેપારની અનુચિત રીત અથવા નિયંત્રિત વેપાર પદ્ધતિની જાણકારી મળે તો એ ઉત્પાદકો કે સેવા પ્રદાતાઓ કે વેપારીઓ સામે કાયદેસર કેસ કરવાનો અધિકાર ધરાવે છે પણ અત્યાર સુધી આપણને જોવા મળ્યું છે કે સરકારે ભાગ્યે જ કોઈ કેસ દાખલ કર્યો હોય.

ગ્રાહક અદાલતોમાં કેસ ચાલવાની પ્રક્રિયા ધીમી હોવાથી ગ્રાહક અદાલતો સાથે સંલગ્ન જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય પંચના સ્તરે મધ્યસ્થી કેન્દ્ર ગ્રાહકોને ઝડપથી ન્યાય આપવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

ગ્રાહક સુરક્ષા ધારો, ૨૦૧૯માં ૭૪થી ૮૦ સુધીની જોગવાઈ વિવાદના વૈકલ્પિક સમાધાન (એડીઆર) તરીકે "મધ્યસ્થી" માટેની જોગવાઈઓ ધરાવે છે. આ જોગવાઈઓનો ઉદ્દેશ મધ્યસ્થી સંસ્થાઓ દ્વારા ગ્રાહક વિવાદોનું સમાધાન કરવા માટે કાયદેસર આધાર પ્રદાન કરે છે, જેથી પ્રક્રિયા સરળ અને ઝડપી બની જશે. મધ્યસ્થી કેન્દ્ર ગ્રાહક પંચના નેજા હેઠળ કામ કરશે તેમજ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર મધ્યસ્થી સંસ્થાનો નિર્ણય લેશે.

નવા ગ્રાહક સુરક્ષા ધારાની કલમ-૭૪માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે રાજ્ય સરકાર ગ્રાહક મધ્યસ્થી એકમની રચના કરશે, જે ગ્રાહક અદાલતો અને દરેક પ્રાદેશિક પીઠિકા સાથે સંલગ્ન હશે. દરેક ગ્રાહક મધ્યસ્થી એકમ જેની સાથે સંલગ્ન હશે એ જિલ્લા પંચ, પ્રાદેશિક પંચ, કે રાષ્ટ્રીય પંચને ત્રિમાસિક અહેવાલ સુપરત કરશે એટલે દરેક ગ્રાહક મધ્યસ્થી એકમમાં સામેલ હશેઃ

(a) પેનલમાં સામેલ કરવામાં આવેલા મધ્યસ્થીઓની યાદી;

(b) એકમે હાથ ધરેલા કેસની યાદી;

(c) કાર્યવાહીનું રેકોર્ડિંગ અને

(d) નિયમનમાં નક્કી કર્યા મુજબ અન્ય કોઈ માહિતી.

મધ્યસ્થીની પેનલની મુદત પાંચ વર્ષ માટે હશે અને પેનલમાં સામેલ મધ્યસ્થી સભ્ય અન્ય મુદત માટે પેનલમાં ફરી સામેલ થઈ શકશે, જે નિયમનકારે નક્કી કર્યા મુજબ શરતોને આધીન છે. મધ્યસ્થતાને વિવિધ ગ્રાહક અદાલત સાથે સંલગ્ન ગ્રાહક મધ્યસ્થી એકમમાં જાળવવામાં આવશે (કલમ-૭૫). ગ્રાહક સુરક્ષા ધારો, ૨૦૧૯ પોતાના નવા પરિવર્તન સાથે ગ્રાહકોને સક્ષમ બનાવવામાં મદદરૂપ થશે અને જરૂરિયાતમંદને સમયસર ન્યાય પ્રદાન કરશે.

**સંદર્ભઃ**


1) Kapoor, Sheetal. (2019) Consumer Affairs and Customer Care, 2nd Edition, Galgotia Publishing Company.
2) Aggarwal, V.K. (2015) Consumer Protection: Law and Practice, Bharat Law House, Delhi.
3) Misra, Suresh, (2017) Is Indian Consumer Protected? One India One People.
4) Ganesan, G. and Sumathy, M. (2012) Globalisation and Consumerism: Issues and Challenges, Regal Publications.
5) The Consumer Protection Act, 1986 (Bare Act).
6) The Consumer Protection Act, 2019 (The Gazette of India)
7) www.ncdrc.nic.in
8) www.consumeraffairs.nic.in



લેખક કમલા નહેરુ કોલેજ, દિલ્હી યુનિવર્સિટીના વાણિજ્ય વિભાગના એસોશિયેટ પ્રોફેસર છે.

ઈ-મેલઃ
sheetal_kpr@hotmail.com




**Yojana Next Issue**

**January 2020**


**Environment**

# ભારતના નકશા સાથે નવા રચાયેલા કેન્દ્ર શાસિત પ્રદેશો જમ્મુ કાશ્મીર અને લદ્દાખના નકશા


સંસદની ભલામણના આધારે ભારતના રાષ્ટ્રપતિએ ભારતના બંધારણમાંની કલમ-૩૭૦ અસરકારક રીતે નાબૂદ કરી છે તેમજ જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ને મંજૂરી આપી છે. પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ અને કેન્દ્રીય ગૃહ મંત્રીની દેખરેખ હેઠળ ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ જમ્મુ અને કાશ્મીર રાજ્યને નવા કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર તેમજ નવા કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખ તરીકે પુનર્ગઠિત કરવામાં આવ્યા છે. નવા કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખમાં બે જિલ્લા કારગિલ અને લેહ છે. ભૂતપૂર્વ રાજ્ય જમ્મુ અને કાશ્મીરનો બાકીનો હિસ્સો નવો કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર બની ગયો છે. ૧૯૪૭માં ભૂતપૂર્વ રાજ્ય જમ્મુ અને કાશ્મીરમાં નીચે દર્શાવેલા ૧૪ જિલ્લા હતા – કથુઆ, જમ્મુ, ઉધમપુર, રિયાસી, અનંતનાગ, બારામુલ્લા, પૂંચ, મીરપુર, મુઝફ્ફરાબાદ, લેહ અને લદ્દાખ, ગિલગિટ, ગિલગિટ વઝારટ, ચિલ્હાસ અને આદિજાતિ પ્રદેશો. વર્ષ ૨૦૧૯ સુધીમાં, ભૂતપૂર્વ રાજ્ય જમ્મુ-કાશ્મીરની વિવિધ રાજ્ય સરકારોએ આ ૧૪ જિલ્લાના ક્ષેત્રને ૨૮ જિલ્લામાં પુનર્ગઠિત કરી દીધા હતા. આમાંથી કારગિલ જિલ્લો લેહ અને લદ્દાખ જિલ્લાના વિસ્તારમાંથી બનાવવામાં આવ્યો હતો. કારગિલ જિલ્લો બન્યા પછી ૧૯૪૭ના લેહ અને લદ્દાખ જિલ્લાના બાકી રહેલા વિસ્તારો ઉપરાંત, ૧૯૪૭ના ગિલગિટ, ગિલગિટ વઝારટ, ચિલ્હાસ અને આદિજાતિ પ્રદેશોના જિલ્લાના વિસ્તારને સામેલ કરવા માટે નવા કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખના લેહ જિલ્લાને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા બહાર પાડવામાં આવેલા જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન (મુશ્કેલીઓનો નિકાલ)ના બીજા આદેશ, ૨૦૧૯માં પરિભાષિત કરવામાં આવ્યો છે. આ આધારે, ભારતના સર્વે જનરલ દ્વારા નકશા તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજની સ્થિતિ અનુસાર ભારતના નકશા સાથે નવા કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર તેમજ લદ્દાખ દર્શાવ્યા છે. આ નકશા નીચે પ્રમાણે છેઃ





Source: Press Information Bureau.





Source: Press Information Bureau.




Source: Press Information Bureau.




Source: Press Information Bureau.

# શહેરીકરણ અને અનૌપચારિક ક્ષેત્ર

**અરૂપ મિત્રા**



આ લેખ સ્થળાંતરણ જેવા મુદ્દાઓ કેવી રીતે શહેરોની સાથે-સાથે ગ્રામીણ ભારતમાં બિનઔપચારિક ક્ષેત્ર અને સમગ્ર રીતે જીવનધોરણને પ્રભાવિત કરે છે તે વિશે ચર્ચા કરે છે. તે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં સ્થળાંતરણ, શહેરી બિનઔપચારિક ક્ષેત્ર, રોજગારી અને સામાજિક રીતે પછાત વસ્તીના પ્રસંગો કઇ રીતે એક-બીજા સાથે જોડાયેલા છે તે વિષય ઉપર પ્રકાશ ફેંકે છે. સ્થળાંતરણ બંને ગ્રામીણ અને શહેરી ગરીબી ઘટાડે છે.

વૈશ્વિકીકરણના વર્તમાન સંદર્ભમાં ઉત્પાદકીય રોજગારી તકો પ્રાપ્ત કરવાના આવશ્યક પરિબળો પૈકી સુખાકારી એક મહત્ત્વપૂર્ણ ઘટક છે. વર્તમાન સમયમાં આકાર લઇ રહેલી વૃદ્ધિ બિનઔપચારિકતાની સાથે-સાથે જોવા મળે છે, જેમ કે ઉત્પાદન પ્રક્રિયામાં પેટા-કરાર અને વિવિધ અન્ય વ્યવસ્થાતંત્ર, જેના કારણે શ્રમ પાસે ઓછી ભાવતાલ ક્ષમતા જોવા મળે છે.

સમગ્ર રીતે બિનઔપચારિકતાની પ્રક્રિયાની અંદર નોંધપાત્ર કલ્યાણ નુકસાનનો સમાવેશ અને શાસનની દૃષ્ટિએ પરિસ્થિતિ કથળવાનો ભય રહેલો છે જોકે ગ્રામીણ ક્ષેત્રમાં અપૂરતી આજીવિકાની તકોને નજર સમક્ષ રાખીએ તો એકંદરે ઓછી ઉત્પાદકતાની લાક્ષણિકતા ધરાવતું શહેરી બિનઔપચારિક ક્ષેત્ર સ્થળાંતરણ આકર્ષવાનું વલણ ધરાવે છે. આ બાબત શહેરીકરણના સંદર્ભમાં ગંભીર પડકાર ઉત્પન્ન કરે છે, જોકે ભારતીય સંદર્ભમાં ગ્રામીણ-શહેરી સ્થળાંતરણનો દર મધ્યમ હોવા છતાં ગ્રામીણ વિસ્તારોમાંથી મોટાં શહેરોમાં વસ્તીનો પ્રવાહ હંમેશા ચેતવણીજનક બની રહ્યો છે. આમ, શહેરી વૃદ્ધિ, બિનઔપચારિક ક્ષેત્રિય રોજગારી અને ઝૂંપડપટ્ટીમાં આવાસ સહિત નિમ્ન જીવનધોરણનો નોંધપાત્ર પરસ્પર આચ્છાદનનો સમાવેશ કરે છે.

ખૂબ જ સ્પષ્ટપણે એક તરફ જ્યારે વિવિધ સ્માર્ટ રણનીતિ રજૂ કરીને નવું શહેરી ભારત તમામ ક્ષેત્રોમાંથી રોકાણ આકર્ષવા અત્યંત કુશળતા ધરાવતા લોકો માટે તકોનું સર્જન કરે છે ત્યારે તે દાયકાઓથી ચાલુ રહેલા કેટલાંક શહેરી દૂષણ ધરાવવાનું પણ ચાલુ રાખે છે તેમ માનવામાં આવે છે.

**સ્થળાંતરણ અને તકો:**

ઉચ્ચ ગ્રામીણ સાક્ષરતા અને શૈક્ષણિક સ્તરમાં સુધારાઓ ગામડાંમાંથી શહેરોમાં સ્થળાંતરણના દરમાં વધારો કરે છે. ગ્રામીણ વિસ્તારોમાં વંચિત સામાજિક શ્રેણીઓની હાજરીએ પણ સ્થળાંતરણનો દર પ્રેરિત કર્યો છે, જે તે અભિપ્રાયને સમર્થન આપે છે કે તેઓ તેમની નબળાઇઓમાંથી મુક્ત થવા માટે તેઓ સ્થળાંતરિત થાય છે, જોકે સૌથી રસપ્રદ બાબત એ છે કે સ્થળાંતરણ બંને ગ્રામીણ અને શહેરી ગરીબીમાં ઘટાડો કરે છે. બીજા શબ્દોમાં શહેરો તરફ સ્થાનફેર કરીને ગ્રામીણ ગરીબો વધુ સારી આજીવિકાની તકો પ્રાપ્ત કરવા સક્ષમ બની શકે છે અને આ રીતે ગરીબીમાં ઘટાડો થાય છે. જો



તેની તરફ વ્યાપક દૃષ્ટિએ જોવામાં આવે તો નિમ્ન ઉત્પાદકીય પ્રવૃત્તિઓના નિદર્શનને ધ્યાનમાં લીધા વગર શહેરી બિનઔપચારિક ક્ષેત્ર ગ્રામીણ રોજગારી બજારના પરિદૃશ્યની સરખામણીમાં વધુ સારું જોવા મળે છે.

ગ્રામીણ અને શહેરી એમ બંને વિસ્તારમાં ઉચ્ચ શહેરીકરણ અને કાર્ય ભાગીદારી દર સ્થળાંતરણ સાથે સકારાત્મક રીતે જોડાયેલો છે, જે સૂચવે છે કે શ્રમબજારમાં રહેલા લોકોની સ્થળાંતર થવાની સંભાવના વધારે છે અને સ્થળાંતર કર્યા બાદ તેઓ શ્રમ બજારની બહાર નીકળવા કરતાં તેઓની રોજગારીમાં ચાલુ રહેવાની સંભાવના વધારે છે. નિમ્ન આવક ધરાવતાં કુટુંબોમાંથી આવતા લોકોની મોટી બહુમતી દ્વારા મુક્ત બેરોજગારી દર બિનસગવડયુક્ત હોવાના કારણે ગમે તેટલો અલ્પ હોવા છતાં જીવન ધોરણમાં સુધારો નોંધપાત્ર છે. હકીકતમાં આવું વલણ તે રાજ્યમાં પ્રચલિત છે, જે અન્ય કરતાં વધારે શહેરીકરણ ધરાવે છે.

સ્થળાંતરણ, શહેરી બિનઔપચારિક ક્ષેત્રની રોજગારી અને શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં સામાજિક રીતે પછાત વસ્તી એક બીજા સાથે સકારાત્મક રીતે જોડાયેલી છે. આ બાબત સૂચવે છે કે આવાં જૂથ સ્થળાંતર થવાની વધુ સંભાવના ધરાવે છે અને શહેરી બિનઔપચારિક ક્ષેત્રોમાં વધારો કરે છે, જોકે આ વલણ બંને ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ગરીબીના પ્રસંગોમાં ઘટાડો દર્શાવે છે. શહેરીકરણ બિન ઘરેલુ ઉત્પાદન અને સેવાકીય ક્ષેત્રમાં જોડાયેલા ગ્રામીણ અને શહેરી કાર્યબળની ટકાવારીમાં સકારાત્મક રીતે જોડાયેલું છે. આ બાબત શહેરીકરણ સાથે સુસંગત હોવાના ગ્રામીણ અને શહેરી ગરીબીના ઘટેલા પ્રમાણનું અંતર્ગત વલણ હોઇ શકે છે.

ગ્રામીણ કૃષિપ્રદાન ક્ષેત્રમાં ગરીબોનું કેન્દ્રીકરણ પ્રચલિત છે, આથી ગરીબી નિવારણના દૃષ્ટિબિંદુથી સ્થળાંતરણ સાથે અથવા તેના વગર કોઇ વૈવિધ્યીકરણ ઇચ્છનીય છે. બિનઔપચારિક ક્ષેત્રના કદ અને શહેરીકરણના વ્યાપ વચ્ચે કોઇ ચોક્કસ સંબંધ ન હોવા છતાં આજીવિકાનો સ્રોત પૂરો પાડવામાં શહેરી બિનઔપચારિક ક્ષેત્રની ભૂમિકા નજરઅંદાજ કરી શકાય તેમ નથી. હકીકતમાં ઝડપી શહેરીકરણ સાથે ગ્રામીણ પરિવર્તન ઝડપી છે, કારણ કે સકારાત્મક પ્રભાવ નવી પ્રવૃત્તિઓ અને તકોનો પ્રારંભ કરે છે.

અગાઉનાં કેટલાંક સાહિત્યએ સૂચવ્યું હતું કે બિનઔપચારિક વેપાર અને સેવાઓ અવશિષ્ટ પ્રકારની છે (ઉદલ્લ, ૧૯૭૬), જોકે બિનઔપચારિક ઉત્પાદકતાને મોટા પાયે થયેલ ઔદ્યોગિકીરણ સાથે જોડી શકાય છે. જોકે કેટલાક અપવાદ સાથે આપણે પ્રયોગમૂલ્ય માહિતી ઉપરથી નોંધ્યું છે કે ઉત્પાદકતા, વેપાર અને સેવાઓ તમામ આંતર-અવકાશીય રીતે મજબૂત જોડાણ દર્શાવે છે.

આ સિવાય સરખામણીમાં અગ્રણી રાજ્યમાં તેમનું કેન્દ્રીકરણ સૂચવે છે કે વૃદ્ધિની ગતિશીલતાએ તમામ ત્રણ પ્રવૃત્તિઓમાં સકારાત્મક રીતે અસર કરી છે. ઊંચી માથાદીઠ આવક, શહેરીકરણ અને ઔદ્યોગિકીરણ નાનાં ઉત્પાદનો અને વેપારને એકસાથે પ્રભાવિત કરી શકે છે, કારણ કે બંને પ્રવૃત્તિઓ એક બીજા સાથે પૂરક છે, જોકે સેવાઓ અને વેપાર ઉત્પાદકતા સાથે જોડાયેલું ન હોવા છતાં ઊંચી આવક નવી સેવાઓ માટે માંગનું સર્જન કરે છે, જે બિનઔપચારિક ક્ષેત્ર દ્વારા પૂરી પાડી શકાય છે. (રક્ષિત, ૨૦૦૭).

સ્વયં ખાતા સાહસો (OAEs) બિનઔપચારિક ક્ષેત્રની અંદર રહેલા એકમોની વિશાળ બહુમતીની રચના કરે છે. જોકે, સંસ્થાઓ વધારે રોજગારીનું

સર્જન કરતી હોવાનું લાગે છે, કારણ કે સંસ્થાઓમાં સાહસદીઠ શ્રમ ખૂબ વધારે છે. ફરી વખત સંસ્થાઓની અંદર વેપાર અને સેવાઓની સરખામણીમાં ઉત્પાદન વધારે રોજગાર સઘન છે.

સમગ્ર રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં સાહસ દીઠ કામદારોના સંદર્ભમાં ઉત્પાદન અને વેપાર સંસ્થાનની વચ્ચે સહસંબંધ નોંધપાત્ર (૦.૮૯) છે. જ્યારે શહેરી વિસ્તારમાં વેપાર અને સેવા સંસ્થાઓ રોજગારી કદ (૦.૬૫)ના સંદર્ભમાં સકારાત્મક જોડાણ દર્શાવે છે. આપણે તે તારણ પર આવી શકીએ કે ગ્રામીણ વિસ્તારમાં વેપાર જરૂરિયાતોમાં પરિણમતી ઉત્પાદન ગતિશીલતા સ્પષ્ટ છે, જ્યારે શહેરી વિસ્તારોમાં માલ સામાન અને સેવાઓની માંગમાં પરિણમતી આવક ગતિશીલતા નોંધપાત્ર છે.

પ્રતિકામદાર ઉમેરાયેલા કુલ મૂલ્યના સંદર્ભમાં, જોકે ગ્રામીણ-શહેરી તફાવત નોંધપાત્ર છે. શહેરી એકમોને શ્રમ ઉત્પાદકતાના ઉચ્ચ સ્તર દ્વારા સરેરાશ લાક્ષણિકતા ધરાવે છે જોકે, ગ્રામીણ વિસ્તારની અંદર સંસ્થાઓ OAEs કરતાં વધારે ઉત્પાદકીય છે અને સંસ્થાઓની અંદર, વેપાર અને સેવા ક્ષેત્ર વધારે ઉત્પાદકીય છે. બીજી તરફ શહેરી વિસ્તારોમાં OAEs કરતાં સંસ્થાઓ વધારે કાર્યક્ષમ હોવા છતાં સેવા ક્ષેત્ર વેપાર ક્ષેત્ર પછી વધારે ઉત્પાદકીય છે. આ વલણ મોટાભાગના પરંપરાગત સાહિત્યથી નોંધપાત્ર રીતે અલગ છે જે વેપાર અને સેવાઓને સૌથી ઓછા ઉત્પાદકીય ઘટકો માને છે.

શહેરી ભારત માટે અન્ય નવા પડકારો વસ્તી ગણતરી નગરોના ઉદ્‌ભવના સંદર્ભમાં કલ્પી શકાય છે. શહેરી વિસ્તારોના ઘટકો વૈધાનિક નગરો, વસ્તી ગણતરી નગરો અને શાખાકીય નગરો છે. વૈધાનિક અને વસ્તી ગણતરી નગરો વચ્ચે મહત્ત્વનો તફાવત નીચે મુજબ છેઃ મ્યુનિસિપાલિટી, કોર્પોરેશન, કેન્ટોન્મેન્ટ બોર્ડ અને નોટિફાઈડ ટાઉન એરિયા કમિટી ધરાવતાં તમામ સ્થાન વૈધાનિક શહેરોનું નિર્માણ કરે છે. બીજી તરફ નીચેના માપદંડના આધારે વસ્તી ગણતરી નગરોને વ્યાખ્યાયિત કરી શકાય છેઃ

(a) લઘુતમ ૫૦૦૦ની વસ્તી

(b) ઓછામાં ઓછા ૭૫% પુરૂષ કામદારો બિન-ખેતીકીય કામગીરીમાં જોડાયેલા હોય

(c) વસ્તીની ઘનતા પ્રતિચોરસ કિમી ઓછામાં ઓછી ૪૦૦૦ હોય

શહેરી સ્થાનિક સંસ્થા ધરાવ્યા વગર પણ કોઈ વિસ્તાર વસ્તી ગણતરી નગર બની શકે છે, જો પરિવર્તનની પ્રક્રિયા ઝડપી હોય. ૨૦૧૧ની વસ્તી ગણતરી પરથી પરિણામ દર્શાવે છે કે મોટા ભાગનાં વસ્તી ગણતરી નગર છેલ્લાં દસ વર્ષ (૨૦૦૧-૨૦૧૧) દરમિયાન ઉદ્‌ભવ્યાં છે. લગભગ સાઈઠ વર્ષ (સ્વતંત્રતાના સમયથી) ભારતમાં માત્ર ૧,૩૬૨ વસ્તી ગણતરી નગરનો અનુભવ કર્યો છે તેના કરતાં આ સમયગાળા દરમિયાન ૨,૫૦૦થી વધારે નવા નગર ઉદ્‌ભવ્યાં છે, જે માત્ર દસ વર્ષમાં ઉદભવેલાં નગર કરતા લગભગ બમણાં છે. આવા પ્રકારની ઝડપી વૃદ્ધિ શું સમજાવી શકે?

આપણે આ નવાં નગરનાં સ્થાનિક પાસાંઓને ધ્યાનમાં રાખીને વિશ્લેષણ શરૂ કરી શકીએ. શું તે મોટા ભાગે ખૂબ જ વિશાળ શહેરોની પાડોશમાં આવેલા છે? જો તેમ હોય તો પહેલાં ઉલ્લેખ કર્યો તે મુજબ આપણે તેના બીજા સૌથી શ્રેષ્ઠ ઉપાયના સંદર્ભમાં તેમના ઉદ્‌ભવ અને વૃદ્ધિને સમજાવી શકીએ છીએ, જેની જરૂર સંસ્થાઓને મોટી શહેરી વસાહતો સંતૃપ્ત થાય ત્યારે સર્જાય છે. જો વિશાળ શહેરોમાં જગ્યાની જરૂરિયાતના કારણે મોટા પાયા પર નજીકના નાના નગરમાં નવી પ્રવૃત્તિઓનું સર્જન થાય તો તે સ્વાભાવિક છે કે વસ્તીનું સ્થળાંતરણ પણ આ શહેરો તરફ જોવા મળશે. સમગ્ર રીતે આ નગરોને આર્થિક પ્રવૃત્તિઓની પ્રેરણાની પ્રતિક્રિયામાં વૃદ્ધિ પામી રહેલા સેટેલાઈટ નગર તરીકે ગણી શકાય.

નવી વસ્તી ગણતરી નગરની પ્રાદેશિક વહેંચણી તે હકીકત સૂચવે છે કે તેમાંના મોટા ભાગના કેરળ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળ (અંગ્રેજી મૂળાક્ષર અનુસાર ગોઠવેલ છે)માં કેન્દ્રિત થયેલા છે.[૧] આમાંથી મહારાષ્ટ્ર, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ સંદર્ભમાં ઔદ્યોગિકીરણ થયેલા છે, જ્યારે કેરળની વૃદ્ધિ ગતિશિલતા વાવેતર ક્ષેત્રે ભજવેલી અગ્રીમ ભૂમિકા સાથે વિશિષ્ટ છે. આથી તે માત્ર ઉત્તરપ્રદેશ છે, જેણે મધ્યમસર વૃદ્ધિને ધ્યાનમાં લીધા વગર અનેક નવાં નગરનો અનુભવ કર્યો છે, જોકે આંશિક રીતે તે તેના વાસ્તવિક કદ માટે પણ જવાબદાર હોઈ શકે – જિલ્લાની ખૂબ જ વિશાળ સંખ્યા ધરાવતાં શહેર તરીકે.

સમગ્ર રીતે તમામ કદના વૈધાનિક નગરની સંખ્યા વસ્તી ગણતરી નગરની



સંખ્યા સાથે સકારાત્મક રીતે સંકળાયેલી છે (જોકે સહસંબંધ માત્ર મધ્યમસર છે), જે સૂચવે છે કે સમગ્ર રીતે શહેરીકરણ વર્તમાન શહેરી સ્થાનમાંથી ગ્રામીણ અંતરિયાળ વિસ્તારમાં ફેલાઈ રહ્યું છે. ભગત (૨૦૧૧)એ સૂચવ્યા મુજબ, ૨૦૦૧-૨૦૧૧ના દાયકા દરમિયાન શહેરીકરણમાં અપેક્ષા કરતાં વધારે ઝડપથી વધારો થયો છે. તેવું કહેવાય છે કે, "...સ્વતંત્રતા પછી પ્રથમ વખત, શહેરી વસ્તીમાં ચોખ્ખો વધારો ગ્રામીણ વસ્તી કરતાં વધારે ઊંચો હતો. બિનવૈધાનિક વસ્તીગણતરી નગરની સંખ્યા ૧,૩૬૨ હતી અને તે ૨૦૦૧માં ૨૧.૦ મિલિયન લોકોનું રહેઠાણ હતું. આ સંખ્યામાં ૨૦૧૧માં અનુક્રમે ૩,૮૯૨ અને ૫૮.૬ મિલિયનનો વધારો થયો હતો. ૩૭.૬ મિલિયન લોકોની વૃદ્ધિ ૨૦૦૧-૧૧ના દાયકામાં શહેરી વસ્તીની કુલ વૃદ્ધિના ૪૧%નું પ્રમાણ છે (ભગત ૨૦૧૧)."

પરંતુ શું આ વસ્તી ગણતરી નગર જીવનની વાજબી ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે માળખાકીય અને મૂળભૂત સુવિધાઓથી સારી રીતે સુસજ્જ છે? આ નગરોમાં સંશાધનોનો વપરાશ સંપૂર્ણપણે બિનઆયોજિત પદ્ધતિથી હાથ ધરાઈ રહ્યો છે. વિશાળ શહેરી કેન્દ્રોની સંતૃપ્તિના પરિણામે વધારાની નવી પ્રવૃત્તિઓની ઝડપ સાથે તાલ મિલાવવામાં આ નગરમાં રહેણાંક અને માળખાકીય સુવિધાઓ અપૂરતી છે. નવા નગરો સ્થળાંતરિત કામદારોનો સમાવેશ કરવા માટે પૂરતાં પ્રમાણમાં રહેવાલાયક જગ્યા ધરાવતાં નથી, જેમની પ્રવૃત્તિઓના વધેલા કેન્દ્રિકરણ સાથે આગળ વધવાની ધારણા છે.

સામાન્ય રીતે સ્થળાંતરણ રોજગારીની ખાલી પડેલી જગ્યાની વાસ્તવિક સંખ્યા કરતાં વધારે છે, જેનો અર્થ છે કે વધારાનો બાકી રહેલો શ્રમ નિમ્ન ઉત્પાદકીય કામગીરીમાં સમાવિષ્ટ થશે. શું તેનો અર્થ તે નથી કે ઝૂંપડપટ્ટીની સમસ્યા વહેલા કે મોડા વધારે ગંભીર બનશે? વિશાળ શહેર આ પ્રકારની સમસ્યાઓ ધરાવતાં હોવા છતાં તે જ સમયે અનેક સહાયક વ્યવસ્થાતંત્રો હતાં. આ સિવાય, નાના નગર કરતાં મોટા શહેરોમાં બિનઔપચારિક ક્ષેત્રમાં વાસ્તવિક કમાણી વધુ રહે છે. મોટાં શહેર જેનો લાભ ઉઠાવે છે તે ધોરણ પરિબળને બાદ કર્યા બાદ પણ વસ્તીને નાનાં નગર દ્વારા સંશાધનો પૂરાં પાડવાની ક્ષમતા પણ ખૂબ જ મર્યાદિત છે. ટકાઉ વિકાસ માટે જરૂરી સંશાધન પેદા કરવા સંબંધિત પણ સમસ્યા રહેલી છે.

આ નગર તરફ જોવાની અન્ય પદ્ધતિ વિશાળ શહેરી કેન્દ્ર સાથે જોડાયેલા ગ્રામીણ વિસ્તારમાં બદલાતી જમીન ઉપયોગની પદ્ધતિ સમજવાની છે. કૃષિજમીનનો ઉપયોગ વધુ ને વધુ પ્રમાણમાં બિનકૃષિ હેતુઓ માટે થઈ રહ્યો હોવાથી શહેરોનો વિસ્તાર વધવાનું વલણ ધરાવે છે. આવાં નવાં નગરો ખૂબ વિશાળ શહેરની આસપાસમાં ઊભાં થાય છે. જો આવા નવા નગર કૃષિની ગતિશીલતાની પ્રતિક્રિયામાં શુદ્ધ રીતે વૃદ્ધિ પામ્યાં હોય તો વેપાર અને અન્ય બિન-કૃષિ પ્રવૃત્તિઓ માટે ત્યારબાદની માંગ માટે પરિણામો ઈચ્છનીય છે.

પરંતુ જમીન ઉપયોગમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનના પરિણામે સર્જાતી શહેરીકરણની અસર માત્ર ખાદ્ય સુરક્ષાના સંદર્ભમાં જ નહી, પરંતુ પોતાની ખેત-જમીન ગુમાવનારા લોકો માટે ટકાઉ આજીવિકા માટે પણ ખતરો પેદા કરી શકે છે. રોજગારીના મુદ્દાને ધ્યાનમાં રાખીને શ્રમની માંગ અને પુરવઠા વચ્ચે વિસંગતતા આ નગરમાં ગંભીર બની શકે છે. કેટલીક હદ સુધી અહીં કૃષિ જમીનની વૃદ્ધિ અને ઘટ વચ્ચે સમતુલા અનિવાર્ય છે, જોકે અછત અને નવા પડકારનો

સામનો કરવા પૂરતા પ્રમાણમાં સુરક્ષા કવચનું સર્જન કરવાની જરૂર છે.

બીજો પ્રશ્ન તે છે કે ખૂબ જ મોટાં શહેરોના સકારાત્મક પરિણામ સ્વરૂપે આ નવા નગરો દ્વિતીય ક્રમના શહેરોના વિકલ્પ તરીકે યોગ્ય છે કે નહીં, જે એક વખત મેગાપોલિસ અથવા ખૂબ મોટાં શહેરો તેમના સંતૃપ્તિ બિંદુ પર પહોંચી જાય ત્યારબાદ વિકાસના એન્જિનની ભૂમિકા ભજવે તેવી ધારણાં છે. સામાન્ય રીતે શહેરી આર્થિક સાહિત્યમાં આપણે જોયું છે કે એક વખત વિશાળ શહેરો આર્થિક તકોનો પૂર્ણ વપરાશ કરી નાંખે ત્યારબાદ રોકાણ, વૃદ્ધિ અને રોજગારી સર્જનના સંદર્ભમાં તેમનું સ્થાન લેવા દ્વિતીય ક્રમનાં શહેરોનો ઉદ્‌ભવ થાય છે.

આ શહેરો નવાં નાનાં નગરની સરખામણીમાં માળખાકીય સુવિધાઓના સંદર્ભમાં ચોક્કસપણે વધારે સારાં હોય છે. પરંતુ અગ્રણી ભૂમિકા ભજવવા માટે તેમના માટે રાજ્ય વચ્ચે યોગ્ય સંકલન અને શહેરી વિસ્તારમાં વૃદ્ધિની ગતિશીલતાની યોગ્ય સમજણ ધરાવતી વ્યક્તિઓની આવશ્યકતા છે. ભારતના સંદર્ભમાં આર્થિક તેમજ ભૌગોલિક પરિપ્રેક્ષ્ય સાથે વિવિધ શહેર અને નગરની વૃદ્ધિ ક્ષમતાના આધારે શહેરી રોકાણ અથવા આયોજન માટે સ્પષ્ટ પહેલ હજુ પણ ઉદ્‌ભવ થવાની બાકી છે.

**નોંધ:**

૧) નવી વસ્તી ગણતરી નગરમાં પશ્ચિમ બંગાળનું પ્રમાણ ૨૦.૭%, કેરળનું ૧૪.૩%, તમિલનાડુનું ૧૦.૪૭%, ઉત્તરપ્રદેશનું ૭.૯૪%, મહારાષ્ટ્રનું ૬.૨૪% અને આંધ્રપ્રદેશનું ૫.૩૩% છે.

**સંદર્ભ:**



- Bhagat (2011), “Emerging Pattern of Urbanisation in India”, Economic and Political Weekly, August 20, Vol. XLVI, No.34.
- Mitra Arup (2019), Rural to Urban Migration and Urban Labour Market (Chapter - 7) in Cities of Dragons and Elephants: Urbanization and Urban Development in China and India, Ed. by Guanghua Wan and Ming Lu, Published by Oxford University Press (UK).
- Rakshit, M. (2007). Services-led growth: Indian experience, Money and Finance, 3, 91–126.
- Udall, A.T. (l976). Effects of rapid increases in labour supply of on service employment in developing countries, Economic Development and Cultural Changes, 24 (4), 765–785.



લેખક નવી દિલ્હીમાં સાઉથ એશિયન યુનિવર્સિટી અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક ગ્રોથ (રજા પર) ખાતે અર્થશાસ્ત્રના પ્રોફેસર છે.

ઈ-મેલ :
arup@iegindia.rog





# કુદરતી વનરક્ષણનો વિકાસ

જી. ચંદ્રશેખર રેડ્ડી

ભારતના મોટા ભાગના વિસ્તારમાં પ્રદૂષણ એ એક મોસમી દુઃસ્વપ્ન બનવાના લીધે શહેરોને હરિયાળા આવરણના રૂપમાં વધારાના ફેફસાંની જરૂર પડે છે. તેલંગાણા રાજ્યએ ટેકનોલોજીનો ઉપયોગ કરીને અને કુદરતી વન પુનઃસ્થાપના દ્વારા ભાવિ પેઢી માટે લીલાંછમ પગલાં છોડવાની યોજનાનો ઉપયોગ કરી આ પ્રકારની પહેલ કરી છે.

પર્યાવરણીય (ઈકોલોજિકલ) સંતુલન અને જંગલની સ્થિરતાને ટકાવી રાખવા વન વ્યવસ્થાપનનો વ્યવસ્થિત અભિગમ ભારતમાં વેગ પકડતો જાય છે. વન આવરણ અને વાતાવરણ સુધારવા માટે નવીન પુનર્નિર્માણના અભિગમની શોધ કરવામાં આવે છે. ભારતમાં વૈવિધ્યપૂર્ણ આબોહવાની સ્થિતિ અને જમીનની રૂપરેખાને કારણે હજુ સુધી કુદરતી વન પુનઃ સંગ્રહ (ફોરેસ્ટ રિસ્ટોરેશન) વિશે કોઈ નોંધપાત્ર વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવ્યો નથી.

'તેલંગાણાકુ હરિતા હરમ' અંતર્ગત વાવેતર કરવામાં આવેલા રોપા અને તેનું રક્ષણ કરવા માટે સમાજના તમામ વર્ગમાં ઉત્સાહ ઉત્પન્ન થાય છે, રાજ્યનો મુખ્ય કાર્યક્રમ માત્ર વાવેતરના બદલે આખા વનનું સર્જન કરવાનો છે. એવું પણ માનવામાં આવે છે કે વાવેતરના કિસ્સામાં સાફ થયેલાં જંગલને વાવેતરની જગ્યાએ જંગલ બનાવીને વળતર મળી શકે તેમ છે.

આ પ્રોફેસર અકીરા મિયાવાકીના સિદ્ધાંતોની શોધખોળ તરફ દોરી જાય છે, જે જાણીતા જાપાનીઝ વનસ્પતિશાસ્ત્રી, છોડ પર્યાવરણશાસ્ત્રી (પ્લાન્ટ ઈકોલોજિસ્ટ) અને અધોગતિશીલ જમીન પર કુદરતી વનસ્પતિની પુનઃસ્થાપનાના નિષ્ણાત છે. તેમણે સુનામી જેવી કુદરતી આફતો સામે નીચાણવાળા વિસ્તારોને સુરક્ષિત રાખવા માટે મિયાવાકી પુનઃસ્થાપન તકનીકની શોધ કરી. મિયાવાકીનો મૂળ સિદ્ધાંત એ છે કે જમીનના નાના-નાના ટુકડામાં વૃક્ષોની ગીચતાવાળા વાવેતરની શરૂઆત એવા પ્રકારનાં વૃક્ષોથી કરવી કે જે કુદરતી આફતોથી નીચાણવાળા વિસ્તારોને સુરક્ષિત કરી શકે.

નીચલા સ્તરના વન વિસ્તારમાં કુદરતી જંગલ વિકસાવવાની એક પદ્ધતિ, અસરકારક રીતે વિકસિત કરવામાં આવે છે અને તેને યદાદ્રી નેચરલ ફોરેસ્ટ (વાયએનએફ) એસ્ટાબ્લિશમેન્ટ મોડલ તરીકે ઓળખવામાં આવે છે. આ મોડલના વિકાસમાં મિયાવાકી પદ્ધતિના સિદ્ધાંતો અને સ્થાનિક પ્રથાઓ તથા સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે.

માનવસર્જિત વન બનાવવાના લક્ષ્યની સિદ્ધિ માટે મોડલમાં મિયાવાકી સિદ્ધાંતો લાગુ કરવામાં આવે છે. અગાઉના વર્ષના વાવેતર અને પરિણામોના વ્યવસ્થિત દસ્તાવેજીકરણવાળા રેકોર્ડમાંથી અપનાવવામાં આવેલી પદ્ધતિનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે. ઉચ્ચતમ સ્તરના સરકારી અધિકારીઓ અને વૈજ્ઞાનિકો પણ તેની સાક્ષી ધરાવે છે. તેથી સફળ YNF મોડેલ વધતી હરિયાળી, આબોહવા સુધારણા અને પડતર જમીન વિકાસ તરફ ક્રાંતિકારક હસ્તક્ષેપ હોઈ શકે છે. YNF મોડલની સ્થાપના કિંમત રૂ.બે લાખ પ્રતિ એકર અથવા રૂ. પાંચ લાખ પ્રતિ હેક્ટર હોઈ શકે છે.

### ૧) પદ્ધતિ

YNF મોડેલ પાછળનો મૂળ સિદ્ધાંત એ નાના વિસ્તારોમાં ઉચ્ચ ગીચતાવાળું વાવેતર છે. છોડ અને હેક્ટરદીઠ છોડની જરૂરી સંખ્યા વચ્ચે કોઈ નિર્ધારિત અંતર નથી, તે ૧૦,૦૦૦ સુધી પહોંચી શકે છે. મોડલની સફળતા સાઈટની પસંદગી, સ્થળ વિકાસ, જમીનની પોષક વૃદ્ધિ, પ્રજાતિની પસંદગી, ખાડાઓનું પરિમાણ, વાવેતરની

**પ્રાકૃતિક વનના મિયાવાકી સિદ્ધાંતોઃ**

- છોડ વચ્ચે કોઈ નિર્ધારિત અંતર નથી.
- છોડ વાવેતર કરતાં પહેલાં માટી સંવર્ધન કરવું જ જોઈએ.
- ઔષધિઓ, ઝાડવાં અને વૃક્ષોની પ્રજાતિઓમાં પ્રતિહેક્ટર ૧૦,૦૦૦ છોડ સુધીનું ઉચ્ચ ઘનતા વાવેતર
- મૂળ જાતિનાં બીજ વાવીને સાઈટની આગળ પુરવણી.
- વાવેતર પછી ઓછામાં ઓછા આગામી વરસાદની મોસમ સુધી પાણી આપવું જોઈએ.
- નીંદણને દાબી દેવા અને બાષ્પીભવન અટકાવવા વાવેતર પછી લીલું ઘાસ, પાંદડા જેવું ખાતર પૂરવું (મલ્ચિંગ).
- જમીન ઉન્નતીકરણ કરતી વખતે વિસ્તારમાં રહેલું કોઈ પણ વૃક્ષ કાઢવું જોઈએ નહીં.
- પૂર સિંચાઈ (ફ્લડ ઈરિગેશન) ને બદલે ટેન્કર અને પાઈપ છંટકાવથી પાણી આપવાનું છે.
- વાવણી પછી આગામી વરસાદની મોસમના અંત સુધી સામયિક નીંદણ કરવું.
- ફિક્સ જેવાં અતિશય વૃદ્ધિ પામતાં વૃક્ષોની પ્રજાતિઓને ટાળવી જોઈએ.
- તમામ કદના રોપા અથવા રોપા વાવેતરને કુદરતી જંગલનો ત્રણ સ્તરનો દેખાવ આપવા માટે વાવેતર કરી શકાય છે.
- જમીનની ઉત્પત્તિની શ્રેષ્ઠ પદ્ધતિઓની પસંદગી કરવા માટે અગાઉથી કરવામાં આવેલી જમીનના ગુણધર્મોનું વિશ્લેષણ અને
- નીંદણ સિવાય અન્ય કોઈ કુદરતી રીતે ઉગાડવામાં આવતી પ્રજાતિઓને પ્લોટમાંથી દૂર કરવામાં આવશે નહીં.

રીત, કાર્બનિક જૈવિક ખાતરનો ઉપયોગ અને સિંચાઈના સમયપત્રક સહિત વાવેતર પછીના સંચાલન જેવા વિવિધ કાર્યક્રમ પર આધારિત છે.

**સાઈટ સીમાંકન અને મંજૂરી :** તે વિસ્તાર અને હાલની અનિચ્છનીય વનસ્પતિ (ટ્રેસ સિવાય)ની સ્પષ્ટ જગ્યા નિર્ધારિત કરવી જરૂરી છે. બાયોમાસ અને રોપાઓના વિસ્તારનો જથ્થો સ્થળ સીમાંકનના આધારે ગણવામાં આવે છે.

**માટી પરીક્ષણ અને સાઈટ સંવર્ધનઃ** લાંબા ગાળાના ટકાઉ વિકાસને સુનિશ્ચિત કરવા માટે, જમીનની ચકાસણી અને જમીનની વૃદ્ધિ તથા જમીન સુધારણા ખૂબ મહત્ત્વપૂર્ણ છે, ખાસ કરીને ઊંચી ઘનતાવાળા વાવેતર સંવર્ધનને આધાર આપવા અને જમીન સુધારાઓ મહત્ત્વના છે, ખાસ કરીને સ્થાપનાનાં વર્ષો દરમિયાન ઉચ્ચ ઘનતા વાવેતરને આધાર આપવા માટે સાઈટ સંવર્ધન નીચેનાં પગલાંઓ દ્વારા કરવામાં આવે છે.



સાઈટની સફાઈ



ખાતર નાખવું (યુરિયા એપ્લિકેશન)

(૧) કુલ એક એકર વિસ્તાર ૩૦ સે.મી. સુધીની ઊંડાઈ સુધી ખોદવાનો છે અને ચારે બાજુ માટી રાખવી પડશે.

(૨) ખોદાયેલા વિસ્તારને ક્રીસ-ક્રોસ રીતે ૧૦ સે.મી.ની ઊંડાઈ સુધી વાવેતર કરવું પડશે.

(૩) સૂકા અથવા લીલાં પાંદડાં અને ઘાસનો ઉપયોગ આશરે ચાર ટન છે, જે ૫ સે.મી.ની જાડાઈમાં વાવેલા વિસ્તારને આવરી લેવા માટે છે.

(૪) પછી જમીનને માટીથી ઢાંકવાની છે, જેની જાડાઈ ૧૦ સે.મી. સુધી રાખવામાં આવે છે અને સૂકાં પાંદડાં તેમજ ઘાસના સડાને તૈયાર કરવા માટે કુલ વિસ્તારને ત્રણ દિવસ સુધી પાણી પૂરું પાડવામાં આવે છે.

(૫) અળસિયાવાળું બે ટન વર્મીકમ્પોસ્ટ અને લગભગ ચાર ટન જેટલું ફાર્માયાર્ડ ખાતર (એફવાયએમ) વિસ્તાર પર ફેલાવવાનું છે.

(૬) પછી આખા વિસ્તારને ચારેય બાજુ જે માટી રાખવામાં આવી હતી તે માટીનો થર કરી ઢાંકવામાં આવે છે..

(૭) ચારેય બાજુ ડાબી બાજુની માટીથી એક નાનો બંડ રચાય છે.

(૮) માટી સાથેનો વિસ્તાર ઢાંક્યા પછી સમગ્ર વિસ્તારને સતત ત્રણ દિવસ સુધી પાણીયુક્ત કરવામાં આવે છે.

(૯) ત્રણ અઠવાડિયાં પછી આ એક એકરનો વિસ્તાર સંપૂર્ણપણે ખેડવામાં આવે છે.

(૧૦) રોપા રોપવા માટે ૩૦ ક્યુ સે.મી.ના ખાડાનો ઉપયોગ થાય છે. નાના રોપા વાવવા માટે જમીનમાં ખોસીને વાવેતર કરવામાં આવે છે.

**જમીનની વૃદ્ધિ માટે અન્ય પદ્ધતિઓ:**

**પ્રથમ પદ્ધતિ: સમુદાયની જમીનઃ**

ઢોર-બકરાં-ઘેટાં રાત્રિ દરમિયાન, ઉનાળાના મહિનામાં (માર્ચથી મે) ઓછામાં ઓછા ત્રણ મહિના સુધી મૂકવામાં આવે છે અને સમગ્ર વિસ્તારને પશુઓના છાણ અને પેશાબથી આવરી લેવામાં આવે છે જે જમીનને સમૃદ્ધ બનાવે છે. સ્થાનિક ખેડૂતોને આ પ્રક્રિયામાં જમીનની ફળદ્રુપતાને સમૃદ્ધ બનાવવા માટે, પશુઓને રાખવા માટે નાણાકીય સહાયની ઓફર કરવામાં આવે છે.

(a) જૂન મહિનામાં પ્રથમ વરસાદ દરમિયાન પ્લોટમાં વાવેતર કરવામાં આવે છે અને લીલું ખાતર પૂરવામાં આવે છે. બે મહિના પછી પ્લોટમાં ફરી વાવેતર કરવામાં આવે છે.

(b) ૩૦-ક્યુ સે.મી. ખાડામાં વાવેતર કરવું.

(c) લીલાં ઘાસ-પાંદડાં પાથરવાં (મલ્ચિંગ) માટે, ચોખાના દાણાનો ઉપયોગ કરવાને બદલે લીમડા/ગ્લિરિસિડિયા (Gliricidiasepium)ની નાની ડાળીઓનો ઉપયોગ કરી શકાય છે, કારણ કે તે જમીનમાં ભેજ જાળવી રાખે છે અને જમીનની ફળદ્રુપતામાં વધારો કરે છે.

**બીજી પદ્ધતિ: અનામત વન વિસ્તાર/ સંરક્ષિત વિસ્તારોમાં:**

(a) નીચલા સ્તરના વન વિસ્તાર-વન પુનસંગ્રહ વિસ્તારોને ઓળખો અને માટી પૂરવા સાથે પ્રારંભ કરો.

(b) કૃષિ-પાકનો કચરો વાપરો અને વિઘટન માટે પાળેલા પ્રાણીનાં છાણ ઉમેરો. કચરો જમીનની ફળદ્રુપતામાં વધારો કરશે.

(c) પ્રથમ વરસાદ દરમિયાન લીલા ખાતરનો પાક વાવો અને બે મહિના પછી ખેતી કરો.



જમીનને ૩૦ સે.મી ખોદવી



સૂકા પાંદડા અને કાટમાળ

(d) ૩૦ ક્યુ સે.મી.ખાડામાં વાવેતર થવાનું છે.

(e) ચોખાના દાણાની જગ્યાએ લીલાં પાંદડાં અને ઘાસ પાથરવા (મલ્ચિંગ) માટે લીમડા -ગ્લિરિસિડિયા (Gliricidiasepium)ની ડાળીઓનો ઉપયોગ કરી શકાય છે.

**ત્રીજી પદ્ધતિઃ શહેરી વિસ્તારમાં જંગલનો વિકાસઃ**

(a) નીચલા સ્તરના રહેઠાણ-વન પુનઃસંગ્રહ વિસ્તારને અલગ તારવો અને જમીનની ખેતી માટે પ્રયત્ન કરો.

(b) માટીને સમૃદ્ધ બનાવવા માટે સંસ્થાઓમાંથી એકત્રિત કરવામાં આવતો મોટી માત્રામાં પાંદડાવાળો કચરો, સાપ્તાહિક બજાર-/રીઠુ બઝાર (ખેડૂતોનાં બજાર) માંથી વનસ્પતિ કચરો, લોન ઘાસનો કચરો વગેરેનો ઉપયોગ કરવો. પછી અળસિયા જેવા વિઘટનકારોનો ઉપયોગ કચરાના વિઘટન માટે થાય છે. આ રીતે કચરો બાળવાનું ટાળી શકાય છે.

(c) પછી ૩૦ ક્યુ સે.મી.ખાડામાં બીજ વાવેતર કરવામાં આવશે.

(d) લીલું ઘાસ-પાંદડાં પાથરવાં (મલ્ચિંગ) માટે લીમડી-ગ્લિરિસિડિયા (Gliricidiasepium)ની નાની ડાળીઓનો ઉપયોગ કરવામાં આવશે.

**મૂળ જાતિઓની પસંદગીઃ** ઉપયોગમાં લેવામાં આવતા છોડની ગુણવત્તા અને પ્રજાતિઓની પસંદગી મહત્ત્વપૂર્ણ છે. સારા અસ્તિત્વની ટકાવારી મેળવવા માટે, સ્થાનિક વિસ્તારનો વિગતવાર અભ્યાસ કર્યા પછી મૂળ જાતિઓની પસંદગી કરવામાં આવશે. સીધા ઝાડના થડ અને મધ્યમ ફેલાવો ધરાવતી પ્રજાતિઓની પસંદગી કરવામાં આવશે. એક એકર જમીન માટે વાવેતરની આવશ્યકતા અને વાવેતરની રીત નીચે આપેલ છે :

(૧) તમામ કદના રોપાઓ અથવા રોપાના વાવેતરને કુદરતી જંગલનો ૩-સ્તરનો દેખાવ આપવા માટે વાવેતર કરી શકાય છે.

(૨) વીસ અલગ જાતિના વિવિધ કદના ૪૦૦૦ રોપાનું એક એકરમાં વાવેતર કરવામાં આવે છે.

(૩) ફિક્સ જેવી વિશાળ ફેલાતી પ્રજાતિના વૃક્ષની જાતિઓને ટાળી શકાય છે.

(૪) પાનખર પ્રજાતિઓ અને સદાબહાર પ્રજાતિઓનું સમગ્ર વિસ્તારમાં સમાનરૂપે વાવેતર કરી શકાય છે.


(૫) વાવેતર પૂર્ણ થયા પછી શુષ્ક ઘાસની ઉપરની માટીને મલ્ચિંગ માટે ઉપર ફેલાવવી પડશે.

**સિંચાઈનું સમયપત્રકઃ** પૂર સિંચાઈના બદલે ટેન્કર અને પાઈપના છંટકાવ સાથે પાણી આપવાનું છે.

**વાવેતર પછીનું સંચાલન (પોસ્ટ પ્લાન્ટિંગ મેનેજમેન્ટ):** આગામી વરસાદની મોસમના અંત સુધી સામયિક નીંદણ કરવું પડશે અને રોપાને ચરી જતાં પ્રાણીઓથી સુરક્ષિત રાખવા પડશે. તે ફેન્સિંગ અથવા ધ્યાન રાખીને કે વોર્ડ દ્વારા કરી શકાય છે. ઊંડા ખાડા કે ખાઈ ને ટાળી શકાય છે કારણ કે તે સીપેજ દ્વારા બધા પોષક તત્વો ખેંચે છે.

**(૨) પરિણામોઃ**

- એકમ વિસ્તારમાં વાવેતરની તુલનામાં ઉચ્ચ જૈવવિવિધતા





એક મહિનો જૂનું જંગલ



એક વર્ષ જૂનું જંગલ

- તે એક વર્ષની અંદર પતંગિયાં, ખિસકોલી, પક્ષીઓ, સરિસૃપ વગેરે વન્ય પ્રાણીસૃષ્ટિ માટેનું ઘર બની શકે છે
- મલ્ટિલેયર્ડ સદાબહાર વૃક્ષો સાથે કુદરતી વન દેખાવ
- એકમ વિસ્તારદીઠ વધુ કાર્બન ફિક્સિંગ
- સ્વ-ટકાઉ જંગલો.

(૩) **અમલીકરણ માટે સંભવિત ક્ષેત્રો:**

- કુદરતી જંગલોમાં ૦.૧ કરતા ઓછી ગીચતાવાળા વિસ્તારો.
- તે છોડ અને જાડા મૂળ સિસ્ટમની ઊંચી ઘનતાને કારણે જમીન અને જળસંચય માટે વનસ્પતિ માપ તરીકે કામ કરે છે.
- પાણીના સંગ્રહ માટેનાં અસરકારક પગલાં અને ચેકડેમ તથા પરકોલેશન ટાંકી જેવાં સિમેન્ટ કોંક્રિટ સ્ટ્રક્ચર્સ કરતાં કાયમી સંપત્તિ, જેને સામયિક જાળવણીની જરૂર પડે છે.
- દર વર્ષે એક લાખ છોડવાળા, દરેક ગામમાં ૧૦ હેક્ટર પ્રાકૃતિક વન બનાવી શકાય છે. દરેક ગામમાં પાંચ વર્ષના સમયગાળામાં ૫ લાખ છોડવાથી ૫૦ હેક્ટરની કુદરતી મૂડી વિકસાવવાની તક છે.

લેખક IFS, તેલંગાણા રાજ્ય વન વિભાગના એડિશનલ પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (હૈદરાબાદ સર્કલ) અને ફોરેસ્ટ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડીન છે.

ઈ-મેલ :
chandrasreddyg@gmail.com



# સહકારી માળખા સાથે પરાળ સળગાવવાની સમસ્યાનો ઉકેલ

એસ.એસ. છિના

અત્યારે ઉત્તર ભારતમાં એક નવી જ સમસ્યા બહાર આવી છે. આ રાજ્યમાં અનાજની લણણી પછી એનાં ઠૂંઠાંને બાળવાથી હવામાં મોટા પાયે પ્રદૂષણ ફેલાવવાની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને દિલ્હી સહિત ચોખાની ખેતી કરતા રાજ્યમાં ઠૂંઠાં બાળવાની સમસ્યાએ હવાનાં પ્રદૂષણની સમસ્યામાં અસહનીય વધારો કર્યો છે. ખેડૂતોએ પાક લેવા માટે સ્વીકારેલી પેટર્નના કારણે એમના માટે ઠૂંઠાં બાળવાની પ્રક્રિયા અવરોધરૂપ બની ગઈ છે. આ ઠૂંઠાં બાળવાનું એકમાત્ર કારણ એ છે કે એનાથી આ જમીનની ફળદ્રુપતા અને પાકની ઉપજ વધી શકે છે. વળી, ડાંગરની લણણી અને અન્ય મુખ્ય પાક ઘઉંનું વાવેતર કરવા વચ્ચે ઓછો સમયગાળો હોય છે. ઉપરાંત ખેડૂતો ઠૂંઠાંનો નિકાલ કરવા મર્યાદિત જગ્યા ધરાવે છે, સ્વચ્છ જમીન ઓછી ઉપલબ્ધ છે અને તેમને મર્યાદિત સમયમાં ઘઉંના બિયારણ માટે વાવેતર વિસ્તાર તૈયાર કરવાનો હોય છે.

જોકે સંપૂર્ણ સમસ્યાનો વિચાર કરીએ તો કોઈ પણ વ્યક્તિ પંજાબમાં ડાંગરના વાવેતર હેઠળનાં વિસ્તારમાં વૃદ્ધિને સરળતાપૂર્વક સમજી શકે છે, જે અવિચારીપણાનું પરિણામ નથી. હકીકતમાં એનાથી દેશમાં ખાદ્યની ખેંચની સમસ્યાનું સમાધાન કરવામાં મદદ મળી હતી. પંજાબમાં ચોખા પરંપરાગત પાક નથી પણ વીજળીની ઉપલબ્ધતામાં વધારો થતા અને ટ્યૂબ વેલની સંખ્યામાં વધારો થવાથી પંજાબમાં અનાજ-કઠોળ તથા ખરીફ સિઝનમાં અન્ય વાણિજ્યિક પાકના સ્થાને ડાંગરની ખેતીમાં વધારો થયો છે. પંજાબ ફક્ત ૧.૫% વાવેતર વિસ્તાર સાથે આશરે ૬૦% ડાંગર પ્રદાન કરે છે. ડાંગરનાં ઠૂંઠાંને બાળવા ઉપરાંત રાજ્ય રસાયણનો વધુ પડતો ઉપયોગ, પાણીનાં સ્તરમાં ઘટાડો વગેરે જેવી અન્ય સમસ્યાનો પણ ધરાવે છે.

ડાંગરનાં ઠૂંઠાંનો નિકાલ સમાધાન ન ધરાવતી સમસ્યા નથી. હકીકતમાં આ સરળ અને વળતરદાયક સમાધાન ધરાવે છે, જેનો શક્ય એટલી વહેલી તકે સ્વીકાર કરવો પડશે. પંજાબનાં ખેડૂતો એમની ક્ષમતા, વિવિધ પહેલ અને ઉદ્યોગસાહસિકતા માટે પ્રસિદ્ધ છે. તેઓ વળતરદાયક કોઈ પણ પદ્ધતિ તાત્કાલિક અપનાવી શકશે પણ ક્યારેક રાજ્ય સરકારે પ્રોત્સાહન આપવું અને આ માટે પ્રાયોજક બનવું જરૂરી બની જાય છે. રાજ્ય સરકારે ડાંગર માટે લઘુતમ ટેકાના ભાવ (MSP) જાહેર કરીને એની ખરીદી અને વેચાણ કરવાની ખાતરી આપી હતી.

રાજ્ય સરકાર ખરીદી દ્વારા ફક્ત બે પાક – ઘઉં અને ડાંગરનું વેચાણ કરવાની ખાતરી આપે છે. પણ સરકારે તાજેતરમાં અન્ય ૨૩ પાક માટે લઘુતમ ટેકાના ભાવ (એમએસપી)ની જાહેરાત કરી છે, છતાં રાજ્ય સરકાર આ પાકોની ખરીદી કરશે કે કેમ એ નક્કી નથી. ડાંગરના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેથી અનાજનો પર્યાપ્ત પુરવઠો સુનિશ્ચિત કરવા વૈકલ્પિક પાક લેવો વ્યવહારિક નહીં રહે, એટલે ઠૂંઠાં બાળવાની સમસ્યાનું સમાધાન અન્ય પગલાં દ્વારા કરવું પડશે, જેમ કે,





પેપર અને કાર્ડબોર્ડનું ઉત્પાદન, મશરુમનું ઉત્પાદન, જેમાં અનાજનાં ઠૂંઠાંનો કાચામાલ તરીકે ઉપયોગ થઈ શકશે, જોકે ખેડૂત ગમે એટલું મોટું ખેતર ધરાવતો હોય તો પણ આ પ્રકારનું એકમ સ્થાપિત ન કરી શકે એવી શંકા છે. વળી એક મોટું એકમ પણ આર્થિક રીતે વ્યવહારિક નહી બને, કારણ કે સંપૂર્ણ વિસ્તારમાં ઠૂંઠાં ફેલાયેલાં હોય છે અને એક જગ્યાએ એનું પરિવહન કરવું મોટો અવરોધ બનશે.

એટલે આ સમસ્યાનું સમાધાન કરવા માટે ડેરી ક્ષેત્રમાં સફળ પુરવાર થયેલું સહકારી માળખું સૌથી વધુ વ્યવહારિક અને ઉચિત વિકલ્પ બની શકે છે. દરેક તાલુકામાં ઓછામાં ઓછા બે કાર્ડબોર્ડ અને પેપર ઉત્પાદન એકમોની જરૂર છે. આ વિસ્તારમાં સ્થાનિક ખેડૂતો અને ખેતમજૂરોના સભ્યપદ સાથે સહકારી સોસાયટીની સ્થાપના કરી શકાશે અને આ સોસાયટીઓને ચોખાનાં ઠૂંઠાંનાં વ્યવસ્થાપન માટે સર્વોચ્ચ રાજ્ય સહકારી સંઘ સાથે સંલગ્ન કરવી પડશે.

બાયો-ગેસના ઉત્પાદન માટે ટેકનિકલ સહાય અને વિસ્તૃત સેવાની જરૂર છે, જોકે આ જ પેટર્નની સહકારી માળખાથી ખેડૂતોને મદદ મળી શકે છે અને સમગ્ર રાજ્યના ખેતમજૂરોને પણ સહાય મળી શકે છે.

પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી ડો. જી. એસ ભલ્લા એમનાં અભ્યાસમાં એ તારણ પર આવ્યાં હતાં કે ૧૦ એકરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતો માટે તેમના જીવનનુ મધ્યમ ધોરણ જાળવી રાખવા માટે પર્યાપ્ત આવક મેળવવી શક્ય નથી પણ પંજાબમાં ૮૯% ખેડૂતો એનાથી ઓછી જમીન ધરાવે છે. એટલે આ ખેડૂતો કિંમતની વધઘટ કે એનાં વેચાણનું કોઈ પણ પ્રકારનું જોખમ લઈ શકે એવી સ્થિતિમાં નથી. ચોખાનાં કેસમાં કિંમત અને વેચાણ સુનિશ્ચિત છે. આવી જ ખાતરી તેમની માલિકીની ખેતીલાયક જમીન વધારવા વૈકલ્પિક પાકો માટે મળશે.

બાસમતી ચોખાની એક જાત છે, જેનું વાવેતર નદીનાં કિનારા પર થાય છે. ભારત અને પાકિસ્તાન બંને દેશો બાસમતી ચોખાનાં મુખ્ય ઉત્પાદક છે. આ ચોખાની મધ્ય-પૂર્વ અને યુરોપના દેશો તથા અમેરિકામાં ઘણી માગ છે. સ્થિતિ એવી છે કે પુરવઠાની સરખામણીમાં માગ વધારે છે એકલું પંજાબ આ પાકની નિકાસના ઓર્ડર પૂર્ણ કરી ન શકે , છતાં આ રાજયમાં અનાજનાં ઠૂંઠાંની સમસ્યા જોવા મળે છે. બાસમતી એકમાત્ર પાક છે, જેની નિકાસ વર્ષ ૨૦૧૭-૧૮માં આશરે રૂ. ૨૬૮૮ મિલિયન (રાજકુમાર અને સિંઘ ૨૦૧૯) થઈ હતી, જેમાં પંજાબ મુખ્ય પ્રદાતા છે.

ચોક્કસ ખેડૂતોએ અનાજનાં ઠૂંઠાં બાળવાનું બંધ કરવું પડશે પણ વિસ્તૃત અને વ્યાપક સ્તરે ખાદ્ય સુરક્ષા અને ખેડૂત સમુદાયને ધ્યાનમાં રાખીને વાસ્તવિક સમસ્યાનો વિચાર કરીએ તો અનાજનાં ઠૂંઠાં બાળવવાનું સમાધાન વૈકલ્પિક પગલાં સાથે સંવેદનશીલ રીતે કરવું પડશે. આ સમસ્યાનું સમાધાન કરવા માટે સાથ સહકારનો અભિગમ સૌથી વધુ ઉચિત બની રહેશે, જે વધારે વ્યવહારિક અને લાંબા ગાળાનો છે. નાના ખેડૂતો ઓછી આવક સાથે સંતુષ્ટ થશે પણ કિંમત અને આવકની વધઘટ સાથે સંબંધિત નફા સાથે સંબંધિત જોખમ વિના તેઓ વાણિજ્યિક પાક તરફ વળીને સુનિશ્ચિત આવકને પસંદ કરશે.

**સંદર્ભ:**



1) Statistical Abstract of Punjab (2017).
2) Statistics of Punjab Agriculture, Punjab Agricultural University, Ludhiana (2017).
3) Commission for Agricultural Costs and Prices, Government of India (2016).
4) G S Bhalla. Condition of Indian Peasantry, National Book Trust (2006).
5) Raj Kumar & Jasdev Singh. Extension article on Basmati, Department of Economics and Sociology, PAU, Ludhiana (2019).



લેખક નવી દિલ્હી ખાતે ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સીઝના સિનિયર ફેલો અને અમૃતસરની ખાલસા કોલેજમાં કૃષિ વિભાગના ભૂતપૂર્વ ડીન ફેકલ્ટી છે.
ઈ-મેલ :
sarbjitchhina@yahoo.co.in

# શહેરો, પરાં વિસ્તાર અને અંતરિયાળ વિસ્તાર

વી નાથ




આપણાં શહેર ઝડપથી વૃદ્ધિ કરી રહ્યાં છે પણ શું તેઓ સંપૂર્ણ વિસ્તારની આર્થિક વૃદ્ધિને પ્રતિબિંબિત કરે છે? આ લેખ ૨૬ જાન્યુઆરી, ૧૯૬૫માં યોજનાનાં અંકમાં પ્રકાશિત થયો હતો, જેમાં ઉપરોક્ત પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. શું તેમને અગાઉથી મહાનગરોની વર્તમાન સ્થિતિનો અંદાજ આવી ગયો હતો? અંકનાં 'શહેરીકરણ' વિષયમાં અમે આ લેખને પુનઃપ્રકાશિત કરીએ છીએ, જેમાં વર્તમાન શહેરી આયોજન શહેરો અને એની આસપાસના વિસ્તારોના વિકાસ પર પાંચ દાયકા જૂનાં વિચારો અને દ્રષ્ટિકોણને કેવી રીતે પ્રસ્તુત કરે છે એ દર્શાવ્યું છે.

દુનિયાભરમાં શહેરોનું કદ ઝડપથી વધી રહ્યું છે. જ્યારે આ શહેરોમાં વસ્તીમાં વધારો થઈ રહ્યો છે, ત્યારે તેમની ભૌગોલિક હદ પણ વધી રહી છે અને એમની આસપાસનાં ગ્રામીણ વિસ્તાર આ શહેરોમાં સામેલ થઈ રહ્યાં છે. શહેરોનાં વિસ્તરણની આ પ્રક્રિયા ઔદ્યોગિક ક્રાંતિ પછી યુરોપમાં શરૂ થઈ હતી, જેણે ઓટોમોબાઇલનાં ઉદયથી વેગ મળ્યો છે. પરિણામે શહેરો અને એની આસપાસનાં વિસ્તારો વચ્ચે આદાનપ્રદાનમાં વધારો થયો છે. વળી બીજા વિશ્વયુદ્ધ પછી અત્યાર સુધીનાં બે દાયકામાં આર્થિકવૃદ્ધિને પણ વેગ મળ્યો છે.

અત્યાર સુધી પશ્ચિમ યુરોપ પૂર્વ અમેરિકા અને જાપાનના વિસ્તારોમાં આ પ્રક્રિયા ઘણી આગળ વધી ગઈ છે. આ દેશોમાં અનેક શહેરોની આસપાસનાં વિસ્તારો અને વસાહતો વિશાળ શહેરી સંકુલોમાં પરિવર્તિત થઈ ગઈ છે તથા શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચેની ભેદરેખા ભૂંસાઈ ગઈ છે. શહેરને એની આસપાસનાં ગ્રામીણ વિસ્તારથી અલગ કરતાં અગાઉ પ્રચલિત શબ્દો – શહેર, મહાનગરીય વિસ્તાર, નગર – હવે અપ્રચલિત થઈ ગયા છે અને મેગાલોપોલિસની નવી ધારણા વિકસી રહી છે. હકીકતમાં જો પ્રવર્તમાન પ્રવાહ જળવાઈ રહેશે તો દરિયાકિનારાનાં ગુજરાત રાજ્ય (અમદાવાદ અને સુરત વચ્ચે) અથવા ઉત્તરપૂર્વ ભારતમાં ધનબાદ અને કલકત્તા વચ્ચેના વિસ્તારો જેવા કેટલાંક વિસ્તારો 'મેગાલોપોલિસ' તરીકે વિકસી શકે એવી શક્યતા છે, જ્યાં શહેરની આસપાસનાં વિસ્તાર અને નગર ઝડપથી વૃદ્ધિ કરી રહ્યાં છે.

શહેરોનાં ઝડપી વિકાસ માટે મુખ્ય કારણ એની આસપાસ સ્થાપિત થઈ રહેલા ઉદ્યોગો છે. મોટાં બજાર અને મૂડી, ઉદ્યોગસાહસિકતા અને ટેકનિકલ કૌશલ્ય ધરાવતાં શહેરો વધુને વધુ ઉદ્યોગોને આકર્ષી રહ્યાં છે, ખાસ કરીને બજારલક્ષી ઉપભોક્તા ચીજવસ્તુઓનાં તથા અત્યાધુનિક ટેકનોલોજી અને સામગ્રીઓ (ઉદાહરણ તરીકે ઇલેક્ટ્રોનિક્સ, પ્લાસ્ટિક)નો ઉપયોગ કરતાં ઉદ્યોગોને. છેલ્લાં થોડાં વર્ષમાં આ પ્રકારનાં ઉદ્યોગોનો ઝડપથી વિકાસ થયો છે. ભારત જેવા દેશોમાં આ પ્રકારનો વિકાસ વધારે ઝડપથી થઈ રહ્યો છે, જેમાં શહેરો આધુનિક ઉદ્યોગના વિકાસમાં અપ્રમાણસર મોટો હિસ્સો ધરાવે છે.

જોકે શહેરી કેન્દ્રોની અંદર ઉદ્યોગોની વધારે સ્થાપના અનિચ્છનીય છે અથવા કેટલાક કિસ્સામાં અશક્ય છે

એટલે શહેરની ફરતાં વિસ્તારમાં ઉદ્યોગની સ્થાપના માટેનો અભિગમ વધી રહ્યો છે. આ વિકાસપ્રક્રિયામાં શહેરી આયોજન સાથે સંબંધિત લોકો શહેરોની બહારનાં ઔદ્યોગિક વિસ્તારો વિકસાવવા કે સેટેલાઇટ ઔદ્યોગિક વસાહતોના વિકાસને પ્રોત્સાહન આપવા ઇચ્છે છે. મુંબઈ શહેરની બહાર થાણે-કલ્યાણ રિજનમાં ઔદ્યોગિક વિસ્તારોનો વિકાસ તથા દિલ્હીની આસપાસ ફરીદાબાદ, શાહદરા અને ગાઝિયાબાદ જેવી ઔદ્યોગિક વસાહતો આ દિશામાં અગ્રેસર થઈ રહ્યા હોવાનાં ઉદાહરણ છે.

શહેરોની વસ્તી અને ભૌતિક વૃદ્ધિનું એક પરિણામ એ આવ્યું છે કે શહેરી આયોજન ધીમે ધીમે જે તે વિસ્તારનું આયોજન બની રહ્યું છે. એનો મુખ્ય વિષય શહેરની અંદર વિશેષ સંસ્થાઓ કે સુવિધાઓની નીતિઓમાંથી બદલાઈને મેટ્રોપોલિટન રિજનમાં જમીનનાં ઉપયોગની પેટર્નની સ્પષ્ટ પરિભાષા અને કામગીરી બની ગઈ છે. બીજું શહેરો એની આસપાસના વિસ્તારો સાથે પરિવહન અને સંચાર તથા વિવિધ આર્થિક સંબંધો દ્વારા વધુ જોડાઈ રહ્યાં છે એટલે સંપૂર્ણ વિસ્તારની અંદર વિકાસનું વિશ્લેષણ કરવા શહેરી આયોજનમાં એની આસપાસનાં વિસ્તારોનું આયોજન કરવા પર વધારે ધ્યાન આપવાની શરૂઆત થઈ છે. આ પ્રવાહ મોટા ભારતીય શહેરો માટે નીતિગત યોજનામાં પ્રતિબિંબિત થાય છે.

ઉદાહરણ તરીકે દિલ્હી માટે માસ્ટર પ્લાનમાં યોજનાનો એકમ દિલ્હી રાજ્યનો સંપૂર્ણ વિસ્તાર હતો, જેમાં દિલ્હી અને નવી દિલ્હી, શાહદરા નગર અને મોટો ગ્રામીણ વિસ્તાર સામેલ છે. ઉપરાંત આ યોજના શહેર અને એની આસપાસનાં પંજાબ અને ઉત્તરપ્રદેશનાં વિસ્તારની વૃદ્ધિ વચ્ચેના સંબંધ પર ધ્યાન આપે છે. એમાં થયેલા વિકાસને ધ્યાનમાં રાખવામાં આવ્યો છે (જેમ કે, મુખ્ય માર્ગોની સાથે આસપાસના વિસ્તારનો વિકાસ) તથા આ વિકાસને દિશા આપવા માટે ઘણી ભલામણ કરવામાં આવી છે. એની સૌથી મહત્ત્વપૂર્ણ ભલામણ ઉપર ઉલ્લેખિત ઉપનગરોનાં વિકાસ સાથે સંબંધિત છે. ભારતનાં ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં દિલ્હીનાં અંતરિયાળ વિસ્તારના સંબંધમાં યોજનાને ચકાસવામાં પણ આવી હતી.

## શહેર અને પરાં વિસ્તારોનાં વિસ્તારો માટેની યોજનાઃ

અત્યારે કલકત્તા માટેની સૂચિત યોજના પર કામગીરી ચાલી રહી છે, જેમાં આયોજનનો એકમ કલકત્તા શહેરની સાથે કલકત્તા મેટ્રોપોલિટન ડિસ્ટ્રિક્ટ છે – આ વિસ્તાર ૪૫૦ ચોરસ માઇલ છે, જેમાં કલકત્તા અને હાવરાનાં કોર્પોરેશનનો વિસ્તાર સામેલ છે, આશરે ૩૫ મ્યુનિસિપાલિટીઓ અને મોટી સંખ્યામાં ગામડામાં સામેલ છે. તાજેતરમાં બોમ્બે કોર્પોરેશને બૃહદ મુંબઈ એરિયા માટે યોજના બનાવી છે, જેમાં મુંબઈ શહેર તથા મોટી સંખ્યામાં પરા વિસ્તારો અને અર્ધ-શહેરી વિસ્તારો સામેલ છે, જેનું ક્ષેત્રફળ આશરે ૧૭૦ ચોરસ માઇલ છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર સરકારે આશરે ૧,૨૫૦ ચોરસ માઇલનાં બહુ મોટા વિસ્તાર માટે પ્રાદેશિક યોજના બનાવવાની કામગીરી શરૂ કરી છે, જેમાં બૃહદ્ મુંબઈનાં એરિયા ઉપરાંત થાણે જિલ્લાનાં મોટાં વિસ્તાર સામેલ છે.

## મેટ્રોપોલિટન રિજનઃ

આ પ્રકારના કેસમાં ભૌતિક આયોજનના એકમ તરીકે 'રિજન'નો સ્વીકાર થયો છે, જેને 'મેટ્રોપોલિટન રિજન' પણ કહી શકાય. એમાં શહેર તથા એની આસપાસનાં વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારો સામેલ છે. શહેરનો વિસ્તાર એના પરાં વિસ્તારમાં થાય છે અને વૃદ્ધિની માંગ, મકાન, ઉદ્યોગ, વિવિધ સામાજિક સેવાઓ, પરિવહન અને સંચાર તથા મનોરંજન માટેની સુવિધાઓ માટે જરૂરી જમીનના કારણે ભવિષ્યમાં એનો વધુ વિસ્તાર થશે. શહેર માટે ભૌતિક યોજનામાં "મેટ્રોપોલિટન રિજન"ને અંકિત કરવું પ્રથમ પગલું છે. યોજનાનો મુખ્ય ઉદ્દેશ જમીનના ઉપયોગનું નિયંત્રણ છે એટલે કે વિવિધ શહેરી ઉપયોગ માટે જમીનની ફાળવણીનું નિયંત્રણ છે. યોજના મેટ્રોપોલિટન રિજનની અંદર આર્થિક પ્રવૃત્તિની જગ્યાની પેટર્નનો નિર્ણય લે છે તથા જમીનના ઉપયોગનાં નિયંત્રણ દ્વારા આર્થિક અને સામાજિક એકમ તરીકે એનાં કામગીરી પર અસર કરે છે.

## શહેરી વિકાસમાં આસપાસનાં વિસ્તારની ભૂમિકાઃ

મેટ્રોપોલિટન વિસ્તાર ઉપરાંત શહેરી આયોજનનાં ઉદ્દેશો માટે બે અન્ય વિસ્તારો – આસપાસનાં વિસ્તારો અને અંતરિયાળ વિસ્તારો વચ્ચે ફરક કરવો ઉપયોગી છે. આસપાસનો વિસ્તાર મેટ્રોપોલિટન વિસ્તારને લગોલગ છે. આ ગ્રામીણ કે અર્ધશહેરી હોય છે પણ શહેરની આર્થિક અને સામાજિક અસરથી અતિશય પ્રભાવિત હોય છે. એનું આર્થિક જીવન એ શહેર સાથે ગાઢ રીતે જોડાયેલું હોય છે, કારણ કે મેટ્રોપોલિટન રિજનમાં

ઉદ્યોગો કે સેવા સંસ્થાઓમાં રોજગારી એનાં લોકોની આર્થિક પ્રવૃત્તિ માટેનો મુખ્ય સ્રોત હોય છે.

આ વિસ્તારમાં કૃષિ અને આનુષંગિક રોજગારીઓ શહેરની દૂધ, શાકભાજી, માંસ, મરઘાં અને અન્ય ઝડપથી બગડી જાય એવી કૃષિ ઉત્પાદનોનો પુરવઠો પાડવા સાથે સીધી જોડાયેલી હોય છે. શહેરથી દૂર રહેતાં ગ્રામીણ લોકોની સરખામણીમાં એની નજીકનાં વિસ્તારનાં લોકોનાં અભિગમ અને મૂલ્યો શહેરી જીવનશૈલીથી વધારે પ્રભાવિત થાય છે. આસપાસનાં વિસ્તારની હદ સુસ્પષ્ટ હોતી નથી. રોડ, રેલ કે એરપોર્ટ જેવી સુવિધાઓ અને ઉદ્યોગો દ્વારા સમયાંતરે વધારે નિકટતા સ્થાપિત થવાથી આ વિસ્તારની જીવનશૈલી અને મૂલ્યો પરિવર્તનને આધિન છે. સમયની સાથે આ પ્રદેશના આ આંતરિક ભાગો મેટ્રોપોલિટનની અંદર સમાવી લેવામાં આવે એવું બની શકે છે. જ્યારે ઝડપથી વિકસતાં શહેરો અને નગર એકબીજાની નજીક હોય છે ત્યારે તેમની આસપાસનાં વિસ્તાર 'મેગાલોપોલિસ'નો ભાગ બનવા જોડાઈ શકે છે.

જોકે શહેરી આયોજન માટે આસપાસનાં વિસ્તારની સ્પષ્ટપણે, સુનિશ્ચિત વિભાવના આવશ્યક છે, કારણ કે આ મેટ્રોપોલિટન રિજનની બહારનાં વિસ્તાર તરીકે અલગ પડે છે પણ શહેરી સંસ્કૃતિથી અતિશય પ્રભાવિત હોય છે. મેટ્રોપોલિટન રિજનની આસપાસના વિસ્તારની અંદર જમીનના ઉપયોગની પેટર્ન શહેરની ભવિષ્યમાં વૃદ્ધિ માટે નોંધપાત્ર રીતે મહત્ત્વપૂર્ણ છે. એના પર સતત નજર રાખવી પડશે અને જરૂરી મર્યાદામાં સૂચના આપવી જોઈએ. આસપાસનાં વિસ્તારમાં ઉદ્યોગો સ્થાપિત કરવાની જરૂરિયાત, શહેરી વિસ્તારની અંદર કેન્દ્રીકરણ અટકાવવું વગેરે કારણોના પગલે આ પ્રકારની જરૂરી સૂચના આપી શકાશે. ઉદાહરણ તરીકે બૃહદ્ મુંબઈની બહારનાં વિસ્તાર માટે તાજેતરમાં મહારાષ્ટ્ર સરકારે પ્રાદેશિક આયોજન પર કામગીરી શરૂ કરી છે, જે મુખ્યત્વે આ જરૂરિયાતોનું પ્રતિબિંબ છે. ખેતી સિવાય વિવિધ અન્ય ઉપયોગો માટે જમીન માટેની માગ પણ આસપાસના વિસ્તારમાં વધે છે, કારણ કે શહેરનો વિકાસ થાય છે અને મેટ્રોપોલિટન વિસ્તાર ભરચક થઈ ગયો છે. મુખ્ય માર્ગો અને રેલવે લાઇનોને સમાંતર બિલ્ડિંગોનું નિર્માણ, ઉદ્યોગની જોખમકારક વૃદ્ધિ અથવા હાનિકારક ઉદ્યોગોની સ્થાપના – આ તમામને પાછળથી અન્ય સ્થાને ખસેડવામાં મુશ્કેલી પડશે, ઈંટોના ભઠ્ઠાથી ફળદાયક કે ખેતીલાયક જમીનનાં મોટા વિસ્તારનો નાશ થશે, કાલ્પનિક ઉદ્દેશો માટે જમીન ખરીદવામાં આવે છે. આ તમામ બાબતો આસપાસનાં વિસ્તારમાં બિનઆયોજિત જમીનનાં ઉપયોગનાં કેટલાંક જોખમ છે.

કોઈ પણ વિસ્તારમાં જમીનનો આયોજિત ઉપયોગ અન્ય કારણસર પણ લાભદાયક છે. આ વિસ્તારનાં કેટલાંક ભાગો કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે સારી તકો પૂરી પાડે છે, જેમાં શહેરનાં બજાર માટે ઊંચા મૂલ્યની ઝડપથી બગડી જાય એવી ચીજવસ્તુઓનું ઉત્પાદન થશે. એનાથી ગ્રામીણ લોકોની આવકમાં વધારો થશે અને જીવનધોરણ સુધરશે તેમજ ઓછા ખર્ચે શહેરનાં લોકોને આ ઉત્પાદન ઉપલબ્ધ થશે એટલે એ જરૂરી છે કે જમીનનાં મોટા વિસ્તારોને બિનજરૂરી રીતે કૃષિ સિવાયની કામગીરી માટે ઉપયોગમાં ન લેવા જોઈએ.

**અંતરિયાળ વિસ્તારની વિભાવનાઃ**

અંતરિયાળ વિસ્તાર એટલે એવો વિસ્તાર, જે માટે શહેર વિવિધ વાણિજ્યિક, વહીવટી અને અન્ય સેવાઓ આપતાં સેવા કેન્દ્ર તરીકે કામ કરે છે. ઉદાહરણ તરીકે, મુંબઈ મોટું બંદર છે અને પશ્ચિમ ભારત માટે વાણિજ્યિક કેન્દ્ર છે, જેમાં સંપૂર્ણ મહારાષ્ટ્ર અને ગુજરાત તથા મૈસૂર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના કેટલાક ભાગ સામેલ છે. એ જ રીતે દિલ્હી મહાનગર ઉત્તર-પશ્ચિમ ભારતના વાણિજ્યિક અને સેવા કેન્દ્ર તરીકે કામ કરે છે. એમનાં અંતરિયાળ વિસ્તારોની અંદર આર્થિક વિકાસનાં પ્રવાહોનાં વિશ્લેષણને દરેક શહેર માટેના આયોજનમાં સામેલ કરવું પડશે, કારણ કે આ વિશ્લેષણ ભવિષ્યમાં શહેરમાં ઊભી થનારી માંગનો ચિતાર રજૂ કરી શકે એવી શક્યતા છે.

મુંબઈ જેવા મહાનગરના અંતરિયાળ વિસ્તારમાં કૃષિ, ઔદ્યોગિક કે ખનીજ ઉત્પાદનમાં મોટો વધારો એનાં બંદર પર માંગમાં વધારો કરશે તથા એનાં તરફ દોરી જતા માર્ગો અને રેલવેની માગ ઊભી કરશે. તેઓ એની બેંકિંગ, વીમા અને અન્ય સેવાઓની માગમાં વધારાનું માધ્યમ પણ બનશે. જો પેટ્રોલિયમ જેવા આયાતી ઇંધણના ઉપયોગ પર કે મોટી નિકાસની કલ્પના પર ઔદ્યોગિક કામગીરીની વૃદ્ધિ નિર્ભર હોય તો આ માંગમાં મોટો વધારો થશે.

### નાનાં નગર મેટ્રોપોલિટન શહેરનાં 'સહાયક':

મોટાં મેટ્રોપોલિટન શહેર અનેક નાનાં શહેર અને નગર દ્વારા અંતરિયાળ વિસ્તાર સાથે જોડાયેલાં છે. જેવો સંબંધ નદીઓ એની પેટાનદીઓ અને નાળાઓ સાથે ધરાવે છે, તેવો સંબંધ મોટા શહેર અને આ નાનાં શહેરી કેન્દ્રો વચ્ચે છે. પશ્ચિમ ભારતમાં મોટાં ભાગનાં નગરો બોમ્બે કે મુંબઈ સાથે આ પ્રકારનો સંબંધ ધરાવે છે. પરિણામે દરેક પોતાનાં સહાયક અને પેટાસહાયક શહેર ધરાવે છે, જેઓ નાનાં નગરો સાથે સંબંધ છે, જે ગામડાઓનાં એક જૂથને સેવાઓ પૂરી પાડે છે. મોટાં શહેરની આર્થિક અને સામાજિક અસર આ નાનાં શહેરો અને નગરો દ્વારા અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચે છે. એટલે આ રીતે અંતરિયાળ વિસ્તાર માટે સેવાઓનાં આધાર તરીકેની ભૂમિકા વાસ્તવિક અને અર્થસભર બની ગઈ છે.

નગરમાં ઔદ્યોગિક વિકાસલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે, જે મેટ્રોપોલિટન શહેરમાં કે એની નજીકમાં ઔદ્યોગિક વસાહત પર દબાણ ઘટાડવામાં મદદરૂપ થશે એવું જાણવા મળ્યું છે. એ જ રીતે અંતરિયાળ વિસ્તારમાં શૈક્ષણિક, સાંસ્કૃતિક અને અન્ય સેવા સુવિધાઓમાં વૃદ્ધિથી શહેરમાં ઉપલબ્ધ સુવિધાઓ પર દબાણમાં ઘટાડો થશે. કેટલાક નિષ્ણાતો અત્યારે આ બંને બાબતોનું સમર્થન કરે છે, જેથી કોલકાતા અને મુંબઈ જેવાં મહાનગર પર થોડું દબાણ ઘટાડવામાં રાહત મળે.

### સેવાનાં કેન્દ્ર તરીકે શહેર અને નગરઃ

નાનાં નગરના કિસ્સામાં એના માટે આસપાસના વિસ્તાર માટે શહેરી કેન્દ્રની "સેવા" પૂરી પાડવાની ભૂમિકા સૌથી વધુ મહત્ત્વપૂર્ણ બની જાય છે. તેઓ જે ગ્રામીણ વિસ્તારને સેવા પૂરી પાડે છે એમની આર્થિક વૃદ્ધિ સાથે આ શહેરોની વૃદ્ધિનો સીધો સંબંધ છે. ઉપરાંત તેઓ ગ્રામીણ વૃદ્ધિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે તેઓ આધુનિકીકરણનાં કેન્દ્ર છે. ગામડાંમાં વસતાં લોકો આ શહેરો કે નગરોમાં વાણિજ્યિક, વહીવટી, શૈક્ષણિક કે સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ મેળવવા માટે જાય છે. તેમને પ્રાપ્ત થયેલા નવા વિચારો, પ્રક્રિયાઓ અને તકનીકોનો લાભ ગામડાંને મળે છે. આ પ્રકારનાં નગરને યથાર્થ રીતે 'ગ્રામીણ સેવા કેન્દ્ર' કહી શકાય. ગ્રામીણ વિસ્તારમાં આર્થિક અને સામાજિક જીવનમાં તેમનું મહત્ત્વ વધી રહ્યું છે. ગ્રામીણ વિસ્તાર ૧૦ થી ૨૦ વર્ષ અગાઉ પ્રાપ્ત સેવા સુવિધાઓનો ઉપયોગ કરે છે અને તેઓ ભવિષ્યમાં પણ આ સેવાઓનો ઉપયોગ જાળવી રાખશે, કારણ કે તેમની વચ્ચે શિક્ષણ વધી રહ્યું છે, સ્વાસ્થ્ય સાથે સંબંધિત સેવાઓનો વ્યાપક ધોરણે સ્વીકાર થઈ રહ્યો છે અને કૃષિનું વધારે વાણિજ્યિકરણ થઈ રહ્યું છે.

કૃષિમાં ટેકનોલોજીના ઉપયોગ સાથે સંબંધિત પરિવર્તન આ નગરોની સેવા આપવાની ભૂમિકામાં મહત્ત્વપૂર્ણ પરિબળ પણ બનશે, જેથી આ નગરો વધારે મહત્ત્વ ધારણ કરશે, આ પ્રકારના પરિવર્તનને સ્વીકારવા માટે વિવિધ સુવિધાઓની જરૂરિયાતો દરેક ગામમાં પ્રાપ્ત ન થઈ શકે અને આ સુવિધાઓ નાનાં નગરો કે મોટાં ગામડાંમાંથી જ મળી શકશે. આ સુવિધાઓમાં રાસાયણિક ખાતરો, જંતુનાશકો, સિમેન્ટ અને ડીઝલ ઓઈલ, ખેતીવાડીમાં ટેક્નોલોજીનો અમલ કરવા કાર્યશાળાઓનું આયોજન અને સુવિધાઓ વગેરે સામેલ છે.


કૃષિ સાથે સંબંધિત કૃષિ પ્રોસેસિંગ ઉદ્યોગો અને અન્ય ઉદ્યોગો (ઉદાહરણ તરીકે કૃષિ ઉપકરણોનું નિર્માણ) એ જ રીતે આ પ્રકારનાં નાનાં નગરમાં સ્થિત હોવા જોઈએ, કારણ કે જિલ્લા અને ડિવિઝનલ હેડક્વાર્ટર જેવાં મોટાં નગરની જેમ વિવિધ વિશેષ સેવાઓ, કુશળ કામદારોની ઉપલબ્ધતા અને પરિવહનના ફાયદા નાનાં નગરોમાં મળશે તેમજ ગામડાંઓમાં રહેતાં વધુ ને વધુ લોકો મોટી મંડીઓનો ઉપયોગ કરશે, કારણ કે તેમના આર્થિક અને સામાજિક સ્તરમાં વધારો થશે. ઉદાહરણ તરીકે, તેમની વચ્ચે વધુ ને વધુ લોકો કોલેજો કે યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરવા માટે જવાનું તથા મોટી હોસ્પિટલમાં પ્રાપ્ત થતી વિશેષ સુવિધાઓનો ઉપયોગ કરવાનું પસંદ કરશે.

આ મહત્ત્વપૂર્ણ છે કે, નાનાં અને મધ્યમ આકારનાં શહેર-નગરની સેવા પૂરી પાડવાની અને ગામડાની વિકાસ યોજનામાં તેમનાં પ્રદાનની ભૂમિકાની ઉચિત પ્રશંસા થઈ રહી છે. આ શહેરો માટે આયોજન સાથે સંબંધિત મ્યુનિસિપલ સંસ્થાઓ અને ગ્રામીણ વિસ્તારોમાં આયોજન માટે જવાબદાર પંચાયતી રાજ સંસ્થાઓ વચ્ચે સાનુકૂળ સંબંધો સ્થાપિત કરવા પણ લાભદાયક પુરવાર થશે. આ સંબંધ જિલ્લા સ્તરે શ્રેષ્ઠ રીતે સ્થાપિત થઈ શકશે. જિલ્લા પરિષદો સાથે મ્યુનિસિપાલિટીઓનાં જોડાણ માટેની જોગવાઈ આ જરૂરિયાત પૂરી પાડે છે. કેટલાંક રાજ્યમાં આ કામગીરી થઈ છે પણ આ દિશામાં વધુ પ્રગતિ કરવાની જરૂર છે.

ભવિષ્યમાં શહેરી આયોજનમાં પ્રાદેશિક અભિગમને વધારે મહત્ત્વ આપવામાં આવશે. કોઈ શહેર કે નગર માટે લાંબા ગાળાના ભૌતિક આયોજનનું એકમ એવો વિસ્તાર ન હોવો જોઈએ, જે એની મ્યુનિસિપલ હદોની અંદર હોય પણ મોટો મેટ્રોપોલિટન રિજન હોવો જોઈએ. શહેરનો એની આસપાસ અને અંતરિયાળ વિસ્તારો સાથે સંબંધની ઉચિત કલ્પના કરવી પડશે અને એની યોજનામાં રજૂ કરવી પડશે. આસપાસના વિસ્તારોમાં આર્થિક વૃદ્ધિની દિશા માટે તથા શહેર અને એની અંતરિયાળ વિસ્તાર વચ્ચે ઉચિત સંતુલન હાંસલ કરવું આ આવશ્યક છે.

જ્યાં મોટાં-વિકસતાં શહેર અને નગર એકબીજાની લગોલગ હોય છે ત્યાં શહેર માટેની યોજના ઉપરાંત સંપૂર્ણ વિસ્તાર માટે યોજના બનાવવી લાભદાયક પુરવાર થશે. આ પ્રાદેશિક યોજનામાં વિગત ઓછી હોઈ શકે છે અને શહેરો માટે યોજના કરતાં વધારે સાનુકૂળ હોઈ શકે છે પણ એમાં કોઈ વિસ્તારનાં વિકાસની સામાન્ય દિશાની કલ્પના કરવી પડશે અને એની અંદર વિવિધ શહેર વચ્ચે આદાનપ્રદાનની વ્યવસ્થા ઊભી કરવી પડશે. લઘુ અને મધ્યમ કદનાં શહેરોની આસપાસનાં ગ્રામીણ વિસ્તારને સેવા પૂરી પાડવાની ભૂમિકાનો પર્યાપ્ત રીતે સ્વીકાર કરવો પડશે. આ શહેરી અને ગ્રામીણ પ્રગતિ એમ બંને માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ શહેરો ગ્રામીણ ભારતમાં આધુનિકીકરણનું કેન્દ્ર છે.

આ લેખ જાન્યુઆરી ૧૯૬૫ના યોજનાના શહેરીકરણ પર કેન્દ્રિત અંકમાંથી લેવામાં આવ્યો છે. ડો. વી નાથ પ્રસિદ્ધ વિકાસલક્ષી અર્થશાસ્ત્રી અને ભૂતપૂર્વ આઈએએસ અધિકારી હતા, જેમણે આયોજન પંચ, ભારતની વસ્તીગણતરી અને સંયુક્ત રાષ્ટ્રમાં કામ કર્યું હતું.



# મિશન ઇન્દ્રધનુષ ૨.૦: સૌના માટે રસીકરણ




ડિસેમ્બર-૨૦૧૯ થી માર્ચ-૨૦૨૦ દરમિયાન એક સક્રિય મિશન ઇન્દ્રધનુષ (આઈએમઆઈ) ૨.૦ હાથ ધરવામાં આવી રહ્યું છે. તેનો ઉદ્દેશ્ય અગાઉના તબક્કામાંથી શીખેલ અનુભવો પરથી તૈયાર થયેલ કાર્યક્રમ શરૂ કરવાનો છે અને તે સમગ્ર ભારતમાં ૯૦% રાષ્ટ્રીય રસીકરણના કવરેજના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેના પ્રયાસોમાં વૃદ્ધિ કરવાની આશા સેવે છે. આ કાર્યક્રમ ૨૭ રાજ્યના ૨૭૧ જિલ્લાઓ અને ઉત્તર પ્રદેશ તથા બિહારના અંતરિયાળ અને આદિવાસી વસ્તી ધરાવતા ૬૫૨ બ્લોક્સમાં શરૂ કરવામાં આવશે.

ભારત સરકાર રાષ્ટ્ર માટે આરોગ્ય અને સ્વાસ્થ્યના ઉચ્ચ સ્તરોને પ્રાપ્ત કરવા માટે સમર્પિત છે. રસીકરણનો કાર્યક્રમ એ યુનિવર્સલ હેલ્થ કવરેજ તરફ તેની કટિબદ્ધતાનો સંવેદનશીલ ઘટક છે. બાળકો માટે રસી દ્વારા અટકાવી શકાય તેવા રોગોનો બોજ ઘટાડવા અને તેમને સમગ્રતયા કાળજી પૂરી પાડવા માટેના ભારતના પ્રયાસોનો આ અભિન્ન ભાગ છે. છેલ્લા કેટલાક વર્ષમાં આ પ્રયાસો સફળ રહ્યા છે અને તેમણે સૌના માટે ગુણવત્તા, સંતુલિત અને સસ્તા આરોગ્યમાં ભારતના ભરોસાની સાબિતી આપી છે.

ભારત સરકારે ૧૯૭૮માં 'વિસ્તૃત રસીકરણ કાર્યક્રમ'ની શરૂઆત કરી હતી કે જેને પછીથી ૧૯૮૫માં 'સમગ્રતયા રસીકરણ કાર્યક્રમ (Universal Immunisation Program – UIP) એવું નામ આપવામાં આવ્યું. તેનો ઉદ્દેશ રસીકરણથી અટકાવી શકાય તેવા રોગોથી બાળકોમાં મૃત્યુદર અને રોગીષ્ઠ દશા (morbidity) ઘટાડવાનો હતો. ભારતનો રસીકરણ કાર્યક્રમ એ વિશ્વમાં સૌથી મોટો કાર્યક્રમ છે કે જે વાર્ષિક આશરે ૨૬.૫ મિલિયન નવજાત બાળકો અને ૨૯ મિલિયન ગર્ભવતી મહિલાઓને આવરી લે છે. સંતુલિત પ્રગતિ હોવા છતાં રોજિંદું રસીકરણ ખૂબ ધીમી ગતિએ આગળ વધે છે. રાષ્ટ્રીય આરોગ્ય સ્વાસ્થ્ય સર્વેક્ષણ-૪ : ૨૦૧૫-૧૬ (એનએફએચએસ-૪) અનુસાર સંપૂર્ણ રસીકરણ કવરેજ ૬૨%ની આસપાસ છે. વધતું શહેરીકરણ મોટા પાયે સ્થળાંતર કરીને આવતી અને એકાંતિક વસ્તીની હાજરી કે જેના સુધી પહોંચવું અઘરૂ છે અને અજાણ્યા તથા અજાણ લોકો તરફથી માંગનો અભાવ વગેરે રસીકરણના કવરેજને રોકતા કેટલાક કારણો છે.

રસીકરણના કાર્યક્રમોને આયોજનબદ્ધ રીતે અમલમાં મૂકીને ભારતે જીવને જોખમમાં મૂકતા રસી વડે અટકાવી શકાય તેવા રોગોને નાબૂદ કરવામાં અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત કરી છે તેમાં શીતળા, પોલિયો અને હમણાં થોડા સમયથી માતા અને નવજાત બાળકના ધનૂરનો સમાવેશ થાય છે. વધતી વસ્તી, ઓછું રસીકરણ અને સ્વચ્છતા તેમજ મુશ્કેલીભર્યા ભૌગોલિક વિસ્તારો કે જ્યાં રોગોનો ચેપ ઝડપથી લાગે છે અને રસી સુધીની પહોંચ અઘરી બની જાય છે તેવા સતત પડકાર છતાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા રસીકરણને પ્રત્યેક અંતરિયાળ બાળક સુધી પહોંચાડવા માટે અસરકારક પગલા લેવામાં આવ્યાં છે, જેવા કે સમુદાયને આ કાર્યક્રમમાં જોડવા, અન્ય મંત્રાલય અને ભાગીદાર સંસ્થાઓ પાસેથી મદદ માંગવી, આયોજનબદ્ધ સર્વેલન્સ વ્યવસ્થાની સ્થાપના કરવી અને મોટા પાયે અભિયાન વહીવટની વ્યૂહરચનાઓનું અમલીકરણ કરવું.

બાળકોના ઓછા રસીકરણ કવરેજના કારણે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ૨૦૧૪માં છેવાડાના વિસ્તારમાં રહેતા, સંવેદનશીલ, પ્રતિરોધક અને ના પહોંચી શકાયું હોય તેવા લોકોને લક્ષ્યાંક બનાવવા માટે મિશન ઈન્દ્રધનુષ (એમઆઈ)ની શરૂઆત કરી તેમાં સગર્ભા મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે કે જેઓને અગાઉ રસીકરણ આપવામાં નથી આવ્યું અથવા કાર્યક્રમ દરમિયાન તેઓ રહી ગયા છે. તેના લીધે મિશન ઈન્દ્રધનુષના પ્રથમ બે તબક્કાનું અમલીકરણ થતા સમગ્ર રસીકરણ કવરેજમાં ૬.૭%નો વધારો નોંધાયો હતો. ઓક્ટોબર-૨૦૧૭માં ભારતના પ્રધાનમંત્રીએ રસીકરણની આ પ્રગતિને ઝડપી બનાવવા માટે 'સક્રિય મિશન ઈન્દ્રધનુષ (Intensified Mission Indradhanush -IMI)નો' પ્રારંભ કરાવ્યો. તેનો ઉદ્દેશ્ય ખૂબ ઓછું સ્તર ધરાવતા જિલ્લા અને શહેરી વિસ્તારો ઉપર લક્ષ્ય સાધીને ૯૦% સંપૂર્ણ રસીકરણ કવરેજ (FIC)ને પ્રાપ્ત કરવાનો હતો. આરોગ્ય સિવાયના ક્ષેત્રોને સહભાગી બનાવીને વસ્તીના બહોળા સમુદાય સુધી પહોંચવા માટે વધારાની વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને મિશન ઈન્દ્રધનુષ ઉપર સક્રિય મિશન ઈન્દ્રધનુષની રચના કરવામાં આવી હતી. તે એક રોજીંદા રસીકરણ કાર્યક્રમને એક જનઆંદોલન અથવા "લોકો"ની ચળવળમાં પરિવર્તિત કરવાનો પ્રયાસ હતો. તેનો ઉદ્દેશ્ય સમુદાયને સક્રિય બનાવવાનો અને રસીકરણ સુધી પહોંચવા માટે આવતા પડકારોનો સામનો કરવાનો હતો.

રાષ્ટ્રીય સ્તરે આરોગ્ય અને આરોગ્ય સિવાયનાં ૧૨ મંત્રાલયો સાથેનું સંકલન કેન્દ્રીય સચિવાલય દ્વારા હાથ ધરવામાં આવતું હતું. જિલ્લામાં આ ભાગીદારી જિલ્લા સ્તરીય ટાસ્ક ફોર્સના માધ્યમથી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સંકલિત કરવામાં આવતું હતું. પેટા જિલ્લાઓમાં ફિલ્ડ વર્કર્સ અને આરોગ્ય તથા અન્ય મંત્રાલય વચ્ચે સીધો સંવાદ થતો હતો.

સક્રિય મિશન ઈન્દ્રધનુષે ભારતમાં ૧૯૦ પસંદ કરાયેલ જિલ્લામાં સંપૂર્ણ રસીકરણ ધરાવતાં બાળકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો કર્યો છે. તેણે એ બાબત દર્શાવી છે કે આંતર વિભાગીય ભાગીદારી સૌથી વધુ ચેપનું જોખમ ધરાવતાં બાળકોને રસી પૂરી પાડવામાં અસરકારક નિવડી શકે તેમ છે. આમ છતાં, આયોજનબદ્ધ અને અભ્યાસને લગતાં પરિવર્તનો, ખાસ કરીને કોમ્યુનિકેશન સ્ટ્રેટેજીને લગતાં આ પહોંચને વધુ અસરકારક બનાવવા માટે અમલમાં મૂકવાની હજુ જરૂર છે. એકંદરે કાર્યક્રમના તમામ તબક્કાઓ અંતર્ગત આશરે ૩.૩૯ કરોડ બાળકો અને ૮૭.૧૮ લાખ ગર્ભવતી મહિલાઓએ રસીકરણ પ્રાપ્ત કર્યું છે અને હજારો સગર્ભા મહિલાઓ અને બાળકોના જીવનની ગુણવત્તામાં અદ્‌ભુત સુધારો દર્શાવ્યો છે.

**મુખ્ય લાક્ષણિકતાઓ:**

- રસીકરણની આ પ્રવૃત્તિ આરઆઈ દિવસો, રવિવાર અને રજાના દિવસો સિવાયના કામકાજના ૭ દિવસો દરમિયાન ચાર રાઉન્ડમાં યોજાશે;
- અન્ય વિભાગો દ્વારા અનુકૂળ સમય, મોબાઇલ સત્રો અને ગતિશીલતા સાથે સુધારેલા રસીકરણનાં સત્રો
- છોડી દેવામાં આવેલા, છૂટી ગયેલા અને સંવેદનશીલ પરિવારો તેમજ અંતરિયાળ વિસ્તારોમાં રહેતા પરિવારો ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત;
- શહેરી, તરછોડી દેવામાં આવેલ વસ્તી અને આદિવાસી વિસ્તારો પર ધ્યાન;
- આંતર-મંત્રાલય અને આંતર-વિભાગીય સંકલન;
- હિમાયતના માધ્યમથી વધુ સુધારેલ રાજકીય, વહીવટી અને નાણાકીય પ્રતિબદ્ધતા;
- ડિસેમ્બર-૨૦૧૯ થી માર્ચ-૨૦૨૦ દરમિયાન પસંદ કરાયેલ જિલ્લા અને શહેરી નગરોમાં રસીકરણના ૪ તબક્કા ધરાવતા સક્રિય મિશન ઈન્દ્રધનુષ રસીકરણ ડ્રાઈવનું આયોજન કરવામાં આવશે;
- પ્રસ્તાવિત ૪ તબક્કાઓની પૂર્ણાહુતી થયા બાદ રાજ્યએ સક્રિય મિશન ઈન્દ્રધનુષમાંથી મળેલ લાભને ટકાવી રાખવા માટે પગલાં લેશે. આ માટે તેઓ રોજિંદાં રસીકરણનાં આયોજનમાં આઈએમઆઈ સત્રનો સમાવેશ કરી શકાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરી શકે છે. સર્વેક્ષણના માધ્યમથી આઈએમઆઈની સંતુલિતતા તપાસવામાં આવશે.

હવે સરકાર ડિસેમ્બર-૨૦૧૯થી માર્ચ-૨૦૨૦ દરમિયાન એક સક્રિય મિશન ઈન્દ્રધનુષ (આઈએમઆઈ) ૨.૦ હાથ ધરવા સજ્જ છે. તેનો ઉદ્દેશ્ય અગાઉના તબક્કામાંથી શીખેલ અનુભવો પરથી તૈયાર કરેલ કાર્યક્રમ શરૂ કરવાનો છે અને તે સમગ્ર ભારતમાં ૯૦% રાષ્ટ્રીય રસીકરણના કવરેજના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેના પ્રયાસોમાં વૃદ્ધિ કરવાની આશા સેવે છે. આ કાર્યક્રમ ૨૭ રાજ્યના ૨૭૧ જિલ્લા અને ઉત્તર પ્રદેશ તથા બિહારના અંતરિયાળ અને આદિવાસી વસ્તી ધરાવતા ૬૫૨ બ્લોકસમાં શરૂ કરવામાં આવશે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, પંચાયતી રાજ, આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય, યુવા બાબતોનું મંત્રાલય સહિત અનેક મંત્રાલય આ મિશનને પ્રચંડ સફળતા અપાવવા અને છેક છેવાડાના ઘર સુધી રસીકરણના લાભ પહોંચાડવા માટે કેન્દ્ર સરકારને સહાયતા કરવા એકત્રિત થશે.

પસંદ કરાયેલ લાભાર્થીઓને ઓળખી કાઢવા માટે સમુદાય, નાગરિક સમાજ અને યુવાનો સાથે નજીકથી કામ કરવા માટે અન્ય મંત્રાલય, વિભાગો, સંસ્થાઓ સાથે ઘનિષ્ઠ ગઠબંધન કરવામાં આવશે. સેવાભાવી સંસ્થાઓ, સીએસઓ, એનએસએસ, એનસીસી, નહેરુ યુવા કેન્દ્ર અને એમએસડબ્લ્યુ ચાલકો તરીકે આમાં જોડાશે. ડબ્લ્યુએચઓ, યુનિસેફ, યુએનડીપી, આઈપીઈ ગ્લોબલ, રોટરી ઈન્ટરનેશનલ જેવા વિકાસના ભાગીદારો સરકારના પ્રયાસોને ટેકો આપશે અને ટેકનિકલ સપોર્ટ યુનિટ્સ (ટીએસયુ) કાર્યક્રમની જરૂરિયાત અનુસાર પસંદ કરાયેલ રાજ્યમાં ઊભા કરવામાં આવશે.

સક્રિય મિશન ઈન્દ્રધનુષ ૨.૦ના પ્રારંભ સાથે ભારત પાસે પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોમાં મૃત્યુદરને ઘટાડવા અને ૨૦૩૦ સુધીમાં અટકાવી શકાય તેવા બાળ મૃત્યુદરને ખતમ કરવાના સંતુલિત વિકાસના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટેની ઉજ્જવળ તક છે.

ભૂતકાળની સફળતાઓ પરથી શીખીને, પડકારોમાંથી શીખીને અને સમગ્ર શેરધારકોનાં જૂથોના પ્રયાસોને મજબૂત બનાવીને દેશ રોગ મુક્ત ભારતના પોતાના લક્ષ્યાંકને પ્રાપ્ત કરી શકે છે. આ યાત્રામાં રસી એ સાચા અર્થમાં ગંભીર ઘટકતત્ત્વ અને આપણા વર્તમાનને સુરક્ષિત બનાવવાની અને આપણી આગામી પેઢીઓ માટે તંદુરસ્ત આવતી કાલનું નિર્માણ કરવા માટેની ચાવી છે.
સ્ત્રોત: આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર.

# Employment News

## Leading Weekly Journal on Job Opportunities










Subscribe e-version at
www.e-employmentnews.co.in

For details to book a copy
visit us at: www.employmentnews.gov.in & www.rojgarsamachar.gov.in

facebook page
facebook.com/director.employmentnews
follow us @Employ_News

**Publications Division**
Ministry of Information & Broadcasting
Government of India

**Employment News**
7th Floor, Soochna Bhawan
C.G.O Complex, Lodhi Road, New Delhi-110003
Ph. 24367453
E-Mail: enewscirculation@gmail.com

**Yojana (Gujarati)**

*A Development Monthly*

**Publications Division**

Ministry of Information & Broadcasting

Government of India

## Subscription Form

**Our New Address: 'Yojana'** (Gujarati) Office, Publications Division, Min. of I&B, Govt of India
C/o. Press Information Bureau, 2nd Floor, Akhandanand Hall, Mother Teresa Road
Near CNI Church, Bhadra, Ahmedabad-380001 (Gujarat)

**E-mail: yojanagujarati@gmail.com** | **Phone:** (079) 26588669
For subscription queries, Mon-Friday from 2 PM to 4 PM

Kindly send this subscription form with DD / Cheque in favour of
**"SBI A/c No. 515-08-10 Yojana (Guj.)"** to our office address or may pay by cash in person.

**(Pls tick one)** [For New Subscription / Renewal / Change of Address]

I want to subscribe **'Yojana' (Guj.)** for (select any one):
Subscription: 1 **Yr : ₹ 230 / 2 Yrs : ₹ 430 / 3 Yrs : ₹ 610**

[For **'Yojana'** in **English / Hindi** / other language, please contact Editor, Journals Unit, **New Delhi Office**: pdjucir@gmail.com • **Phone:** (011) 24367453 – Mon to Fri 11 AM to 5 PM

| | |
|---|---|
| **New Subscriber / Existing Subscriber Number:** | |
| **Subscriber's Profile :** Student/ Professional/Institution/Library/Other | |
| **DD No. / Cheque No.:** | |
| **Dated:** | |
| **Name of Bank:** | |
| **Branch (City):** | |
| **Full Name (in block letters) :** | |
| **Complete Address** (House No./ Flat No./ Office Name, Room No. Floor No, Society, building, lane, road, area, **landmarks**, detailed address are Compulsory): | |
| **Pin code** (Compulsory): | |
| **E-mail ID** (Compulsory): | |
| **Mobile / Phone No. :** | |
| **Signature:** | **Place:** |

For renewal / change in address, kindly fill this form and mail to **"yojanagujarati@gmail.com"** (with Cheque / DD)

For online subscription: (1) https://bharatkosh.gov.in/Product/Product
(2) https://www.publicationsdivision.com/beta01/, (3) http://yojana.gov.in

**Important:** If subscribed online, kindly send your name, complete address, e-mail, contact no. to **"yojanagujarati@gmail.com"** with payment info. without fail to ensure timely delivery.

## પુસ્તક 'કોર્ટસ ઓફ ઈન્ડિયાઃ પાસ્ટ ટુ પ્રેઝન્ટ'ની આસામી આવૃત્તિનું વિમોચન કરાયું




ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ રંજન ગોગોઈએ ગોહાટીમાં તા.૧૦ નવેમ્બર, ૨૦૧૯ના રોજ 'કોર્ટસ ઓફ ઈન્ડીયાઃ પાસ્ટ ટુ પ્રેઝન્ટ' નું વિમોચન કર્યું હતું. આ પુસ્તકમાં અદાલત અને ભારતની જ્યુડિશિયલ સંસ્થાઓના સમૃદ્ધ અને સંકુલ પ્રકારના ઈતિહાસની ઝલકને એકત્રીત કરાઈ છે. પબ્લિકેશન ડિવિઝન દ્વારા પ્રકાશિત કરાયેલા આ પુસ્તકનું વિમોચન કરતાં જસ્ટિસ ગોગોઈએ પુસ્તકને ન્યાયનું સ્થાપત્ય ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે આ પુસ્તક ભારતની ન્યાય પ્રણાલીને ખૂબ સુંદર રીતે વ્યક્ત કરે છે.

જસ્ટિસ ગોગોઈએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કાનૂનના વિદ્યાર્થીઓએ આ પુસ્તક વાંચી જવું જોઈએ. આસામના મુખ્ય મંત્રી સરબાનંદ સોનોવાલ, મુખ્ય ન્યાયમૂર્તિ શરદ અરવિંદ બોબડેની સાથે અન્ય મહાનુભાવોએ આ સમારંભમાં હાજરી આપી હતી. એકત્ર થયેલા સમુદાયને સંબોધન કરતાં શ્રી સોનોવાલે જણાવ્યું હતું કે આ પુસ્તક આસામની તમામ સરકારી લાઈબ્રેરીઓને પૂરુ પાડવામાં આવશે. જસ્ટિસ બોબડેએ પોતાના પ્રવચનમાં આ પુસ્તકને ખૂબ જ સુંદર સંગ્રહ સમાન ગણાવ્યું હતું. જસ્ટિસ બોબડેએ કહ્યું કે આ પુસ્તકનો અન્ય ભાષામાં પણ અનુવાદ થાય તે માટે હું આશાવાદી છું. આ સમારંભમાં ઑલ ઈન્ડિયા રેડિયોના (ન્યૂઝ) અને પ્રકાશન વિભાગના પ્રિન્સિપલ ડિરેક્ટર જનરલ ઈરા જોષી હાજર રહ્યા હતા. આ પુસ્તકનું અગાઉ અંગ્રેજી ભાષામાં વિમોચન કરવામાં આવ્યું હતું અને તેમાં દેશની અદાલતોના ઈતિહાસમાં બનેલી ઐતિહાસિક ઘટનાઓને આવરી લેવામાં આવી છે.

(સ્રોતઃ તા.૧૦ નવેમ્બર, ૨૦૧૯નો ઑલ ઈન્ડિયા રેડિયોનો અહેવાલ.)

## શું તમે જાણો છો? ભારતના નવા મુખ્ય ન્યાયમૂર્તિઃ જસ્ટિસ શરદ અરવિંદ બોબડે



રાષ્ટ્રપતિ ભવનના દરબાર હૉલમાં તા.૧૮ નવેમ્બર, ૨૦૧૯ના રોજ યોજાયેલા એક સમારંભમાં ન્યાયમૂર્તિ શરદ અરવિંદ બોબડેએ ભારતની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે શપથ લીધા છે. તેમણે રાષ્ટ્રપતિ સમક્ષ તેમના પદ અંગે શપથ લીધા હતા. ન્યાયમૂર્તિ શ્રી શરદ અરવિંદ બોબડે ૧૨ એપ્રિલ, ૨૦૧૩થી સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશ છે. અગાઉ તેઓ ૧૬ ઓક્ટોબર, ૨૦૧૨થી ૬ માસ સુધી મધ્ય પ્રદેશ હાઈકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે સેવા આપી ચૂક્યા છે. તેઓ ૨૯ માર્ચ, ૨૦૦૦થી મુંબઈ હાઈકોર્ટમાં એડિશનલ જજ અને ૨૮ માર્ચ, ૨૦૦૨થી કાયમી જજ રહી ચૂક્યા છે. ન્યાયમૂર્તિ શ્રી બોબડેનો જન્મ તા.૨૪ એપ્રિલ, ૧૯૫૬ના રોજ થયો હતો અને તા.૧૩ સપ્ટેમ્બર, ૧૯૭૮ના રોજ તેમણે એડવોકેટ તરીકે નોંધણી કરાવી હતી. તેમણે તેમની પ્રેક્ટિસની શરૂઆત નાગપુર હાઈકોર્ટની બેંચમાં કરી હતી તથા પ્રસંગોપાત નાગપુરની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં પણ પ્રેક્ટિસ કરી છે. તેમણે મુંબઈ હાઈકોર્ટમાં અને સર્વોચ્ચ અદાલતમા સિવિલ, બંધારણીય, કંપની, ચૂંટણી અને કરવેરાની બાબતોમાં પ્રેક્ટિસ કરી છે. (સ્રોતઃ www.nalsa.gov.in, પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરોના તા.૧૫ નવેમ્બર, ૨૦૧૯ના અહેવાલના આધારે.)

# ૨૧મો ઉત્તર પૂર્વ પુસ્તકમેળો


પ્રકાશન વિભાગે તા.૧ થી ૧૨ નવેમ્બર, ૨૦૧૯ દરમિયાન ઓલ આસામ પબ્લિશર્સ એન્ડ બુક સેલર્સ એસોસિયેશન દ્વારા આયોજિત ૨૧મો ઉત્તર પૂર્વ પુસ્તકમેળો, ૨૦૧૯માં ભાગ લીધો હતો. આસામના રાજ્યપાલ અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આ મેળાનું ઉદ્ઘાટન માનનીય ઉપરાષ્ટ્રપતિ દ્વારા કરાયું હતું. પ્રિન્સિપલ ડાયરેક્ટર જનરલ, પબ્લિકેશન્સ ડિવિઝન અને એઆઈઆર ન્યૂઝ, ઈરા જોશીએ પણ સ્ટોલની મુલાકાત લીધી હતી અને પુસ્તકો દ્વારા આસામની કલા સંસ્કૃતિ અને પરંપરાને પ્રોત્સાહન આપવા બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યાં હતાં. Source: AIR, reported on 8 November, 2019.








## અમારાં પુસ્તકો વિશે





### ગુરુ નાનક
### લેખક / સંકલનકાર - **પ્રકાશન વિભાગ**

શીખ ધર્મના સ્થાપક ગુરુનાનક પ્રથમ શીખ ગુરુ બન્યા અને તેમના આધ્યાત્મિક ઉપદેશોએ નાખેલા પાયાના આધારે શીખ ધર્મની રચના થઈ. એક ધાર્મિક સંશોધનકાર તરીકે પ્રખ્યાત નાનક તેમના ઉપદેશોને ફેલાવવા માટે દક્ષિણ એશિયા અને મધ્ય પૂર્વમાં ફર્યા. તેમણે એક ભગવાનના અસ્તિત્વની હિમાયત કરી અને તેમના અનુયાયીઓને શીખવ્યું કે દરેક મનન અને અન્ય ધર્મનિષ્ઠા દ્વારા ભગવાન પાસે પહોંચી શકાય છે. રસપ્રદ વાત એ છે કે તેમણે સાધુત્વને ટેકો આપ્યો નહોતો અને પોતાના અનુયાયીઓને પ્રામાણિક ગૃહસ્થ જીવન જીવવાનું કહ્યું. આ સંકલન સૌ પ્રથમ ગુરુના ૫૦૦ વર્ષ પૂરા થવાના પ્રસંગે બહાર પાડવામાં આવ્યું હતું. નાનકનો જન્મ અને આ સુધારેલી આવૃત્તિ તેમની ૫૫૦મી જન્મજયંતિ પ્રસંગે શ્રદ્ધાંજલિ છે.

કિંમત: રૂ. ૧૮૫. ISBN-978-81-230-3221-4, PDBN-CLI-ENG-REP-102-2019-20.

---




### ગ્રાહક સુરક્ષા માટેના નવા પગલાં
### લેખક : ડૉ. શીતલ કપૂર

ઉપભોક્તા એ વ્યવસાય અથવા અર્થતંત્રનું એક મહત્ત્વપૂર્ણ પાસું છે, કારણ કે તે એક સિદ્ધાંત સાથે સંબંધિત છે, જે ખરીદદારો અને વપરાશકર્તાઓના વચ્ચે માલસામાન અને સેવાઓનો વપરાશ વધારવામાં મદદ કરે છે. તે આ જૂથના અધિકારો અને હિતોનું રક્ષણ કરે છે. આ પુસ્તક ભારત તથા વિદેશમાં અપનાવવામાં આવતી અન્ય ઘણી નીતિઓ દ્વારા ગ્રાહકતાના સમયમાં ગ્રાહકોના અધિકારોને પ્રોત્સાહન અને રક્ષણ આપવાનો પ્રયાસ કરે છે. તે ઉપભોક્તાઓના શોષણ અને ગેરકાયદે વ્યવહારને અટકાવવા સાથે ગ્રાહકોને માહિતીપ્રદ પસંદગીઓ આપવામાં મદદ કરશે. આ પુસ્તકનો હેતુ ગ્રાહકોની જાગૃતિ અને ફરિયાદોના ઝડપી નિવારણની સુવિધાનો છે, જે તેમનાં હકો અને હિતોનું રક્ષણ કરે છે. ડૉ. શીતલ કપૂર, લેખક, કમલા નહેરુ કોલેજ, દિલ્હી યુનિવર્સિટીમાં ભણાવે છે.

કિંમત : રૂ. ૨૭૦. ISBN- 978-81-230-3212-4, PDBN- SS-ENG-OP-099-2019-20.


પ્રકાશન તા. ૧ ડિસેમ્બર, ૨૦૧૯
પોસ્ટિંગ તા. ૭ ડિસેમ્બર, ૨૦૧૯

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2018-2020
VALID UPTO 31-12-2020 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 7TH OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. PMG/HQ/051/2018-20 VALID UPTO 31-12-2020

**YOJANA (GUJARATI), DECEMBER-2019** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક:
તંત્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, C/O પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરો,
અખંડાનંદ હોલ, બીજો માળ, મધર ટેરેસા રોડ,
સીએનઆઈ ચર્ચની નજીક, ભદ્ર,
અમદાવાદ-૩૮૦૦૦૧. ગુજરાત.




Printed & Published by K. Syama Prasad D G and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.
**Regional Office:** Editor, Yojana Office, Publications Division, Ministry of I&B, Government of India
C/o Press Information Bureau, Akhandanand Hall, 2nd Floor, Mother Teresa Road, Near CNI Church, Bhadra, Ahmedabad-380001. Gujarat.
**For subscription, purchase, advertisements & discount policy, contact : yojanagujarati@gmail.com or (079) 26588669 (Mon-Fri).**
Printed by Print Vision Pvt. Ltd., Opp. Ashwamegh Elegance-II, Ambawadi Bazar, Ambawadi, Ahmedabad-380006.